Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) • समानी प्रपा । (अथर्ववेद)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૧૯ ઑક્ટોબર : ૨૦૨૪ અંક : ૪ ₹ 20

ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર

ગુજરાતી સાહિત્યકોશ

ખંડ ૧

મધ્યકાળ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૫૮૪. કિંમત રૂ. ૮૦૦-૦૦

કોશના આ ખંડ-૧માં ઈ.સ. ૧૧૫૦થી ૧૮૫૦ સુધીના સમયગાળામાં થયેલા કવિઓ અને તેમની રચનાઓવિષયક તમામ વિશ્વાસપાત્ર માહિતી આપવામાં આવી છે. આ કોશમાં મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલી, કાવ્યગુણે ઉત્તમ, મનુષ્યજીવનનાં રહસ્યોને ઉકેલવાની ચાવીઓ પૂરી પાડતી અને મુદ્રિત સ્વરૂપે મળતી કૃતિઓનાં સંખ્યાબંધ અધિકરણ ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ચંદ્રકાન્ત શેઠ વગેરે જેવા તજ્જ્ઞોએ લખ્યાં છે. મધ્યકાળમાં જે સાહિત્ય રચાયું છે તે તમામને એકસાથે સંકલી લેવાનો અહીં પ્રયત્ન છે. અહીં જૈન, સ્વામીનારાયણ, નાથસંપ્રદાય વગેરેના ૧૯૦૦ જેટલા કવિઓની ૩૦૦૦ ઉપરાંત સાહિત્યરચનાઓ વિશેનાં અધિકરણ મળશે. આ બધાં જ અધિકરણ નિષ્ણાત સંશોધકોએ તૈયાર કર્યાં છે.

આ ઉપરાંત અહીં કવિ કે કૃતિવિષયક મળતી તમામ સામગ્રીનો સંદર્ભ પ્રત્યેક અધિકરણને અંતે આપવામાં આવ્યો છે જે અભ્યાસીને સામગ્રીના મૂળ સુધી લઈ જશે.

ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૯ ઑક્ટોબર : ૨૦૨૪ અંક : ૪

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી
પ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

યોગેશ જોષી
ઉપપ્રમુખ

દર્શક આચાર્ય
ઉપપ્રમુખ

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે:

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને:

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું:** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સ: ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધ: 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ-૯/૧૦ - હર્ષદ ત્રિવેદી, ૬**

કવિતા

◈ ● **ચાર ગઝલ** - અરવિંદ ભટ્ટ, ૮-૯ ● **ચાર ગઝલ** - હર્ષ બ્રહ્મભટ્ટ, ૯-૧૦ ● **બે ગઝલ** - ગૌરાંગ ઠાકર, ૧૦ ● **અસ્તિત્વની ગઝલ** - ગિરીશ ભટ્ટ, ૧૧ ● **ગઝલ** - ભરત વાઘેલા, ૧૧ ● **ગઝલ** - નિકુંજ ભટ્ટ, ૧૨ ● **તોય શું ?** - રમણ વાઘેલા, ૧૨ ● **બે ગઝલ** - આબિદ ભટ્ટ, ૧૩ ● **બે ગઝલ** - મનીષ પરમાર, ૧૩ ● **બે કાવ્ય** - રાધિકા પટેલ, ૧૪-૧૬ ● **તમે જો કહોતો** - પ્રણવ ઠાકર, ૧૭ ● **ઔકાત** - પુષ્કરરાય જોષી, ૧૭ ● **નાવલી નદી** - રમેશ આચાર્ય, ૧૮ ● **વરસાદમાં** - રમણિક અગ્રાવત, ૧૯ ● **બે ટેબલ કાવ્યો** - રિદ્ધિ પાઠક, ૧૯

અનુવાદિત કવિતા

◈ ● **વિસ્લાવા શિંબોરસ્કાની કવિતાઓ - મૂળ પોલિશ કવિતાઓના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી અનુવાદ** : ભગવાન થાવરાણી, ૨૦

ટૂંકી વાર્તા

◈ **વા બારું - માવજી મહેશ્વરી, ૨૬** ● **ફરી દાણ....** - પ્રણવ પંડ્યા, ૩૨

લઘુકથા : રસ્સી - જયેશ રાષ્ટ્રકૂટ, ૩૮

નિબંધ

સફાઈ અભિયાનનો આરંભ - રમેશ ર. દવે, ૩૯

● **તવાયફના તરકશમાંથી છૂટતાં તાતાં તીર** - હરદ્વાર ગોસ્વામી, ૪૪

અભ્યાસ

◈ ● **આજની વિશ્વકવિતાની જાતરા ‘સર’ સિતાંશુ સાથે** - યોગેશ જોશી, ૪૮

અવલોકન

◈ **‘ચિત્તની લીલાઓ’નું ‘ભરત’કામ** - રવીન્દ્ર પારેખ, ૫૯

શોધછાત્રની કલમેથી

◈ **બીજા દાયકાનું નિબંધસાહિત્ય** - કલ્યાણ દેસાઈ, ૭૦

વિચાર-વિમર્શ

◈ **પરબ, વર્ષ ૧૯, અંક ૨, ઓગસ્ટ : ૨૦૨૪** - ડૉ. જે. કે. ઉમરેઠિયા, ૮૧

● **‘પરબ’ : સ્વાગત** - નરોત્તમ પલાણ, ૮૨

સંપાદકીય : તુજ સે ભી દિલફરેબ હૈ ગમ રોજગાર કે..... - કિરીટ દૂધાત, ૮૩

◈ **સાભાર સ્વીકાર** - ૮૬ ● **પરિષદવૃત્ત** - સંકલન : ઇતુભાઈ કુરકુટિઆ, ૮૭

● **સાહિત્યવૃત્ત** - સંકલન : ઇતુભાઈ કુરકુટિઆ, ૯૧

◈ ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૪મું જ્ઞાનસત્ર, **૯૫**

◈ **આ અંકના લેખકો**, ૯૯

◈ **આવરણ ચિત્ર** : ભૈરવી મોદી, ભવાની માતાનો રથ, ધોધલપાડા, તૈલચિત્ર - કેનવાસ

◈ **આવરણ-સંકલ્પના** : આગમ શાહ

મથામણ – ૯/૧૦

હર્ષદ ત્રિવેદી

ઓગણીસસો બાવનમાં નવસારી ખાતે, અઢારમા સંમેલનમાં પ્રમુખશ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાએ મશાલ ધરીને તે સમયનાં સાહિત્યવિવેચન, નવલકથાઓ, નાટ્યસાહિત્ય, હાસ્યરસનું સાહિત્ય, ઇતિહાસસંબંધક સંશોધન, પત્રકારત્વ, જીવનચરિત્રો, સામયિકો, સ્ત્રીસાહિત્ય, પારસીસાહિત્ય, અને ગાંધીયુગનું સાહિત્ય ઇત્યાદિ વિષયે માર્મિક રીતે લઘુસમીક્ષાઓ કરીને મહત્ત્વના મુદ્દાઓ ઉપસાવેલા. એ સમયે 'સ્ત્રીસાહિત્ય'ને અંગે એમણે કરેલા ઉદ્ગારો આ રહ્યા : 'છેલ્લાં ત્રીસેક વરસથી ગુજરાતી સ્ત્રીઓનો વધી રહેલો મનોવિકાસ એ આપણી પ્રગતિનું શુભચિહ્ન છે. સ્ત્રીસાહિત્ય પણ ઠીક વિકસ્યું છે. પણ શિક્ષિત સ્ત્રીઓ જેટલી વધતી જાય છે તેના પ્રમાણમાં સ્ત્રીઓના લેખોમાં હજી વિવિધતા વધી નથી. વાર્તાઓ લખાય છે પણ સ્ત્રીઓને રસ પડે એવા બીજા વિષયોના લેખો ઓછા દેખાય છે. આપણી પદવીધારી સ્ત્રીઓએ લેખનકળામાં હજી જોઈએ તેટલો રસ લીધો નથી.' (પરિષદ પ્રમુખોનાં ભાષણો, ભાગ-૨, પૃ.૧૩૯) એમણે આ લખ્યું તે પછી બીજી બે ત્રીશીઓ ઉપરાંતનો સમય આપણે વટાવી દીધો છે. સાથોસાથ એ પણ યાદ રાખીએ કે એમણે 'લેખનકળા' એવા શબ્દનો ઉપયોગ કર્યો છે.

એક વાત તો નક્કી છે કે સમાજના અનેક સ્તરે, સ્ત્રીઓને જે અનુભવ થાય છે તે જ અનુભવ પુરુષને થતો નથી. વિશેષમાં સ્ત્રી પાસે એક વધારાની, ન દેખાય એવી એક ઇન્દ્રિય હોય છે જેના કારણે પોતાના સંદર્ભે, આજુબાજુના વાતાવરણને સમજવામાં એને વાર લાગતી નથી. પુરુષ સાથેના સંબંધમાં અને એ રીતે પૂરા સમાજ સાથેના વ્યવહારમાં સ્ત્રી, પ્રગટ કે અપ્રગટ રીતે જે માન-અપમાન-શોષણ વગેરેનો અનુભવ કરે છે તે અનુભવ યથાતથ કાગળ ઉપર ઉતારે તોય ખળભળ મચી જાય! કેમ કે એમાં જિવાતા જગતનું નગ્નવાસ્તવ પ્રગટ થાય. પરંતુ સારી કે વરવી વાસ્તવિકતાનું નર્યું વર્ણન એ ઇતિહાસ બની શકે, પણ એ 'સાહિત્ય' બને કે કેમ? એ પ્રશ્ન પણ થવો જોઈએ. બીજું એક સ્ત્રીનો અનુભવ સમાન રીતે બીજી સ્ત્રીનો ન પણ હોય, કદાચ ન જ હોય! બહુ દૂર ન જઈએ તોય, વર્તમાન સમયમાં આપણે ધીરુબહેન પટેલ, સરોજ પાઠક, ઇલા આરબ મહેતા, કુન્દનિકા કાપડિયા, વર્ષા અડાલજા, હિમાંશી શેલત, અંજલિ ખાંડવાળા, પન્ના નાયક, બિન્દુ ભટ્ટ,

પન્ના ત્રિવેદી અને મીનળ દવે ઉપરાંત બીજાં પણ ઘણાં નામો એકશ્વાસે લઈ શકીએ. એ પણ સ્વીકારીએ કે પ્રત્યેક લેખિકાનો આગવો અભિવ્યક્તિવિશેષ છે.

બીજું, પ્રત્યેક લેખિકાની પોતાની પ્રકૃતિ પ્રમાણેની, પ્રગટ થવાની એક આગવી અનોખી રીત હોય છે. દરેક વખતે ઇબ્સનની નોરા જ પ્રગટી આવે એવું અપેક્ષિત નથી. સાહિત્યમાં ક્યાંક જીજાબાઈ, કુમુદ, રોહિણી, કોકિલા કે અમૃતાનાં વૈવિધ્યને પણ સ્થાન હોવાનું. છેવટે તો આ સમાજ લાગણીના પાયા ઉપર જ ઊભો રહ્યો છે અને રહી શકે. સમજાય એવું છે કે લાગણી અને પ્રેમની દુનિયામાં સ્ત્રી પાસે જે સંવેદનતંત્ર છે તે બીજા કોઈ પાસે નથી. એટલે, સહજ રીતે જ પ્રશ્ન ઉદ્ભવે કે સ્ત્રીને પોતાને જે રીતે પ્રગટવું છે અથવા પ્રગટવું જોઈએ એ પ્રકારે પૂરી સર્જનાત્મકતાથી પ્રગટી શકે છે ખરી? કે પછી એણે પોતે જ આંકેલી મર્યાદા કે સમાજે સીધી કે આડકતરી રીતે આંકી આપેલી કોઈ મર્યાદાઓ એની અભિવ્યક્તિ ઉપર પ્રભાવક બને છે ખરી? લેખિકાને ખરેખર જે કહેવું છે તે જ કહી શકે છે કે પછી ભળતુંસળતું કહીને કે દિશાનિર્દેશ કરીને અટકી જાય છે? સમાજે સામાન્ય રીતે આંકી આપેલી આચારસંહિતા એની અભિવ્યક્તિમાં નિર્ણાયક બનીને નિયંત્રક તો નથી બનતી ને?

સ્ત્રીઓ જ્યારે ગીત-ગઝલ-અછાંદસ વગેરે લખે છે ત્યારે પન્ના નાયક, મનીષા જોષી, નયના જાની, સરૂપ ધ્રુવ, પારુલ ખખ્ખર કે એમના જેવાં સર્જકઅપવાદોને બાજુ પર રાખીને કહીએ તો મુખ્યત્વે, પુરુષોએ ઘડી આપેલા કાવ્યવાતાવરણને જ કેમ વ્યક્ત કરે છે ? અંગત વ્યથા-વેદના સ્ત્રીની સંવેદનાને બદલે સાર્વત્રિક સ્વરૂપે પ્રગટ થાય ત્યારે વ્યાપ વધતો હશે પણ તરત જ વૈયક્તિકતાના પ્રશ્નો માથું ઊંચકે છે. બની શકે કે એક સમયમાં જીવતી સ્ત્રીઓની કેટલીક લાગણીઓ સમાન અને સાધારણ હોઈ શકે, તોપણ દરેક મગજમાં રાસાયણિક પ્રક્રિયાઓ એકસરખી રીતે ન પણ ઉદ્ભવે. એક બીજો મુદ્દો છે વ્યક્તિગત સંવેદનાઓથી ઉપર ઊઠતો સામાજિક નિસબતનો. એ માટે ગદ્ય કદાચ સૌથી અનુકૂળ અભિવ્યક્તિરૂપ બની શકે. હિમાંશી શેલતની વાર્તાઓનાં કથાવસ્તુ અને ભાષા તપાસીએ તો સામાજિક નિસબતનું પણ એક અલગ રૂપ જોવા મળે. આદર્શો અને ઉચ્ચ સામાજિક ધોરણો દરેક વખતે સ્ત્રીઅભિવ્યક્તિને બાંધે જ એવું જરૂરી કે અપેક્ષિત નથી. હમણાં હમણાંમાં જ આપણે જોયું કે સ્ત્રી અને બાળકો ઉપર અત્યાચારના ગુનાઓ વધતા જ જાય છે. સમાજની આ રુગ્ણતા જોઈએ ત્યારે ખ્યાલ આવે કે આપણી કેળવણી અને સંસ્કારપરંપરામાં ક્યાંક મોટો ખોટકો છે. અભિવ્યક્તિની એક હજાર કે તેથી વધુ રીતો હોઈ શકે છે. એ સર્જનાત્મક પડકાર ઝીલવાની વાત છે. પ્રાપ્ત ભાષા, પ્રાપ્ત સંવેદનાઓ, પ્રાપ્ત રચનારીતિઓ અને પ્રાપ્ત વૈચારિક વલણોથી ઉપર ઊઠવાની વાત છે. વર્તમાન સમયની સ્ત્રીઓની સામે જે જે મૂંઝવણો છે તે તો પ્રગટ થવી જ રહી, પણ હરસિદ્ધભાઈકથિત ‘લેખનકળા’ શબ્દ પણ ભૂલવા જેવો નથી. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

ચાર ગઝલ । અરવિંદ ભટ્ટ

(૧)

હું એકલો વસું છું માણસ વગરના ઘરમાં,
સૂનકાર સાંભળું છું માણસ વગરના ઘરમાં.

ક્યાં કોઈ ઓળખે છે આખા નગરમાં અમને,
તેથી પરત ફરું છું માણસ વગરના ઘરમાં.

ઘરના અમુક માણસ ઘરમાં જ ઓગળ્યા છે,
હું શેષમાં વધુ છું માણસ વગરના ઘરમાં.

ક્યારેક એકલો હું બકબક કર્યા કરું છું,
કારણ વગર હસું છું માણસ વગરના ઘરમાં.

ઘરમાંથી નીકળ્યા તે પાછા ફરી શક્યા નહીં,
ઘરવખરી સાચવું છું માણસ વગરના ઘરમાં.

(૨)

જેમ જાણે સૂર્ય નભમાં ઊગવા,
એમ બિસ્તરને અમારે છોડવા.

ફૂલની બિછાત ઉપર ચાલવા,
હાય, પથ્થરનાં પગરખાં પહેરવાં.

હાથમાં ઊગી ગયા છે હાથલા,
વળ પડેલા ઘાસને પસવારવા.

બત્તીઓ ઠારી ઊભા છે થાંભલા,
ને અમે પણ વૃક્ષને ટેકે ઊભા.

વાંચવા બેઠા અમે તો ટીપણાં,
વસ્ત્રથી કલશોરને ખંખેરવા.

(૩)

ઘડિયાળને બતાવીને બીક બતાવે,
વીતી ગયા વખતને બારીક બતાવે.

ભાષાનું એક પુસ્તક ચાવીને સમૂળું,
પોતે લખેલ ફકરો મૌલિક બતાવે.

દરિયો ખરીદનારા ઊભા પહાડ ઉપર,
પાણી ખૂટી જવાની તકલીફ બતાવે.

હોડી ડૂબી ગયાને વરસો થયાં, હજુયે,
એ આંગળી ચીંધીને નાવિક બતાવે.

એ ચંદ્ર પર જઈને આવ્યો તે સમયથી,
પોતાને ચાંદનીનો માલિક બતાવે.

(૪)

ઘણા દિવસો પછી અમે ઘર બારા નીકળ્યા,
જાણભેદુઓ એવે ટાણે સામા નીકળ્યા.

પંખાની પાંખોથી પીંછું ઘરમાં ઊડ્યું,
ભીંતોમાંથી પંખીના ટહુકારા નીકળ્યા.

અંધારાની માસી બહુ બિવરાવે રાખે,
અજવાળામાં પડછાયા ગોઝારા નીકળ્યા.

નહીંતર બત્રીશ પૂતળીઓ વેચાતી રાખત,
શબ્દોના ગામતરેથી પરબારા નીકળ્યા.

મડદાની મુઠ્ઠી હળવેથી ખોલી ત્યાં તો,
ઊછળીને કૂદીને હરણિયા પારા નીકળ્યા.

ચાર ગઝલ | હર્ષ બ્રહ્મભટ્ટ

પણ

જુએ છે જરા, છે જરા આંધળી પણ,
બધું તો બતાવે નહીં કુંડળી પણ.

ભલે પક્ષપાતી છે, પણ સાંભળે છે,
દુઆઓ અહીંયાં અમુકની ફળી પણ!

બિચારીને ઠપકો પછી ક્યાંક મળતો,
અણીના સમય કૈંક આફત ટળી પણ!

હતાં ભાગ્યમાં સાપનાં સેંકડો દર,
લિસોટાય જોયા અને કાંચળી પણ.

ફરકતું હતું મોરપીંછુંય એમાં,
હતી ચિત્રમાં વાગતી વાંસળી પણ!

થયાં ત્યારે સુખદુઃખનાં ભેગાં જ દર્શન,
ન મળવાનું કહેવાને માટે મળી પણ!

તને એમ છે એકલો હું જ ભટક્યો?
હતી રાત, વર્ષા અને વીજળી પણ.

બજારો

પ્રભુ વાત મારી ભલે ને નકારો,
તમારી પ્રતિષ્ઠા વિશે તો વિચારો.

અગર થાય મનદુઃખ તો અંદર ન આવે,
હવાઓને કહેવું પડે કે પધારો!

છૂપો કોઈ ઉદ્દેશ એનો હશે ને,
છુપાઈ છુપાઈ જે આપે સહારો.

નવા ડામ આપી ત્વચા ના બગાડે,
જૂના જખ્મ છે ત્યાં કરે છે પ્રહારો!

અમુક ઘરની અંદર પ્રવેશી ચૂક્યાં છે,
અમુક ઘરના દ્વારે ઊભાં છે બજારો!

બીડી પાંપણો આજ ખોલાવવાને
થતો આંખની બ્હાર શેનો ધસારો?

ખુમારી

જરા ઘરની વેરાની આજે મઠારી,
છબી માળિયા પરથી એની ઉતારી.

અમસ્તા જ પડદા લગાવ્યા હતા બસ,
પછી સાવ રડમસ રહી એક બારી.

"રહ્યો એકલો દોસ્ત વરસો સુધી ક્યાં ?"
ખભે હાથ મૂકીને બોલી ખુમારી.

સ્મરણનાં લઈ ઝેરી જંતુઓ આવે,
હકીકતમાં તો આ હવા છે બીમારી.

હતી ના સ્વભાવે જ અવગણના સ્હેજે,
ઘણી વાર તો ઘાતને આવકારી!

તમે પૃથ્વી પરનો જ આગ્રહ ન રાખો,
ગમે ત્યાં અમે ચૂકવીશું ઉધારી!

અકારણ રડ્યું

હસ્યું ક્યાંક કોઈ ને કોઈ રડ્યું,
તને ત્રાજવું આવું ક્યાંથી જડ્યું ?

ફરી તૂટવા પાછું જાશે ઉપર ?
અહીં કોઈ પર આભ તૂટી પડ્યું.

ઘણી વાર અભડાયું એકાંત એમ,
ભલે કોઈ દેખાય ના, પણ અડ્યું !

લપાઈ ખૂણામાં હું જોતો રહ્યો,
અને સ્વપ્ન મારું જગતમાં લડ્યું!

અણીદાર ચીસો ન ખૂંચી તને,
હતું સ્મિત જે ફૂલ જેવું, નડ્યું ?!

રઝળતું હતું માર્ગ પર આંસુ કોઈ
અમે સાચવ્યું તો અકારણ રડ્યું !

બે ગઝલ | ગૌરાંગ ઠાકર

૧

હું ઇચ્છું છું જે, આ છે એનો અજંપો.
ન તારા સુધી પ્હોંચે મારો અજંપો.

ઉમેરું તને કે કરું બાદ તોપણ,
મળે સાંજને છેડે નકરો અજંપો.

ઘણી વાર ખૂણામાં બેસીને જોયું,
તો મારી પલાંઠીમાં પેઠો અજંપો.

તને એનું હું સ્થાયી સરનામું આપું?
મળે માની આંખોમાં ફરતો અજંપો.

નથી એકલો તું અજંપાથી પીડિત
જો પરપોટો પાણીનો તરતો અજંપો.

અજંપામાં ક્યારેક બબડી ઊઠું છું
કવિતા તું બારાખડીનો અજંપો.

દિવસભર જુએ જ્યાં ઉધામા ઉધામા,
પછી ત્યાં કરે રાતવાસો અજંપો.

૨

આપ અજવાળાં અમને પહેરાવો
દૂર રહીને સૂરજ ન બતલાવો

કોઈ બોલે નહીં તો બોલાવો
એમને એમનામાં લઈ આવો

કોઈ વેળા તો કોઈને એમ જ,
કોઈ કારણ વગર મળી આવો.

એકલા ટોચ પર શું કરશો યાર ?
એક બે જણને પણ ઉપર લાવો.

આપણા જેવું કોઈ છે જ નહીં,
એમ લાગે તો કૈંક બદલાવો.

એક કેવળ હૂંફાળું સ્મિત દઈ,
દુશ્મનાવટને થોડી શરમાવો.

આપ નિષ્પક્ષ છો તો એમ કરો,
કોઈ એકાદ યુદ્ધ અટકાવો.

અસ્તિત્વની ગઝલ । ગિરીશ ભટ્ટ

સમયની રેતમાં ચાલ્યાં જશે ચરણો, તમારાં બે;
હશે જમણો નિયંત્રણમાં, હશે ડાબો ચડ્યો ખ્વાબે!

પડાવો તો થવાના પણ નહીં આરામ મળવાનો;
મળે આરામ ક્યાંથી એ ઉછીના શ્વાસને ધાબે?

જરા ગાફેલ કો તો ત્યાં રહી જાવાના ઉંબરમાં;
પગરખાં પ્હોંચશે કાશી, પદરવો આંબશે કાબે!

નહીં કારણ મળે ક્યારેય તમને આ સફર કેરું;
કબીરો કો કહેવાનોઃ મને મેલ્યો અહીં સા'બે!

ખરેખર સાચ માનો તો હૃદયના શ્વાસનું માનો;
ધબકતું એ જ રાખે છે જીવન ધબકારથી ડાબે.

ગઝલ । ભરત વાઘેલા

કોઈ આવીને ઉઘાડે બારણાં.
એ બધી ખોટી પડી છે ધારણા.

એક કૂણી ડાળખી તૂટી પડી,
મૂળમાં ફૂટે પછી સંભારણાં.

તું નથી તો આંખને ઉપવાસ છે,
તું જ આવીને કરાવે પારણાં.

એ છબીમાં રહી મને જોયા કરે,
મા હવે લેતી નથી ઓવારણાં.

ધારણામાં જે કદીયે હોય ના,
એ જ આવીને ઉઘાડે બારણાં.

ગઝલ । નિકુંજ ભટ્ટ

દૃષ્ટિના સૌ પડાવથી રસ્તા ઉદાસ છે!
ક્ષિતિજના ઝુકાવથી રસ્તા ઉદાસ છે.

ઊભા રહે, મળે, ફરી પાછા જુદા પડે;
ક્ષણ પૂરતા લગાવથી રસ્તા ઉદાસ છે.

વેઠેલા ભારની બધા માંગે છે સાબિતી!
આધારના અભાવથી રસ્તા ઉદાસ છે.

થોભી જશે તે પામશે મંજિલ સુધીની રાહ;
તાપસના આ સુઝાવથી રસ્તા ઉદાસ છે.

સામી તરફ છે મર્મ ને મર્મજ્ઞ આ તરફ;
બંનેના મનમુટાવથી રસ્તા ઉદાસ છે.

કાંઠાથી કાંઠા સુધીના, રસ્તાને કાપવા;
રસ્તો બનેલી નાવથી રસ્તા ઉદાસ છે.

ઉતારે બેસી જોઉં છું સઘળા વળાંકને;
આંખોની આવજાવથી રસ્તા ઉદાસ છે!

તોય શું ? । રમણ વાઘેલા

એવું કશુંય હોય કે ના હોય તોય શું?
મારું જ નામ ખુદને ભૂલી જાય તોય શું?

તારા વિશેય રોમ રોમ જાગતાં સતત,
સપનાંય એમ બે ઘડી ઊંઘી જાય તોય શું?

તું આવ કે ના આવ, કશો રંજ ના હવે,
'હોવા'ની વારતા તું મૂકી જાય તોય શું?

ભીંતો બિચારી એમ અમસ્તી નથી ઊભી,
આવીને કોઈ કાન ફૂંકી જાય તોય શું?

જાગીને રોજ એ જ અમે પૂછતા રહ્યા,
આયુ હા, કોઈ ક્ષણને ચૂકી જાય તોય શું?

બે ગઝલ । આબિદ ભટ્ટ

(૧)

ધર્મ છે કે અધર્મ સમજું છું,
સ્મિતનો સર્વ મર્મ સમજું છું.

સંગ તારો મળે પળેપળ તો,
જિંદગી એક પર્વ સમજું છું!

સત્ય ઉચ્ચારવું અરીસાનું,
વેદ ચોથો અથર્વ સમજું છું.

થઈ શક્યા ના વસંત બીજાની,
શ્વાસ લેવો અનર્થ સમજું છું!

એય છે તો પ્રકાર સજદાનો,
અશ્રુને સાર, અર્ઘ્ય સમજું છું!

ગાળ અશ્લીલતાની છે ઓળખ,
ભાંડવી એય શર્મ સમજું છું!

હોય કાયમ સુમેળ શ્વાસોમાં,
ઘર બની જાય સ્વર્ગ સમજું છું!

(૨)

કરી ના કદર, બેકદરનો ઉઝરડો,
રહ્યો વેઠતો ઉમ્રભરનો ઉઝરડો!

બતાવી શકો ના નજરનો ઉઝરડો
રહ્યો વેઠતો ઉમ્રભરનો ઉઝરડો

તમો સાવ ઓછી વ્યથા આંકશો ના,
ભલે હોય લોહી વગરનો ઉઝરડો.

ઉપાયો કરો લાખ પણ એ મરે ના,
ઘૃણાત્મક શબદની અસરનો ઉઝરડો!

વસંતો ફરી આવશે આ તરફ શું?
નથી સહ્ય આ પાનખરનો ઉઝરડો!

સદા હોય પોતાની મરજીનો માલિક,
કદી હોય ના માપસરનો ઉઝરડો.

કહેવાય ના કે સહેવાય પણ ના,
પડે ચાહવાની કસરનો ઉઝરડો!

બે ગઝલ । મનીષ પરમાર

(૧)

સુકાઈ જાય છે.

ધારણાનું જળ સુકાઈ જાય છે,
એક ભીની પળ સુકાઈ જાય છે.

એ નહીં આવ્યાં ફરી પાછાં અહીં,
ડાળ પર કૂંપળ સુકાઈ જાય છે.

નામનો અક્ષર ઊકલતો પણ નથી,
આંસુનો કાગળ સુકાઈ જાય છે.

પંખી માટે લાવું જળ શું ઠીબમાં?
હર કૂવાનું જળ સુકાઈ જાય છે.

આંખમાં શું આંજવું એ તો કહે,
રાતનું કાજળ સુકાઈ જાય છે.

(૨)

વરસો પછી પાછો

પટારો યાદનો ખોલ્યો અમે વરસો પછી પાછો,
સમય પેન્સિલ શો છોલ્યો અમે વરસો પછી પાછો.

નથી વધઘટ થઈ ધબકારમાં એની જરા જેવી.
હવાથી શ્વાસને તોલ્યો અમે વરસો પછી પાછો.

ગઝલના મૂડમાં આવી ગઝલ ફટકારવા લાગ્યા,
અજાણે કાફિયો બોલ્યો અમે વરસો પછી પાછો.

જીવનમાં આવજાની એ જ તો મોકાણ મંડાણી-
દુ:ખોનો ભેદ ઉકેલ્યો અમે વરસો પછી પાછો.

દિવસની ડાળ લીલીછમ રહેવા ક્યાં દીધી એકે?
સમય જેવો સમય ઠોલ્યો અમે વરસો પછી પાછો.

બે કાવ્ય | રાધિકા પટેલ

૧. “લવ બૉમ્બિંગ” (પ્રેમતાડન)

હરણની આખોમાં હવે, ફફડાટ નથી.
બરફ, સૂરજ સામે આંખો ફાડી જોયા કરે છે.
બારીમાં બેસેલ કબૂતરને ઝાપટ મારું છું
છતાં એ ઊડી નથી જતું.
દીવાની જ્યોત હોય તો નહીં, ધાતુમાંથી બનેલી.
એક જીવડું ટાંપીને બેસેલી ગરોળીના મુખમાં
જોઈ રહ્યું છે - બ્રહ્માંડની લીલા...!!
શાર્કના મોઢામાં કેટલા દાંત છે
એની ગણતરી કરવાના કૌતુકથી
એક નાનકડી માછલી વિહ્વળ બની છે.
આંધળી છછુંદર ખોદી રહી છે ધતુરાથી મઘમઘતું જંગલ.
કાચબો ઢાલ ઉતારી ઉતાવળો થયો છે કશેક પહોંચવા.
હેમલોક[1]નાં સુંદર ફૂલોથી દાઝેલી જંગલી બિલાડી
છેવટે મૃત્યુ પામી છે.
આ તરફ ફેંકાઈને પાછાં ફરેલાં બૂમરેંગ[2]
ચેતવણી આપીને ગયાં છે :
છતાં, પિચરની સુરાહીઓમાંથી છલકાતું સૌંદર્ય
‘એ’ને આકર્ષિત કરી રહ્યું છે.
સપનામાં ઊગી રહ્યાં છે સનડ્યુઝ[3].
ચંદ્રતોડી રાગમાં ભસતાં વરુની હાકલ સાંભળીને
લોહીની ગતિ ચરમસીમાએ પહોંચી ગઈ છે.
[4]સરબેરાનું ફળ પોતાની લોલક ગતિથી
વશીકરણ કરી રહ્યું છે.
‘એ લજામણી નથી, હશરાખોર[5] છે ;
ત્યાં શુક્રાંગી પર્ણો[6]માં છટકું ગોઠવેલું છે’-
જાણવા છતાં ‘એ’ ખેંચાઈ રહી છે
પોતાના હરામખોર પ્રેમી તરફ.

---

1. હેમલોક = એક જાતનાં સુંદર ઝેરી ફૂલો
2. બૂમરેંગ = જંગલમાં શિકાર માટે વપરાતું ઓઝર જે ફેંકાયા પછી ફરી પાછું એ જ જગાએ પાછું વળે છે.
3,5. સનડ્યુઝ, હશરાખોર = ભક્ષક વનસ્પતિ
4. સરબેરા = એક ઝેરી ફળ.
6. શુક્રાંગી પર્ણો = વીનસ ટ્રેપ, ભક્ષક વનસ્પતિ.

૨. "કેલિડોસ્કોપ"

રાત્રે ઊંઘમાં સરી પડ્યા પછી શરૂ થાય છે
એક અજબગજબનો ખેલ :

ખુલ્લી આંખે જે કંઈ નિરાકાર રહી પજવતું હોય છે
એ બધું બંધ આંખોના પડદા પાછળ
ભૌતિક સ્વરૂપે પ્રકટ થાય છે.

કેટલીક ઘટી ગયેલી ઘટનાઓ નવેસરથી ઘટે છે-
પાત્રો બદલીને.

નવાં પાત્રો, ભૂતકાળનાં પાત્રો સાથે ભળી જાય છે
ને માંડે છે સાવ નવી વાર્તા.

વળી, ક્યારેક એમાં આગલી રાત્રે જોયેલાં સિનેમાનાં પાત્રો
વાઇલ્ડ કાર્ડ એન્ટ્રીથી ઘૂસી જાય ત્યારે
શરૂ થાય.. થ્રીલર સિનેમા !!

ધરતીકંપ, સુનામી, તો ક્યારેક યુદ્ધનાં ભયંકર દશ્યો વચ્ચેથી પસાર થતી હું
મારાં બાળકોને બચાવી લઉં છું :

સિંહના મોઢામાંથી પણ.
હેમખેમ !!
વર્ષો પહેલાં એક અકસ્માતમાં ગુજરી ગયેલા મારા દાદા,
મારા નવા ઘરમાં ઝૂલા પર બેસી હીંચકતા હોય છે.

તો મારા નવા પડોશી મારા નાનપણના ઘરના સોફા પર બેસી વાતો કરતા
હોય છે.

જે ક્યારેય મળ્યા જ નથી એવા નવા અને
જૂના મિત્રો વચ્ચે જોડતી કડી એવી હું
એમના જોડાણ પછી ત્યાંથી ગાયબ થઈ જતી હોઉં છું.

ક્યારેક શરીરના જુદા જુદા અવયવો
તંગ બની બજાવતું રહે શરીરને તંતુવાદ્યની જેમ, કરુણરસમાં.

તો ક્યારેક હોડી, ગાડી કે પવનપાવડી વિના જ
તરવાનું, દોડવાનું કે ઊડવાનું પણ સહજ.

કોઈ કારણસર બહારગામ ગયેલી હું
અનેક પ્રયત્નો પછી પણ ઘેર પાછી નથી વળી શકતી,
ક્યાં જવા નીકળેલી એ ભૂલીને રઝળતી રહું છું.

તો ક્યારેક અત્યંત શક્તિશાળી ઘોડાઓની લગામ ખેંચી
હું પહોંચી જાઉં છું કોઈ અકલ્પ્ય સુંદર પ્રદેશમાં.

કૉલેજમાં એક્ઝામ આપવા બેસેલી હું
ઘેર રહેલાં બાળકોની ચિંતામાં

પેપરમાં કશું લખી નથી શકતી,
ને મારા માટે મુરતિયો શોધતાં મારાં મમ્મી-પપ્પાને હું સમજાવું છું :
જુઓ 'આ મારાં બાળકો.. કેટલાં મોટાં થઈ ગયાં છે !!'

પાકટવયે પહોંચ્યા પછી
મને મળેલા એક વડીલ સાહિત્યકાર
મારા ઘેર આવીને મારા પપ્પાને કહે છે :
'તમારી આ નાનકડી દીકરી તેજસ્વી છે !!'

ક્યારેક હું જ બની જાઉં છું - મારાં બાળકોમાંની એક.
નવી મિત્ર, કોઈ જૂની-વિખૂટી પડી ગયેલી મિત્રને ભેટી પડે છે ને
હું આ ઘટના સાક્ષીભાવે જોયા કરું છું !!

મને છોડી જનારા, અવગણના કરનારા
કેટલાય લોકો મારા જૂના ઘરમાં આવીને
પ્રેમથી ભોજન કરતા હોય છે.

મારી બાળપણની જમવાની થાળી, ઓઢવાની શાલ,
પ્રિય ફ્રૉક, ઢીંગલી - હું નવા ઘરમાં શોધ્યા કરું છું.

વર્ષો પહેલાં ચોરાઈ ગયેલાં મારાં ચપ્પલ
ગઈકાલે જ જોયેલી એક અજાણી સ્ત્રીના પગમાં જોઈ રડી પડું છું;
પાછાં માંગી નથી શકતી !!

મારા બાળકો મારા બાળપણના ઘરમાં
આમતેમ દોડાદોડી કરતાં હોય છે
ને હું મારા બાળપણની સાઇકલ લઈને
મારા નવા ઘરનો રસ્તો શોધી-શોધીને થાકી જાઉં છું.
ઘર રંગરૂપ બદલી બદલીને બની જાય છે ભુલભુલામણી.

જૂનું ઘર પોતાના પગ નીચે દબાવી દે છે - મારું નવું ઘર
ને હસે છે નિર્દોષ બાળકની જેમ.

મારા જ મૃત્યુ પર વિલાપ કરતી હું
મથામણ કરું છું
મારું હોવું સાબિત કરવા માટે.

જૂના પ્રેમી મળવા આવે છે
પોતાની પત્ની-પ્રેમિકાને સાથે લઈને.
નવો પ્રેમી હળવેકથી જગા લઈ લે છે
એક જૂના પ્રેમીની.

એ, જૂનો પ્રેમી બની મને દગો આપે એ પહેલાં જ
મારી આંખો ખૂલી જાય છે
ને હું બચી જાઉં છું !!

તમે જો કહો તો । પ્રણવ ઠાકર

અગનમાં ભળી જઉં તમે જો કહો તો,
સૂરજ સો ગળી જઉં તમે જો કહો તો.

તમારા જ નામે ધબકતું હૃદય છે,
હું પાછો વળી જઉં તમે જો કહો તો.

ભલે આમ તો લાગું વજ્જર સરીખો,
સહજ ઓગળી જઉ તમે જો કહો તો.

ગગન મધ્યમાં ભાનુ તપતો ભલે હો,
પળમાં ઢળી જઉં તમે જો કહો તો.

નથી વાત સ્હેલી સમજવી અગમની,
ઇશારા કળી જઉં તમે જો કહો તો.

ગમે તે સમયમાં, ગમે તે સ્વરૂપે,
ગમે ત્યાં મળી જઉં તમે જો કહો તો.

'પ્રણવ' માર્ગ જો ઘોર અંધાર લાગે,
તરત ઝળહળી જઉં તમે જો કહો તો.

ઔકાત । પુષ્કરરાય જોષી

રોજેરોજ થતા
ઉઝરડા, પીડા ને યાતના
વ્યક્ત કરવા
તનમાં ક્યાં રહી છે તાકાત?
ને મનની પણ
ક્યાં છે એવી ઔકાત?
છતાંયે
બુલંદ છે
કલમનું જોશ,
એટલે તો
એ આગમાંથીયે ઊઠે છે
ધુમાડાની જેમ
અને
વહેતી મૂકે છે વેદના,
જે જંગલની આગની જેમ
ફરી વળે છે સમગ્ર વિશ્વમાં.

નાવલી નદી । રમેશ આચાર્ય

તમે તેને નાવલી ન કહો,
એમ કહી તેનું સ્થાન અને માન
ઘટાડો નહીં.

તમારે ખરેખર તેને યોગ્ય માન અને સ્થાન
આપવું હોય તો નવી - નવેલી કહો.

નાવલીને થયું :
નદીને લોકમાતા કહે છે,
પણ આ લોકમાતાઓ તો લોકોથી
આઘી આઘી અને અતડી અતડી ફરે છે.
મા આવી ન હોય.

મા તો બાળક ઘોડિયામાં સૂતું હોય અને
સહેજ સળવળે ત્યાં તો
તેને બુચકારતી અને અનેક શબ્દ –
ફૂલડાંથી પોંખતી તેની પાસે પહોંચી જાય.

નાવલી આ જાણે અને તેને
યોગ્ય રીતે પ્રમાણે.
સાવર અને કુંડલા તેનાં જોડિયાં બાળકો છે
એટલે બેમાંથી એકેયને ઓછું ન આવે
અને કજિયે ન ચડે
એટલા માટે બંનેને બે ખભે ખંધોલો કર્યો છે.

તો વળી ધાવણ ચડેલી માતાની જેમ
બંનેને સ્તનપાન કરાવતા
છાતીએ વળગાડેલા રાખે છે.

હું અવતાર નથી

મને કૃષ્ણ તરીકે ચીતરવો એ ભગવાનનું અપમાન છે એમ હું માનું છું. હું મારી જાતને એક મહાન ઉદ્દેશને માટે કામ કરી રહેલા અનેક કાર્યકર્તાઓ પૈકીનો એક અદનો કાર્યકર માનું છું. એથી સહેજ પણ વિશેષ નહીં. જો નેતાઓને આપણે ચડાવી મારીશું તો તેથી આપણા કાર્યને લાભ થવાને બદલે હાનિ જ થશે. કોઈ પણ ઉદ્દેશ સફળ થવાની શ્રેષ્ઠ સંભાવના ત્યારે જ હોય છે જ્યારે એના પોતાના ગુણદોષ ઉપરથી એની ચકાસણી કરવામાં આવે છે અને એનું અનુસરણ કરવામાં આવે છે. પ્રગતિશીલ સમાજમાં ઉદ્દેશોને હંમેશાં માણસો કરતાં ચડિયાતા માનવા જોઈએ. કેમ કે માણસો તો આખરે એ ઉદ્દેશ પાર પાડવા મથી રહેલાં અપૂર્ણ સાધનો જ હોય છે. (ગાંધીજી, અક્ષરદેહ : ભાગ ૨૦, પૃ.૩૩૯)

વરસાદમાં । રમણિક અગ્રાવત

પાંદડું ઓઢીને અમે ફરશું વરસાદમાં...

ઓઘરાળા ધોવા ઝટ ધૂળના, ઘામના
ચાઠાંઓ લ્હોવાં ઝટ, ફટ રે ઉકળાટનાં
પાંદડું ઓઢીને અમે ફરશું વરસાદમાં...

નખમાં, કાનમાં, કોણ જાણે ક્યાં ક્યાં
મેલના ભરાયા ભૂંડા પોપડા પલાળવા
પાંદડું ઓઢીને અમે ફરશું વરસાદમાં...

લૂમાં શેકાયાં ને વળી બફાયાં ઘામમાં
રેબઝેબ રેલતા પરસેવે ન્હાયાં કૈં
પાંદડું ઓઢીને અમે ફરશું વરસાદમાં...

બે ટેબલ કાવ્યો । રિદ્ધિ પાઠક

(૧)

બારી બહાર
ઊભું છે એક ઝાડ !
અને અંદર ઊછરે છે એક કવિતા...
ટેબલ પર !
કવિતામાં ઊછળકૂદ કરતી ખિસકોલી
છળી
મરે છે ટેબલની નિશ્ચેતન અવસ્થાથી...!
અને
તલપાપડ થઈ મારે છે એક છલાંગ...
બારી બહાર !
કારણ કે..
એ જોઈ ગઈ છે;
'બારી બહાર ઊભું છે
એક ઝાડ !'
હવે કવિતામાં ખિસકોલી ગેરહાજર છે.
અને છતાં, હવે કવિ વિચારે છે;
'કાવ્ય હવે નહીં મરે !'
કારણ...
'મારી ખિસકોલી સજીવ બની
વળોટી ગઈ છે કવિતા !'

(૨)

ગઈ કાલનું ટેબલ
આજે પણ એવડું જ છે..
પણ,
વધી ગઈ છે ટેબલ નીચેની ખાઈ !-
અને એટલે જ
માપી જોઈ વારંવાર...
ટેબલની લંબાઈ...
પહોળાઈ !
પણ
આશ્ચર્ય !
કે, એ પણ એટલી ને એટલી જ
છે !
છતાં,
વધતું જ જાય છે;
ટેબલની આસપાસનું અંતર.

■

વિસ્લાવા શિંબોરસ્કાની કવિતાઓ

મૂળ પોલિશ કવિતાઓના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી અનુવાદ :
ભગવાન થાવરાણી

(૧)

રેલવેસ્ટેશન

'ન' શહેરમાં મારું ન પહોંચવાનું બિલકુલ સમયસર થયું.
મારા વણમોકલાયેલા પત્રમાં મેં તને જાણ કરી જ હતી.
નક્કી કરેલા સમયે ત્યાં હાજર ન રહેવામાં તું કામયાબ પણ રહ્યો.
ટ્રેન પ્લેટફૉર્મ ૩ ઉપર થોભી. ઘણા પ્રવાસીઓ ઊતર્યા.
બહાર જવાના દરવાજા તરફ જતા ટોળામાં મારી અનુપસ્થિતિ પણ શામેલ હતી.
એ ગિરદીમાં મારી જગા લેવા કેટલીય સ્ત્રીઓ દોડી.
કોઈ એક એમાંની એક તરફ દોડી. હું એને ઓળખતી નહોતી, પણ એ સ્ત્રી તરત ઓળખી ગઈ.
આપણા નહીં એવા હોઠથી એ લોકો એકમેકને ચૂમતા હતા
ત્યાં મારી નહોતી એવી એક સૂટકેસ ગુમ થઈ ગઈ.
'ન' શહેરનું રેલવેસ્ટેશન એના વસ્તુનિષ્ઠ અસ્તિત્વની પરીક્ષામાં ઝળહળતી સફળતા સાથે ઉત્તીર્ણ થયું.
સમગ્ર દૃશ્ય ધારણાનુસાર રહ્યું. બધું નક્કી કરેલા રસ્તે જ આગળ વધ્યું.
એક મેળાપ સુધ્ધાં આયોજન અનુસાર જ થયો.
આપણી હાજરીના પરિઘની બહાર.
સંભાવનાના લુપ્ત સ્વર્ગમાં.
બીજે કશેક.
બીજે ક્યાંક.
આ ટચૂકડા શબ્દો કેવા ગુંજે છે..
(RAILROAD STATION)

(૨)

૧૧ સપ્ટેમ્બરનો ફોટોગ્રાફ

એ લોકો કૂદી પડેલા
સળગતા મજલાઓથી
એક, બે, વધુ
ઊંચા, નીચા
ફોટોએ એમને જાણે જીવન વચાળે થંભાવી દીધા
અને હવે એમને
પૃથ્વીથી ઊંચે અને પૃથ્વી તરફ
ખોડી દીધા છે.
એમાંનો દરેક તેમ છતાં પરિપૂર્ણ છે
નિશ્ચિત ચહેરા
અને હજુ ન વહેલા લોહી સહિત.
હજુ વાળ વિખેરાવામાં
અને ચાવી - સિક્કા ખિસ્સામાંથી પડી જવા માટે
પર્યાપ્ત સમય બાકી છે.
એ લોકો હજુ હવાના પરિઘમાં છે
અને જગ્યાઓના દાયરામાં પણ
જે હજુ હમણાં જ ખૂલ્યા છે.
હું એમના માટે બે જ વસ્તુ કરી શકું -
એમના પતનનું વર્ણન
અને છેલ્લી પંક્તિ ઉમેરવાનું ટાળીને..
(PHOTOGRAPH FROM SEPTEMBER ૧૧)

(૩)

નકશો

એ જેના ઉપર પથરાયેલો છે
એ ટેબલ જેટલો જ સપાટ
એની નીચે કશું સળવળતું નથી
એને કોઈ રસ્તો પણ જોઈતો નથી
એની ઉપર વીંઝાઈ રહેલા મારા શ્વાસો
એને ખલેલ પહોંચાડતા નથી
એની સપાટી અવિચળ રહે છે.

એની ઉપર દેખાતાં મેદાનો અને ખીણ
કાયમ લીલાં રહે છે
ઊંચાણવાળા વિસ્તારો અને પર્વતો
સદૈવ પીળા કે ભૂખરા
અને સમુદ્રો - મહાસાગરો કાયમ હલકા વાદળી રંગના
એમની પડખે જ જીર્ણ કિનારાઓ.

અહીં બધું જ નાનકડું
અને આપણી પહોંચની અંદર
ધારો તો જ્વાળામુખીને આંગળીથી દબાવી શકો
અને ધ્રુવ પ્રદેશને ઉઘાડા હાથે પસવારી શકો
એક નજરમાં સર્વે રણને આવરી શકો
એની લગોલગ પાછી નદી પણ હોય.
પ્રાચીન જંગલોના નામે થોડાંક ઝાડ
જેમાં તમે ઇચ્છો તોપણ ભૂલા ન પડો.

વિષુવવૃત્તની ઉપર અને નીચે
પૂર્વ - પશ્ચિમે નીરવ શાંતિ
એના એક - એક ટપકે બેશુમાર લોકો રહે
સામૂહિક કબરો અને આકસ્મિક મહાવિનાશનો તો
ઉલ્લેખ સુધ્ધાં નહીં.

દેશોની સરહદો ભાગ્યે જ દષ્ટિગોચર થાય
જાણે એમને પોતાના હોવા વિશે સંદેહ હોય.

મને નકશા ગમે છે
કારણ કે એ જૂઠા હોય છે
કારણ કે એ નિર્મમ સત્ય લગી લઈ જતા નથી
કારણ કે વિશાળ હૃદયે અને સ્વાભાવિકપણે
એ મારી આગળ એક એવું વિશ્વ બિછાવે છે

જે ખરેખરું વિશ્વ નથી ...
(MAP)

(૪)

એક નાનકડા સિતારા હેઠળ

ક્ષમા નિયતિ
તને અનિવાર્યતા કહેવા બદલ,
ક્ષમા અનિવાર્યતા
જો ભૂલ થતી હોય તો.
હે સુખ !
ખિજાતો નહીં, જો હું તને મારો હક માનતી હોઉં તો
મારી ક્ષીણ થતી જતી સ્મૃતિ બદલ
મૃત વડવાઓ દરગુજર કરે મને.
પ્રત્યેક ક્ષણે જે વિશ્વની ઉપેક્ષા કરું છું
એ બદલ કાળ મને બક્ષી દે,
હાલ છે એને જ પહેલો માનવા બદલ
જૂના પ્રેમીઓ માફ કરે મને.
ફૂલો ઘરે લઈ આવવા બદલ સુદૂરનાં યુદ્ધોની ક્ષમા,
આંગળી ઘોંચવા બદલ ઉઘાડા જખ્મોની ક્ષમા,
ઊંડાણેથી રડતા લોકોની ક્ષમા,
રૂમઝૂમ નૃત્યની રેકર્ડ વગાડવા બદલ
વહેલી સવારની ટ્રેન ચૂકી જવા બદલ
સ્ટેશને રાહ જોતા લોકોની ક્ષમા,
સમયાંતરે હસી લેવા બદલ ભટકતી આશા માફ કરે !
હે રસો !
માફી ચાહું છું કે તમારા લગી
ચમચીક જળ પણ ન લાવી શકી
અને બાજ
તું પણ એક જ પાંજરે વર્ષોથી નિરંતર
દૃષ્ટિ એક જ બિંદુએ અવકાશમાં મંડાયેલી
ભલે નકલી હો તોપણ માફ કરજે મને,
મારા ટેબલના ચાર પાયા બદલ
કપાયેલું વૃક્ષ માફ કરે મને
મહાન પ્રશ્નો માફ કરે મને ઉડાઉ જવાબો બદલ.
હે સત્ય !
દરગુજર કરજે મને
ગરિમા
ઉદાર રહેજે મારા પ્રતિ

અસ્તિત્વના હે રહસ્ય !
તારી નિરંતરતામાંથી કોઈક વિચાર તફડાવી લઉં તો રહેમ કરજે
હે અંતરાત્મા !
મારી ભીતરે તને ક્વચિત જ રાખું
તો ખોટું ન લગાડીશ,
બધે એકીસાથે હાજર ન રહી શકવા બદલ
બધા માફ કરે મને.
દરેક સ્ત્રી અને પુરુષ હું ન બની શકું
એ ખાતર એ બધા માફ કરે મને.
ખબર છે
જીવીશ ત્યાં લગી
સ્વયંને વાજબી નહીં ઠેરવી શકું
કારણ કે હું જ અંતરાય છું મારા માર્ગમાં !
હે ભાષા !
ભારેખમ શબ્દો ઉછીના લઈ પછી
એમને હળવા સાબિત કરવા તનતોડ પ્રયત્નો કરવા બદલ
મારા પ્રત્યે દ્વેષ રાખીશ નહીં ..
(UNDER ONE SMALL STAR)

(૫)

કોઈ પુનરાવર્તન નહીં

કોઈ પણ વસ્તુ ક્યારેય પુનરાવર્તિત થતી નથી
એના પરિણામે કરુણતા એ કે
આપણે સંશોધિત સ્વરૂપે અહીં આવીએ છીએ
અને ઝાઝા અભ્યાસની તક વિના જતા રહીએ છીએ.

કોઈ મૂરખ ન હોય અથવા
આપણે પૃથ્વી પરના સૌથી નાદાન માણસ હોઈએ
તોપણ કોઈ ઉનાળુ ક્લાસ ફરીથી ભરી શકાય નહીં
એ કોર્સ એક જ વારનો હોય.

કોઈ આજ ગઈકાલનું પુનરાવર્તન કરતી નથી
કોઈ બે રાત્રિ પરમાનંદ અને એકસરખાં ચુંબનો
એકસરખી રીતે શીખવતી નથી.

હા, કોક દિવસે કોઈ નવરી જીભ

અકસ્માતે આપણું નામ ઉચ્ચારે ખરી.
ત્યારે લાગે જાણે કોઈએ રંગીન સુગંધી ગુલાબ
આપણા કમરામાં ફેંક્યું.

બીજા દિવસે
ભલે તમે અહીં મારી સાથે હો
નાછૂટકે ઘડિયાળ સામે જોઉં
ગુલાબ ? શું હશે એ ?
ફૂલ કે પથ્થર ?

કેમ આપણે પસાર થતા દિવસને
આટલા બિનજરૂરી ભય અને વિષાદ સાથે મૂલવીએ છીએ ?
પસાર થઈ જવું તો એની પ્રકૃતિ છે
આજ તો આવતી કાલે વિલુપ્ત જ થઈ જવાની.

સ્મિત અને ચુંબનો સંગે
આપણે પોતપોતાના વાતાવરણમાં
સમાધાન ઝંખીએ છીએ
જળનાં બે બિંદુની જેમ
ભિન્ન ભિન્ન હોવા છતાં ..
(NOTHING TWICE)

■

હિંસા થકી આત્મરક્ષા

હું કહેતો આવ્યો છું કે જે મરીને પોતાની કે પોતાનાંની રક્ષા ન કરી શકે તેને મારીને પોતાની ને પોતાનાંની રક્ષા કરવાનો અધિકાર છે, એ તેનો ધર્મ છે. એટલી શક્તિ જેનામાં ન હોય તે નપુંસક છે. તેને કુટુંબના વડીલ કે પાલક થવાનો અધિકાર નથી, તેણે અરણ્યનું સેવન કરવું જોઈએ અથવા તે હંમેશાં લાચારની સ્થિતિમાં રહેશે, તેને રોજ કીડાની જેમ પેટે ચાલવાની તૈયારીમાં રહેવું જોઈશે....

હું કોઈને સામો ઘા કરવામાં મદદ ન કરું એ સાચું. પણ મારાથી નામર્દ માણસને અહિંસાના ઓઠા તળે પોતાની નામર્દાઈ ઢાંકવા ન દઈ શકાય. અહિંસા એ શૂરાનો મારગ છે એ ન જાણતા હોવાથી ઘણા પ્રામાણિકપણે માનતા આવ્યા છે કે જોખમ આવે - ને ખાસ કરીને એમાં જીવ જવાનો ભય હોય - ત્યારે ત્યારે સામી છાતીએ ઝીંક ઝીલવાને બદલે પલાયન કરી જવું એમાં સદ્ગુણ રહેલો છે. અહિંસાના શિક્ષક તરીકે મારે આવા નામર્દાઈના વિચારની સામે મારાથી લેવાય એટલી સાવચેતી લેવી જ જોઈએ.

(ગાંધીજી, નવજીવન, તા. ૭/૧૦/૧૯૨૮, પૃ. ૪૪ અને
હરિજનબંધુ, તા. ૨૧/૭/૧૯૩૫, પૃ. ૧૪૮)

વા બારું

માવજી મહેશ્વરી

અમાસની રાતનું અંધારું આખાય વિસ્તારના ખૂણે ખૂણે ભરાઈ ગયું.

બિલકીશ ચત્તી પડી હતી. ઓરડાનું ઘટ્ટ અંધારું જાણે તેને ભીંસ દેતું હતું. બહારથી કોઈ જાતનો અવાજ આવતો નહોતો. થોડી વાર પહેલાં અહીંથી કોઈ ચાલ્યું ગયું હતું. હંમેશની જેમ. તેણે પથારીની ખાલી પડેલી જગ્યા પર હાથ ફેરવ્યો. પાતળી ગોદડીના ટાંકા નખમાં ભરાયા. તેણે ઊંડો શ્વાસ લીધો અને ધીમેથી કપડાં સંકોર્યાં. અડસટ્ટે હાથ ફેરવીને ઓઢણી શોધી. ગરદન ઉપર વળી આવેલા પરસેવા ઉપર હાથ ફેરવ્યો. પરસેવો અને ધૂળની ચીકાશ આંગળીઓમાં ચોંટી રહી. તેને યાદ આવ્યું કે શરૂઆતમાં તે વાહીદને કહેતી કે તને અંધારા અને ગરમીની અકળામણ થતી નથી? હવે તો એ પૂછવાનો કોઈ અર્થ નહોતો. એક તો આ લોકોનાં કપડાં. પગથી માથા સુધી બધું ઢંકાયેલું. તેણે આવાં કપડાં અહીં આવ્યા પછી પહેલી વાર જોયાં હતાં. વાહીદે જ આવાં કપડાં પહેરવાનો આગ્રહ કર્યો હતો. સારું છે તેણે નાકમાં નથડી રહેવા દીધી. પહેલી રાતે જ તેને સમજાઈ ગયું હતું કે વાહીદ ભારે ઉતાવળો છે. જાણે કોઈ ચોરી કરવા આવ્યો હોય તેમ દરેક બાબતમાં ઉતાવળ કરે. વાહીદના હાથ એટલી ઉતાવળ કરતા કે ક્યારેક દોઢ ગાંઠ આવી જતી. એ આડેધડ ખેંચતો. ન ખૂલે તો ગુસ્સે થતો. એના નખ સુંવાળા પેટ ઉપર ઉઝરડા પાડી દેતા. બસ થોડી વાર પછી હાંફતો બહાર નીકળી જતો. એને કેટલીય વાર કહ્યું કે તું બહાર શા માટે ભાગી જાય છે? ધણી-બાયડી તો ભેગાં સૂવે. તું મારી સાથે કેમ સૂતો નથી?

વાહીદ ચિડાઈને બોલતો, “બધા મરદ માણસ બહાર સૂવે છે ને હું ઘરની અંદર સૂવું તો કેવું લાગે? અમારે અહીં સ્ત્રીઓ ઘરમાં સૂવે, પુરુષો બહાર. સમજી?” બિલકીશને સમજતાં વાર લાગી, તોય સમજી ગઈ. વાહીદના ચાલ્યા ગયા પછી બિલકીશ અંધારાને તાકી રહેતી. બહારથી આછા અવાજ આવતા અને શમી જતા. શરૂઆતમાં તો તેને આ ગામ, ગામના લોકો અને વેરાન પ્રદેશ ગમતો જ નહોતો. દિવસ ઊગે તે પછી થોડી વાર રાહત રહેતી. પણ બપોર ચડે એટલે લૂ વાવી શરૂ થઈ જાય. બહાર ગરમી અને ઘરની અંદર ગરમી. કોઈ ઝાડ નહીં, કોઈ છાંયો નહીં. રાત પડે બારણું વાસીને સૂઈ જવાનું. પાછલી ભીંતના વા બારામાંથી ક્યારેક

મૂંઝાયેલો પવન અંદર આવી જાય ત્યારે થોડીક રાહત થાય. વાહીદ બહાર ચાલ્યો જાય ત્યારે બિલકીશને પણ થતું કે તે પણ પથારી લઈને બહારના ઓટલા ઉપર સૂઈ જાય. પણ હજુ આ ગામમાં આવ્યાને થોડા મહિના થયા હતા. જાતજાતની બીક લાગતી. શિયાળો હમણાં જ પૂરો થયો હતો. ઉનાળાના વાયરા શરૂ થયા. તપી જતી ધરતી પરથી ઊઠતી લૂથી ચામડી બળી જતી. એની સાસુ કહેતી, મોઢા આડે ઓઢણી બાંધી દેવાની. લૂ નહીં લાગે. પણ ક્યારેય મોં આડે કશું બાંધ્યું નહોતું. ઓઢણી બાંધવાથી મૂંઝારો થતો. પાછી મેલાં કપડાંમાંથી દૂધની વાસ આવતી.

અહીં આવ્યાને ચારેક મહિના થયા હતા. તે દિવસે આભ સળગ્યું હતું. આખું રણ ધગધગી ઊઠ્યું હતું. બધું અધકચરું કરીને વાહીદ બહાર ચાલ્યો ગયો. ન ઘરની અંદર રહેવાતું હતું કે ન ઊંઘ આવતી હતી. મધરાતે તેણે ગોદડી ઉપાડી અને બારણાને અડોઅડ પાથરીને સૂઈ ગઈ. આખા દિવસનો થાક અને ઠંડી હવાએ તેના ઉપર ઊંઘનો પાલવ નાખી દીધો. કેટલો સમય વીત્યો હશે ખબર નહીં. ઊંઘમાં જ કોઈએ તેને પડખામાં લાત મારી. તે સમજે પહેલાં તો વાહીદે તેનો હાથ પકડીને ઊભી કરી નાખી. બારણું ખોલીને અંધારામાં બે થપ્પડ મારી દીધી. તેની આંખોમાં આંસુ થીજી ગયાં. તેને સમજ નહોતી પડી કે વાહીદે તેને માર્યું શા માટે? તે કશું વિચારે તે પહેલાં વાહીદે વધુ એક થપ્પડ મારતાં ધીમેથી કહેલું, “બહારની હવા ખાવી છે કે નાસી જવા માટે બહાર આવી હતી? આજ પછી રાતે જો બહાર પગ મૂક્યો છે તો જીવથી જઈશ.” વાહીદ ધક્કો મારીને બહાર ચાલ્યો ગયો. જતાં જતાં દરવાજો બહારથી બંધ કરતો ગયો. તેણે ભીંતને પીઠ ટેકવીને રડ્યા કરેલું. અંધારામાં વહેતાં આંસુઓની ઝાંખપમાં તેને કશું દેખાતું ન હતું.

તેના ગાલ હજુ ચચરતા હતા. વાહીદે માર્યું શા માટે? મારે તો બસ, થોડી વાર બહાર સૂવું હતું. નાસી જવાનો વિચાર પણ મને ક્યારેય આવ્યો નથી અને નાસીને જાઉં ક્યાં? આ વિસ્તાર ક્યાં આવ્યો તેની પણ મને ખબર નથી. વાહીદ સાથે કલકત્તાથી ટ્રેનમાં બેઠી તે પછી ત્રીજા દિવસે ટ્રેન તેને દેશના બીજા છેડે લઈ આવી. સાવ ઉજ્જડ વિસ્તાર. તેને અચરજ થતું હતું કે આવો પ્રદેશ? બાવળની આછી ઝાડી અને નકરો ખારોપાટ. દૂર દૂર સુધી કોઈ ઝાડ ન દેખાય. ન નદી, ન તળાવ કે ન કોઈ કૂવો. તેને દિવસો સુધી અફસોસ થયા કર્યો કે તેણે કે માની વાત શા માટે માની લીધી? શા માટે વિરોધ ન કર્યો? શા માટે તપાસ ન કરી કે મા મને જ્યાં મોકલી રહી છે તે વિસ્તાર ક્યાં આવ્યો અને કેવો છે? જોકે ઘરમાં તેની પડખે ઊભું રહે તેવું હતું પણ કોણ? ભાઈબહેન પોતાનાથી નાનાં અને અબ્બા તો આમેય દારૂ પીને પડી રહેતા. ઘરમાં મા કહે એમ જ થતું. તેને પોતાનું વતન યાદ આવતું હતું. જ્યાં જન્મીને મોટી થઈ એ ગંગા નદીના કાંઠાનો વિસ્તાર. નાનું ગામડું પણ ભર્યું ભર્યું હતું. ગામડાને અડીને કલકત્તા હાઈ વે પસાર થતો. ચારેબાજુ માણસો, હરિયાળાં વૃક્ષો, ચોખાનાં ખેતરો, દોડતાં વાહનો અને રાતે વહેતી ઠંડી હવા. આંગણાની ખુલ્લી જગ્યામાં સૂઈ જવાનું. ખુલ્લી જગ્યા તો અહીં પણ છે, છતાં ખાઈ મારે છે. દિવસે ન કોઈ માણસ દેખાય કે ન કોઈ વાહનનો અવાજ સંભળાય. પાણી તો અહીં લોહીથી

પણ કીમતી. પાણી પીતાં વધે તો પાછું ઘડામાં ઠાલવી દેવાનું. દિવસ ઊગે ત્યારથી આથમે ત્યાં સુધી ઘરની આજુબાજુ ફરતી ભેંસોના વિસ્તારથી દૂર નહીં જવાનું. કહેવાતા ગામમાં બસો જેટલા જ માણસો. ન ટીવી, ન મોબાઇલ ફોન, ન અખબાર, ન બહારની ખબર પડે કે ન ખબર બહાર જાય. ધીમે ધીમે તે રણપ્રદેશ કહેવાતા આ વિસ્તારથી ટેવાતી ગઈ. પોતાનું ઘર, પોતાનો ધણી, સાસુ-સસરાનું મોટું કુટુંબ, વાહીદની ભેંસો, વીરડા ઉપર પાણી માટે કજિયા કરતી સ્ત્રીઓ, ન ભાષા સમજાતી કે ન આ લોકોનો વ્યવહાર. નાનકડી વસાહત જેવા ગામની બહાર મોટી દુનિયા છે તે ભુલાતું ગયું. સૂરજ ઊગે એ દિવસ અને આથમે પછી રાત. ચંદ્ર વધેઘટે એ તિથિ. તારીખ શબ્દ ભુલાઈ ગયો. ઘરની પાછળ જ બે ઓરડાવાળી નિશાળ આવેલી છે. એક યુવાન માસ્તર ભણાવવા આવે છે. પણ ભણાવે કોને? ગામના છોકરા ભેંસો ચારવા ચાલ્યા ગયા હોય. તેમ છતાં માસ્તર સમયસર આવે, નિશાળ ખોલે. પછી ઓરડાનાં બારણાં વચ્ચે ખુરશી રાખીને બેસી રહે. બપોરે થોડું જમી લે. સાથે લાવેલી બૉટલમાંથી વારે વારે પાણી પીધા કરે. તેજ પવનથી ઊડતા વાળને સરખા કર્યા કરે. બપોર ઢળે તે પછી પોતાનું વાહન લઈને ચાલ્યો જાય. તેના વાહનનો અવાજ કાનોમાં જાય ત્યારે ખબર પડે કે માસ્તર આવ્યો છે. સાંજે જાય ત્યારે ફરી વાહનનો અવાજ આવે ત્યારે ખબર પડે કે માસ્તર ગયો. ધીમે ધીમે એ અવાજને કાનોએ બરાબર યાદ રાખી લીધો. રાતે નિશાળના ચોગાનમાં ભેંસો પુરાય. ભેંસોના ભાંભરવાના અને એકબીજા સાથે શીંગડાં ભટકાવાના અવાજ વા બારામાંથી ઘરની અંદર આવતા રહેતા. એક વાર પછીતના વા બારામાંથી માસ્તરને જોઈ લીધેલો. બિચારો માસ્તર! એકલો એકલો રસ્તા ઉપર ધૂળને ઊડતી જોયા કરતો હતો. ગામ કહેતું કે માસ્તર સારો છે. તે રોજ આવે છે. બાકી આ ગામમાં અત્યાર સુધી કોઈ માસ્તર ટક્યો નથી. તે દિવસથી વા બારાનું બંધાણ થઈ ગયેલું. ઘરમાં જાય ત્યારે વા બારામાંથી એકાદ નજર કરી લેવાનું મન થાય. ક્યારેક નજર ભોંઠી પડે તો ક્યારેક પગ બહાર દોડી જવા ઉતાવળ કરે. પણ ભીંતમાં ટીંગાડેલી ચમકતી કુહાડીને જોઈને મન ઠરી જાય.

ફરી હવા તપી હતી. રાત ઊકળતી હતી. બિલકીશને થયું તે પથારી લીધા વગર ધીમેથી બહાર જાય અને બારણાની લગોલગ સૂઈ રહે. પવનથી પછડાતી નિશાળની તૂટેલી બારીનો અવાજ વા બારામાંથી અંદર સુધી આવી જતો. બહાર ઠંડો પવન ફૂંકાતો હતો. તેને રાતે ગરમી થાય અને ભીંતમાં ટીંગાડેલી કુહાડી યાદ આવે. શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ જતું. તેને જ્યારે બહાર સૂવાનો વિચાર આવે કે પડખામાં પડેલી લાતની પીડા યાદ આવી જાય. બસ તે મોટા ભાગનાં કપડાં ઉતારી પરસેવાથી રેબઝેબ પોતાના અર્ધનગ્ન શરીર ઉપર હાથ ફેરવ્યા કરતી. વાહીદની વાત સાચી હતી. ઘરની કોઈ સ્ત્રી બહાર સૂતી નહોતી. વાહીદનાં સગાં અને કાકાઈ ભાઈઓ મળીને આખું બત્રીસ જણનું કુટુંબ. રાતે વિશાળ આંગણામાં ઢળેલા ખાટલા ઉપર જુદા જુદા ઓરડામાંથી નીકળેલા પુરુષો લંબાવી દે તે છેક મસ્જિદમાંથી સવારની આઝાનનો અવાજ આવે ત્યાં સુધી સૂતા રહે. ઘરની બંધ દીવાલો વચ્ચે સ્ત્રીઓ અને યુવાન છોકરીઓ પરસેવો અને ગરમી ભૂલીને સૂઈ રહે.

બિલકીશને વિચાર આવતા કે મને થાય છે એવું ઘરની બીજી સ્ત્રીઓને થતું હશે? એમને અકળામણ અને ગરમી નહીં થતી હોય? એની વૃદ્ધ સાસુ પણ ઘરની અંદર સૂઈ રહેતી. એકાદ વાર તેણે પોતાની જેઠાણીને વાત કરી હતી. જેઠાણી થોડી વાર સામે જોઈ રહેલી. પછી "આ તારું કલકત્તા નથી. જે છે તે આ છે." કહીને કામે વળગેલી. પરિવારની નાનીમોટી પંદરેક સ્ત્રીઓ બધું ભૂલી ગઈ હતી. બધું ભૂલીને જીવતી હતી. નાની છોકરીઓને કશી ખબર ન હતી. એમના માટે બારી વગરનાં હારબંધ ઊભેલાં નાનાં મકાનોના આંગણામાં રમવાનું, ધાર્મિક ચોપડીઓ વાંચવાની, દૂધના મોટા કેન ધોવાના અને પુરુષો ચાલ્યા જાય પછી સૂનકાર ભરેલા આભ નીચે ભેંસોનું છાણ ઉપાડવાનું. ક્યારેક કોઈ ખટારાવાળો ખાતર ભરવા આવે ત્યારે છોકરીઓએ પહોળા આંગણામાં કતારબંધ ઊભેલા મકાનના પડછાયામાં બેસી રહેવાનું. ઘરની મોટી છોકરીઓ અને સ્ત્રીઓએ રોજ સવાર પડે અને ભેંસોને પાણી પિવડાવવાથી માંડીને છાણ ઉપાડવાનું, તળાવના વીરડામાંથી પાણી ઉલેચી અવાડામાં ભરવાનું. ઘરના લોકો માટે ખાવાનું બનાવવાનું. પંદર દિવસે કપડાં ધોવાનાં અને બંધ ઓરડાની અંદર આવતા પોતાના પુરુષની પીડા ખમવાની. બિલકીશને કશું સમજાતું નહીં. આમ કેવી રીતે જિવાય? મન બળવો કરે પણ કોની સામે કરે? તો શું મારી માએ મને વેચી દીધી હશે? ધીમે ધીમે તેને સમજાઈ ગયું કે આવી રીતે જ જીવવાનું છે. આમાં જ જીવવાનું છે. પોતાના ઓરડાની ભીંત પર લટકતી ધારદાર કુહાડીને જોતાં તેની બધી જ ઇચ્છાઓ દબાઈ જતી. આજે બપોરે વાહીદ બહુ ખુશ હતો. તેને ક્યાંકથી રૂપિયા મળ્યા હતા. એને ભરબપોરે બહુ વહાલ સૂઝતું હતું. જ્યારે વાહીદને વહાલ જાગતું ત્યારે બિલકીશ ડરી જતી. વાહીદની ઝીણી આંખોમાં ઊભરાતા વહાલની પાછળ પાથર્યા વગર જ રગદોળી નાખ્યાની લાલસા દેખાતી. વાહીદ ક્યારે શું કરશે તેનું કશું નક્કી નહીં, પણ તે વાહીદના મનને સારી પેઠે ઓળખી ગઈ હતી. તેણે આંખનો ઉલાળો કરતાં કહેલું, "આ કુહાડી બીજે ક્યાંક રાખને. રાત દિવસ સામે ને સામે.

વાહીદે આંખો ઝીણી કરીને હસતાં કહેલું, "બીક લાગે છે?"

વાહીદની છાતી પર હળવેથી મુઠ્ઠી મારતાં કહેલું, "હા, બીક લાગે છે. તારી અને કુહાડી, બન્નેની બીક લાગે છે. તે દિવસે ઊંઘમાં કેવી લાત મારેલી. હજુ પાંસળી દુઃખે છે."

બીક લાગવી જોઈએ. આ કુહાડી એટલે જ તારી સામે જ રાખી છે. બીક છે એટલે તો હજુ બેઠી છો. ભાગવાનો કદી વિચાર ન કરતી. આ બાજુ તારા પંથકની કેટલીય ફરે છે ને કેટલીય ધણીની આંખમાં સુરમો આંજીને નાસી ગઈ છે. એટલે ભાગવાનો વિચાર આવે તે વખતે આ કુહાડી જોઈ લેવાની.

વાહીદની આંખોમાં કોઈ હિંસક પશુ જેવી ચમક હતી. તે સ્તબ્ધતાથી વાહીદ સામે જોઈ રહેલી. જાણ બહાર રોમાંચિત થયેલું શરીર અચાનક ઠરવા માંડેલું. તેને ખબર હતી વાહીદના ખિસ્સામાં પડેલા રૂપિયા તેને ઉજાણી કરવા ઉશ્કેરી રહ્યા છે. તે ઊભી થઈ તો હાથ પકડીને બેસાડી દેતાં વાહીદે કહેલું, "ક્યાં ભાગશ? મારાથી

ભાગીને ક્યાં જઈશ? ભાગીશ તોય આ રણ પાર કરીને ક્યાં જઈશ? કલકત્તા તો કેટલુંય આઘું પડ્યું છે. તું પહેલાં જેવી રહી નથી. મડાની જેમ પડી રહે છે. મને જરાય મજા નથી આવતી. તારી સાથે જ ઝરીના આવી છે એ પેટથી છે ને તું હજુ ધોયે રાખશ. સાલ્લી, આજે તો બી વાવી જ દઉં. મા ક્યારની મને પૂછ્યા કરે છે એને શું જવાબ આપું? જલદી છોરો જણ નહીંતર મારે કોઈ બીજી શોધવી પડશે, ચાલ.” કહેતાં તેણે જમીન ઉપર પાડી દીધી.

બસ, અચાનક એક ઉપાય મળી ગયો. રોજ રાતે તેને વાહીદના શબ્દો યાદ આવતા. અંધારામાં તેનામાં હિંસક પશુ જેવું ખુન્નસ ભરાતું. તે હાથ પસારીને મડાની જેમ પડી રહેતી. ક્યારેક આંખો ઉપર નાખી દેતી. વાહીદ ગુસ્સે થતો. બેય હાથ પકડીને પોતાના ગળામાં ભેરવતો પણ વાહીદને ભીંસવાને બદલે હાથ ઢીલા પડીને જમીન ઉપર પથરાઈ રહેતા. વાહીદ ચિડાતો. ક્યારેક મારતો. પણ તેણે જોયું કે હવે વાહીદના હાથમાં જાણે જોર જ નહોતું. પોતે ચૂપચાપ પડી રહેતી. વાહીદ બળતરા ઠાલવતો. પેડુમાં બહુ પીડા થતી અને વાહીદ બહાર ચાલ્યો જતો. વાહીદનો ગુસ્સો જોઈ તેને કશુંક ગમવા માંડ્યું હતું. એક વર્ષ થઈ ગયું હતું. સાસુ હવે રોજ તેની ચાલ જોતી, મહિને બારે થતી ત્યારે ચિડાતી. અકારણ ગુસ્સો કરતી તે પણ તેને સાસુની અકળામણ ગમવા માંડી હતી. તે સવાર પડે ઊઠતી. આખા લશ્કર માટે ચા ચડાવતી. ચા ઊકળી રહે ત્યાં સુધીમાં અંધારામાં લોટો ભરીને બાવળની ઝાડીમાં જઈ આવતી. ક્યારેક એની જેઠાણીઓ પાછળ પાછળ આવતી હોય એવું તેને લાગતું પણ હવે તેને કોઈ બીક લાગતી નહીં. ન વાહીદની, ન કુહાડીની, ન ગરમીની, ન ફૂંકાતા પવનની, ન સૂનકારની, ન સાસુના વડચકાની. એની જેઠાણીઓને થતું કે આને આવડો રાજીપો શેનો છે? બાર મહિના થયા હજુ એમની એમ ઠાલી ફરે છે એનો કે પછી બીજો કોઈ?

આજકાલ માસ્તર વહેલો આવી જાય છે. તે કોઈક સર્વે કરે છે. દરેક ઘરે જઈને પ્રશ્ન પૂછે છે. વારે વારે ઊડતા વાળ ઠીક કરતા જુવાન માસ્તર કોઈ સ્ત્રી પાસે જતો નથી. પુરુષો મોટા ભાગે ઘરે મળતા નથી. માસ્તર વહેલો આવે તો પુરુષો ભેંસો દોહવામાં, દૂધનાં કેન ભરવામાં, ગાડીઓ શહેરમાં મૂકવાની વેતરણમાં પડ્યા હોય. મોડો આવે તો પુરુષો ચાલ્યા ગયા હોય. સ્ત્રીઓ છાણ ઉપાડતી હોય, કોઈ વીરડામાંથી પાણી ઉલેચતી હોય, કોઈ સ્ત્રી નવરી ન હોય. માસ્તર બિચારા મૂંઝાયા કરે. એ કાગળિયાં લઈને પાછો નિશાળમાં જઈને બેસી રહે. એની પાસે મોબાઇલ ફોન હતો પણ ટાવર વગર કરે શું? ગીત સાંભળ્યા કરે. ક્યારેક લાગે કે તે સૂઈ ગયો છે. પણ ધોમ બપોરે માસ્તર અચાનક ઘરે ચાલ્યો આવશે તેની કલ્પના પણ કરી ન હતી. “વાહીદભાઈ ઘરે છે?”

ખીપડાની જૂની છાપરીના પાંખા છાંયડામાં સૂતેલી સાસુએ બેઠા થઈને કહ્યું, “વાહીદ તો નથી. કામ હતું માસ્તરસાહેબ?”

“અરે પાણી તો પિવડાવશો કોઈ? આ વિસ્તારમાં પાણીની તરસની સાથે માણસની તરસેય વેઠવાની.” કહીને માસ્તર સાસુની સામેની નાની પેઢલી ઉપર બેસી

ગયો. બિલકીશ પાણીનો લોટો ભરીને આવી. પાણી લેતી વખતે માસ્તરે સાસુને પૂછ્યું, "આ વાહીદનાં વાઇફ છે? મેં ક્યારેય જોયાં નથી. ક્યાંનાં છો બેન?"

"કોલકાતા" આટલું બોલતાં તો બિલકીશનું ગળું ભરાઈ આવ્યું. માસ્તર આખો લોટો પાણી પી ગયો. પછી ધીમેથી કોલકાતા બોલતાં તેણે બિલકીશ તરફ જોઈને કહ્યું, "ભણેલાં છો? ગુજરાતી આવડે છે?"

ઓઢણી નીચે ઉતારી મોં ન દેખાય તેમ બિલકીશે નકારમાં માથું ધુણાવતાં કહ્યું, "મગર હિન્દી જાનતી હું. આઠવી કક્ષા તક પઢી હું."

"અચ્છા? મૈં ભી એમ.પી. કા હું. ગુજરાતીમેં પઢા હું. યહાં તાલુકા સેન્ટરમેં અકેલા રહતા હું. બિલકીશ પરાણે ચાલી ગઈ. બિલકીશની સાસુ સામે જોતાં માસ્તરે કહ્યું, "માડી, આ ફૉર્મ ભરવાનાં હતાં. પણ ગુજરાતીમાં છે. આ બહેન ગુજરાતી જાણતાં નથી. તમારા ઘરની છોકરીઓ સમજશે નહીં. વાહીદ એક જ ભણેલો છે. એ આવે તો એને કહેજો કે મારી પાસે આવે." કહીને માસ્તર ચાલ્યો ગયો. બારણાની આડશમાંથી બિલકીશે માસ્તરને જતો જોયો. તે હંમેશની જેમ નિશાળના ઓરડાના બારણા વચ્ચે બેસી ગયો. અચાનક જ માસ્તરની નજર વા બારા તરફ ગઈ. તે તાકી જ રહ્યો. બિલકીશને થયું, શું એને ખબર પડી ગઈ હશે કે હું રોજ વા બારામાંથી જોયા કરું છું? તે દિવસ પછી માસ્તર નિશાળના બારણા વચ્ચે બેસીને વા બારા સામે તાક્યા કરતો. એકાદ અઠવાડિયા પછી રાતે વાવડો ફૂંકાયો. ખબર નહીં ક્યાંથી વાદળાં ચડી આવ્યાં. થોડો વરસાદ થયો. હવામાં ભેંસના છાણની તીવ્ર વાસ ફેલાઈ ગઈ. ઓરડાની અંદર હવા ભીની ભીની થઈ ગઈ. એ રાતે વાહીદ કોઈને ત્યાં પ્રસંગ હતો એટલે બહાર ગયેલો. વહેલી સવારે ઊઠેલી બિલકીશ નિશાળના આંગણામાં બાંધેલી ભેંસો તરફ ગઈ. તેણે નિશાળના બારણા તરફ જોયા કર્યું. બે ભેંસો ઓટલાની ઉપર ચડી ગઈ હતી. તેણે ભેંસોને નીચે ઉતારી અને બારણાને અડીને ઊભી રહી. વાહીદ હજુ આવ્યો નહોતો. દસેક વાગે માસ્તરના વાહનનો અવાજ સંભળાયો. બિલકીશે વા બારામાંથી જોયું. નિશાળનું બારણું ખોલીને માસ્તરે જમીન ઉપર પડેલો કાગળ ઉપાડ્યો. વાંચ્યો અને તરત વા બારા સામે જોયું. માસ્તરના ચહેરા ઉપર તરસ તગતગી રહી.

■

કુદરતી ઉપચાર અને દેશી દવાની પદ્ધતિઓ પર મને પ્રેમ છે અને પશ્ચિમની દવાદારૂની પદ્ધતિને મેં મેલી વિદ્યા તરીકે ઓળખાવી છે, એ વાત પણ સાચી છે, છતાં તેની વિદ્યામાં જે પ્રગતિ થઈ છે, તે ન જોવા જેટલો હું આંધળો બન્યો નથી. તે પદ્ધતિને મેં આવું કરડું નામ આપ્યું છે અને તે હું પાછું ખેંચી લેવાને તૈયાર નથી, કેમ કે, તેમાં પ્રાણીઓના શરીરને ચૂંથવાની ક્રિયા અને તેમાં સમાતી બધી ભયાનકતાની છૂટ રાખવામાં આવી છે, તે શરીરનું આવરદા વધતું હોય, તો ગમે તેવી ભૂંડી પદ્ધતિ અખત્યાર કરવામાં પાછું ફરીને જોતી નથી અને શરીરમાં વસતા અમર આત્માના અસ્તિત્વની અવગણના કરે છે. કુદરતી ઉપચારની અનેક મોટી મોટી મર્યાદા છે અને ઉપચાર કરવાની વાતો કરનારા કશી મહેનત કર્યા વિના મોટા મોટા દાવા કરે છે, છતાં હું તેને વળગી રહું છું.... (ગાંધીજી, હરિજનબંધુ, તા. ૧/૯/૧૯૪૬, પૃ. ૨૯૮)

ફરી દાણ....

પ્રણવ પંડ્યા

'માણસો પણ કેવા મૅનરલેસ હોય છે. એક વાર ફોન ન ઉપાડે તો સમજતા કેમ નહિ હોય કે સામેવાળી વ્યક્તિ ક્યાંક કામમાં રોકાયેલી હશે? આ તો રિંગ પર રિંગ વગાડે, નવરી પાર્ટી.' નહતાં નહતાં મેં બબડાટ કર્યો. બહાર પલંગ પર રાખેલા મોબાઇલમાં હજી રિંગ વાગતી હતી. હું ઉતાવળે ટુવાલ વીંટી બહાર આવ્યો અને મોબાઇલ હાથમાં લઈ ગાળ બોલ્યો. "નવરીનો. આ ગામડિયો કોઈ દિવસ સુધરશે નહિ." મેં નક્કી કર્યું કે નથી જ લેવો. ત્યાં ફરી રિંગ ચાલુ થઈ. કંટાળીને મેં ગ્રીન સ્વાઇપ કર્યું ને બોલ્યો, "ભાનબારીના, દીલ્પા, ખબર ન પડે કે કૈંક કામ હશે. ચોંટી પડ્યો છે સવાર સવારમાં. તારા બાપાએ દેવાળું ફૂક્યું કે શું?...

સામે છેડેથી દિલીપ એટલું જ બોલ્યો, "ફરી દાણ ને ફરી દાણ...."

"હેં?" મારી રાડ ફાટી ગઈ. "ક્યારે? ક્યાં દાખલ કર્યા છે? કેમ છે અત્યારે?"

"વેલી સવારે. માંડ સિટીમાં પહોંચાડ્યા છે. આઈસીયુમાં છે. ડૉક્ટર કહે છે ચોવીસ કલાક ટકી જાય તો વાંધો નો આવે. તને એકધારા યાદ કર કર કર કરે છે."

"હું નીકળું છું" એટલું બોલી ફટાફટ કપડાં પહેર્યાં. એક જોડી બૅગપૅકમાં નાખી, ચાર્જર ને કિટ લઈ સીધો બસસ્ટૅન્ડ બાજુ ભાગ્યો. એક બસ બસસ્ટૅન્ડની બહાર નીકળતી હતી. દૂરથી બોર્ડ વાંચી બસ સાથે દોડતાં દોડતાં મેં બારણું ખખડાવ્યા કર્યું. બબડતાં બબડતાં માંડ કંડક્ટરે ખોલ્યું. 'વેલા આવતા હો તો.....' મારું ધ્યાન ન હતું. મેં મોબાઇલ કાઢી નીતિનને મૅસેજ ટાઇપ કર્યો. 'બાપાને ફરી ઍટેક આવ્યો છે. હું જાઉં છું. પહોંચીને વાત કરું.'

નીતિનના મૅસેજમાં બે ટીક ન થઈ. મને વિચાર આવ્યો, 'ડલાસમાં રાતના બે વાગ્યા હશે. સૂતો હશે'

નીતિન અને દિલીપ મારા બાળપણના મિત્રો. બંને રહેતા મારી જ શેરીમાં. પ્રાથમિક શાળામાં એક પાટલીએ બેસી ભણ્યા. દિલીપ ભણવામાં બહુ નબળો. એના ઘરની સ્થિતિય નબળી. બાર ધોરણ પછી ન તો એ ભણી શકે એમ હતો, ન તો એના બાપા ભણાવી શકે એમ. એના કુટુંબી સરકારી અધિકારી હતા. એમણે એના બાના નામે આંગણવાડી કેન્દ્રની મંજૂરી અપાવી દીધી. એટલે પછી દિલીપ પણ એમાં જ મદદ કરતો. હું ને નીતિન કૉલેજ કરવા શહેરમાં સાથે અપડાઉન

કરતા. નીતિનનાં બા બાળપણમાં ગુજરી ગયેલાં. એના મામાની એક દીકરી હતી. એણે નીતિનને દીકરાની જેમ ઉછેર્યો. બાપાએ બીજું ઘર ન કર્યું. ખેતરમાં જાતને જોતરી દીધી. સવારથી સાંજ લગી ખેતરમાં હોય. વ્યવહારમાં રસ રહ્યો નહિ. ગમે ત્યારે ગમે તેની સાથે બાખડી પડે. ગરજ વગર કોઈ એને બોલાવે નહિ. પણ બાપા અંદરથી બહુ પ્રેમાળ હતા એ હું જાણતો. એટલે બીજા કોઈ છોકરા એના ઘરની ખડકી ખખડાવતાંય બીવે અને હું એને ત્યાં ગમે ત્યારે જતો, વાંચતો, રમતો અને ઘણી વાર જમી પણ લેતો. કૉલેજ પૂરી થઈ પછી મને તલાટીમંત્રીની નોકરી મળી ગઈ. મૂળ નોકરી બીજે પણ બાજુના ગામનો વધારાનો ચાર્જ મળ્યો. આછી પાતળી નોકરી તો નીતિનને પણ મળે એમ હતી. પણ એના માસાએ કાયમ એને અમેરિકાનાં સપનાં બતાવ્યાં હતાં. બાપા એ જાણીને ગુસ્સે થઈ જતા. “ઈ ઘેલસાગરાની વાત્યુંમાં આવશ મા. એનો આખો વેલો ન્યાં પાયખાનાં સાફ કરે છે ને મોટા સ્ટોરમાં વાંહો ફાટી જાય એવા ઢવડા કરેસ. મોટા બંગલા ને ગાડિયુંથી જિંદગી નો જાય. હું ભલે ગામમાં ઓસુ ભળું, પણ હાકોટો કરું તો તરી માણહ ભેગું થઈ જાય.”

બાપા ચાર ચોપડી ભણેલા. એટલે અંગ્રેજી આંકડા છૂટા કરીને બોલે. ત્રીસનું તરી થાય ને થ્રીનું થરી. જુવાનિયા એટલે જ આમાંથી એનું નવું નામ શોધી કાઢ્યું હતું. બાપાની અનેક વારની સમજાવટ પછીય નીતિનને માસાએ ચડાવેલું અમેરિકાનું ભૂત ન ઊતર્યું. વર્કિંગ વિઝા ન મળ્યા એટલે માસાએ નવે રસ્તે ચડાવ્યો. “ગ્રીનકાર્ડ- વાળી છોકરી બતાવું, પયણી જા. કાયમનો પ્રશ્ન પૂરો.” બાપા બહુ ખિજાણા. ફોનમાં માસાને બહુ હાંક્યા. ‘એલા, તું સાઢું છો કે ડાકુ? એકના એક સોકરાને પારકે પરદેશ શું લઈ જાસ? શેરમાં રેય તોય વાંધો નથ. એનું કરી લેહે. પણ આ છેલે ટાણે પાણી પાવાય ન પૂગે એટલો આઘો કાં કર સ?’ માસાએ ફોન બંધ કરી દીધો પણ નીતિનને ચડાવવું બંધ ન કર્યું. કેટલીય છોકરીઓ બતાવી. ડિસેમ્બરથી માર્ચમાં જોણ્ય ગોઠવ્યા. પણ કોઈ દેખાવડી છોકરી આ રૂપકડાને પસંદ જ ન કરે. આ બધું બાપાને અંધારામાં રાખીને. છેવટે માસાએ એના જ દૂરના કુટુંબીની છોકરી સાથે ફાઇનલ કરાવ્યું.

બાપાને ખબર પડી. ઊંડો નિસાસો નાખ્યો. એ દિવસે એની હાલત જોઈ ન શકાય તેવી હતી. સાંજે હું એના ઘરે ગયો ત્યારે ફળિયામાં શાકભાજીના ક્યારા પાસે ખાટલો ઢાળીને લમણે હાથ દઈ બેઠા હતા. હું ચુપચાપ બાજુમાં જઈ બેસી ગયો. થોડી વારે મેં એમના ખભે હાથ મૂક્યો ત્યારે મારી સામે જોઈ એટલું જ બોલ્યા, “પરસેવો પાઈને ઉસેરેલો આંબો કોઈને ઇજારે આપી દીધો હોય એવું તો થાય કોક નબળા વરસમાં, પણ સચોડો આંબો જ કોઈ મૂળથી ખેંસીને લઈ જાય એવું તો પેલી વાર જોયું. ને ઈ આંબોય મારો ને ઈ ઇજારેદારય મારો. કોને કેવું ભાય? મારે એનો સાંચો નોતો જોતો, કે નોતી જોતી કેરિયું. દખ એનું નથ. દખ તો ઈ કે પારકી ભોંમાં ઈ મૂળ મેકેલો આંબો મોરશે નઈ ભાય.” આટલું બોલતાં જ આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મને નીતિન પર અનહદ ગુસ્સો આવ્યો. હું કંઈ બોલું એની પેલાં બાપા જ બોલ્યા, “હઈસે, જેવી ઠાકોરજીની મરજી.”

નીતિન બે દિવસ પછી એની ભાવિ પત્નીને લઈ ગામ આવ્યો. બાપાને બંને પગે લાગ્યાં. બાપા કંઈ ન બોલ્યા. થોડી વારે ઊભા થઈ ઘરમાં ગયા અને પટારામાં

તળિયે રાખેલા નીતિનની બાના પાટલા લઈ આવ્યા ને આપ્યા છોકરીના હાથમાં. "આની બાના સે. સારા વરસે મેં બહુ કીધું ત્યારે કરાવ્યાતા. પણ અંગેય અડાડ્યા નથ. કેતા'તા કે નિત્યાના લગનમાં પેરીશ. એના આશેર્વાદ સમજી લે આ."

"વાવ, ઇટ્સ સેક્સી ઍન્ટિક!" છોકરીએ પાટલામાં હાથ નાખ્યા અને એના કાળા હાથમાં સોનું વધુ ઝળકી રહ્યું. બહુ કદરૂપી છોકરી પધરાવી'તી માસાએ, પણ હવે નીતિનને કહેવાનો અર્થ ન હતો. રાતે અમે પાનના ગલ્લે મળ્યા ત્યારે એણે કહ્યું કે અરજન્ટ પેપર કરાવ્યાં છે. કદાચ એકાદ મહિનામાં મેળ પડી જશે. પણ એ પહેલાં મેળ પડી ગયો. બાપાએ કહ્યું કે લગન તો કરી લ્યો. તો કહેવાયું કે એનો ટાઇમ નથી, ત્યાં જઈને થશે બધું. બાપા બધું જોયા કરતા. કંઈ બોલે નહિ. આખો દિવસ વાડીએ રહે. ક્યારેક રાત પણ કાઢી લે ત્યાં. એનાથી નીતિનની તૈયારી જોવાતી નહિ.

નીતિનને જવાનું હતું ત્યારે બાપાએ મને કહેલું કે તું હાર્યે જાજે અમદાવાદ સુધી. સવારે નીતિન પગે લાગ્યો. બાપા આડું જોઈ ગયા. ખાદીના ત્રાંસિયામાં સિવડાવેલા ખિસ્સામાંથી પૈસાની થોકડી કાઢી નીતિનના હાથમાં મૂકી. "હમણાં જરૂર પડશે તો કોઈ પાહે હાથ લાંબો કરવો નય એટલે. કેય સે કે ત્યાંનો રૂપિયો બવ મોટો આનાથી. પણ કાંઈક તો ટેકો કરસે. ને મારી ફકર કરશ મા." નીતિનનેય ડૂસકું આવી ગ્યું. એણે અંદરથી એક બૉક્સ કાઢી બાપને આપ્યું. "ફોન છે. બધું ગોઠવી દીધું છે. સંજીયો શીખવી દેશે બધું ય." ગાડી ઊપડી ત્યારે બાપા છાતી પકડી ઊભા રહેલા. રસ્તામાં મને નીતિને કહેલું કે બાપાનું ધ્યાન રાખજે.

એ દિવસથી વાડ-વેલા હાર્યે જ વાતું કરતા બાપા છડેચોક વાતો કરવા માંડ્યા. બધાને કૌતુક થયું કે આમ કેમ. મનેય ન સમજાયું. પણ બાપા કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં અટવાયેલા રહે એ સારું હતું. એ વખતે ગામમાં એકલદોકલ મોબાઇલ. એમાં બાપા પાસે નીતિને આપેલો લેટેસ્ટ આઈફોન હતો. એટલે જુવાનિયાને બહુ રસ પડ્યો. અડધા સફરજનની બ્રાંડનો આ ફોન કૉલેજની ફેશનેબલ પેઢી વાપરતી એટલે વટ ગણાય એવું છોકરાઓ જાણતા.

બાપાએ સેવાવૃત્તિ વધારી. પડોશીઓને નંબર આપ્યા. "નાઇન એટ થરી ઝીરો.... ફરી દાણ એટ ને ફરી દાણ થરી" બાપને નંબર મોઢે થઈ ગયો હતો. જાણે નંબર ન હતો, નીતિનનો સાદ હતો. ગામમાં જેને મળે એને નંબર આપે. એટલી વાર નંબર બોલે કે ગામલોકોએ બાપાનું નામ 'ફરી દાણ' પાડી દીધું. શરૂઆતમાં નીતિન બહુ ફોન કરતો. બાપા મોડી રાત સુધી એના ફોનની રાહમાં બેઠા રહે. નીતિને લગ્ન કરી લીધાં. એના ફોટાય મોકલ્યા. બાપા બહુ રાજી થયા. હુંય બાપાના ફોટા પાડી નીતિનને મેઇલ કરતો. બાપાને ફોનનું મહત્ત્વ સમજાયું. સંવાદનું મહત્ત્વ સમજાયું. દૂર થઈ ગયેલા સબંધોનું મહત્ત્વ સમજાયું. સહયોગનું મહત્ત્વ સમજાયું. બાપા સંદેશ પહોંચાડે પછી ભલે અડધી રાત થઈ હોય. ગમે તેનો ફોન આવે, બાપા ફોન લઈ એના ઘર સુધી જાય ને વાત કરાવે. રસ્તામાં એ એક-બે મિનિટ ફોનમાં સામેની તદ્દન અજાણી વ્યક્તિ સાથે પોતેય વાત કરતા જાય અને ફોન કર્યાનું કારણ જાણી લે. જઈને ફોન આપતાં પહેલાં કહી દે કે ચિંતા ન કરતા, રાજીખુશીનો ફોન છે.

નીતિન ગયો ત્યારથી બાપાએ ફરિયાદ ન કરી કે છાતીમાં ઊથલપાથલ થઈ છે. ક્યારેક એટલું બોલે, "અસખ થાય સ ભાય." મેં ડૉક્ટરને બતાવવા કહેલું પણ ના માન્યા. બીજે દિવસે દુખાવો બહુ વધ્યો. હું હતો એટલે સારું થયું. ગામના મેડિકલ ઑફિસરે કહ્યું કે જલદી શહેર ભેગા થાવ. બાપાના ફોનમાંથી ઍમ્બુલન્સ બોલાવી વોકહાર્ટમાં પહોંચ્યા. ડૉક્ટરે કાર્ડિયોગ્રામ કાઢી કહ્યું કે સિવિયર ઍટેક છે. એન્જિયોગ્રાફી કરી. બાયપાસ કરવી પડશે. મેં તરત જ નીતિનને ફોન કરી કહ્યું. એણે કહ્યું, "જે જરૂરી હોય એ બધું કરાવી લે અને પૈસાની ચિંતા ન કરતો. હુંય પેલી ફ્લાઇટમાં નીકળું છું." બાયપાસ થઈ. બાપાને આઈસીયુમાંથી બહાર લાવ્યા ત્યારે નીતિન પણ મારી બાજુમાં ઊભો હતો. બાપાએ સોય ભરાવેલો હાથ ઊંચો કરી એના માથે મૂક્યો. "આ હારું થ્યું. આ બા'ને તું આયવો તો ખરો."

નીતિન આ વખતે ઘણું રોકાયો. મને કહેલું કે માય ગ્યા રૂપિયા. બાપાને બહુ ખુશ રાખતો એ દિવસોમાં. બહુ વાતો કરે. અમેરિકાની ખેતીની વાતો કરે. ચોખ્ખાઈની વાતો કરે. બાપા 'ઓહો ઓહો' કર્યા કરે. બાપાના રૂમમાં એસી ફિટ કરાવ્યું. પણ બાપા સૂવે જ નહીં. "તું જ માલીપા ટાઢકમાં સૂજે ભાય. હવે આ ગરમીની ટેવ ન હોય તને. અમને તો દેશી માણસોને દેશી વાહર જ ફાવે." એમ કહી બાપા ફળિયામાં ખાટલો ઢાળી ધડકી પાથરી આડા પડતા. નીતિન ગયો એ પહેલાં એણે ફરી એક વાર હૉસ્પિટલ જઈ રૂટિન ચેકઅપ કરાવ્યું. છ મહિનાની દવા લઈ લીધી. ડૉક્ટરે કહેલું કે હવે વધુ શ્રમ ન કરે એ ધ્યાન રાખજો. આ વખત નીતિન ગયો ત્યારે બાપાએ હસતા હસતા એને આવજો કહ્યું.

બાપાએ કામ ચાલુ રાખ્યું. હડિયાપાટી ઓછી ન થઈ. મેં ઘણી વાર કહ્યું. પણ એ કહે, "સાવ પથારીમાં પડું એ પહેલાં રખડી લેવા દે ને ભાય. ખબર નઈ ફરી દાણ આ વાડિયું ને આ શેરિયું મળે ને નોય મળે."

ન તો વાડી બંધ થઈ કે ન તો સમાજસેવા. કૉલેજના છોકરા બાપા પાસેથી ક્યારેક ફોન લઈ જતા કે સાંજે આપી દઈશું. બાપાને એમ કે ભણવાનું કામ હશે કૈંક. પણ એક વાર ફોન આવ્યો ને બાપા કંઈ બોલે એ પેલાં સામેથી કોઈ છોકરી બોલી કે ફોટા મોકલ્યા છે જોઈ લેજે. બાપાને કંઈ આવડે નહિ પણ આડાંઅવળાં બટન દબાવતાં ગૅલરી ખૂલી. છોકરી સાથે ગામના છોકરાના નાગાપૂગા ફોટા જોયા ને બાપા ભુરાયા થયા. લગભગ દોડતા પહોંચ્યા પેલા છોકરાના ઘરે.

"ક્યાં ગ્યો ખોટકીનો. બારો નીકળ્ય. આવું કરવા શેરમાં જાશ? તારો બાપ આખો દી' તગારા ફેરવી તારી ફી ભરેસ, ને તું ન્યા જઈ લટુડિયું હાર્યે રખડ્સ? તારા બાપના પરસેવા સામું તો જો..." એટલું બોલ્યા કે હાંફ ચડી ગઈ. આંખે અંધારાં આવી ગયાં ને ત્યાં જ પડી ગયા. આજુબાજુ ટોળું ભેગું થઈ ગયું. મને ખબર પડી. ફરી એ જ ઘટના ક્રમ. ફરી ઍટેક. આ વખત નીતિન ન આવ્યો. મને ફોનમાં કહેલું, "નથી નીકળાય એમ યાર. તું તો સમજી શકીશ. તું જ સાચવી લે આ વખત. તારા એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરું છું. ઉપાડી લેજે."

બાપા આઈસીયુથી બહાર આવ્યા ત્યારે આશાભરી નજરે મારી આસપાસની ખાલી જગ્યાને જોઈ રહ્યા. પછી સમજી ગયા ને બોલ્યા, "તને બહુ હેરાન કરું સુ

નઈ. આ હુમલોય હેવાયો થઈ ગ્યોસ. ફરી દાણ આવ્યો લે! પણ નિત્યો ફરી દાણ કેમ કરી આવે?! એનેય લાખ તકલીફું હોય!" મેં બાપાને ઓછું બોલવા કહ્યું.

બાપા સાજા થઈ ફરી ગામમાં આવ્યા ત્યારે ખબર કાઢવાનો નવો કાર્યક્રમ શરૂ થયો. બાપા બહુ બોલે ને હું ના પાડ્યા કરું. એ દિવસોમાં હું બાપાના ઘરે વધુ રહેતો. શરૂઆતમાં રાત પણ રોકાતો. બાપા કહ્યાગરા થઈ સૂઈ રહેતા. અડધી રાત્રે પેશાબ કરવા ઊઠ્યા હોય તો મારી પથારી પાસે આવી કહેતા, "ઘામ બવ સે ભાય. માલીપા વયો જા, નિત્યાના રૂમમાં." હું કહેતો કે મનેય એની ટેવ નથી. દિવસે બાપાની ફોનસેવાનો વ્યવહાર સચવાતો હોય એમ ખબર કાઢનારની લાઇન લાગતી. કેટલાક તો દોઢા થઈ કહી પણ દે, "બાપા, બે હુમલા આવી ગ્યા, હવે ફરી દાણ આવ્યો તો ફરી દાણ આયા નઈ આવો." બાપા હસતા ને કહેતા, "પાસમની સઠ કોઈની થઈ સે ભાય?! ઠાકોરજીની મરજી હઈસે એમ થાહે". બાપા હવે નીતિનના ફોનની રાહ ન જોતા, પણ મારા આવવાની રાહ જોતા એ હું અનુભવતો.

હવે બાપાની હડિયાપાટી ઓછી થઈ એવું મને લાગ્યું. પણ બાપા મનમાં ને મનમાં મૂંઝાતા હતા. ગામમાં હવે ઘણા મોબાઇલ થઈ ગયા ને બાપાની જરૂર ઓછી રહી. નીતિન પણ હવે ભાગ્યે જ ફોન કરતો. ખેતર ભાગિયાને આપી દીધું. આખો દિવસ ઘરની ઓસરીમાં બેઠા રહે. હજી કોઈ કોઈના ફોન આવે તો એને વાત કરાવવા જાય. પણ કોઈ દોડાદોડી નહિ. મને એમ કે બાપા સમજી ગયા છે. હું રાજી હતો ને નીતિનનેય કહેતો કે બાપા વધુ સભાન થયા છે. પણ એવું ન હતું. બાપાની બહારની હડિયાપાટી હવે અંદર શરૂ થઈ હતી. હું જ્યારે જાઉં ત્યારે ફળિયા કે ઓસરીમાંથી આકાશ સામું જોઈ બેઠા હોય. પણ મને જોઈ એની આંખો ચમકી ઊઠે. જાણે એ મારી જ રાહ જોતા હોય. "તું આવસ તો ખડકીમાં તારી હાર્યે નીતિન આવ્યો હોય એમ લાગેસ." વાત ઓછી કરે. મને એમ કે ડૉક્ટરનું કહ્યું કરે છે. પણ એની આંખ કહેતી હતી કે એ મારામાં નીતિનનો વહેમ ખાય છે. મારે એનો ભરોસો ભાંગવો ન હતો. પણ મારીય મર્યાદા હતી. દિલીપને કહું તો એ જતો પણ બાપાને એમાં નીતિન ન કળાતો. રોજ રોજ એની સંભાળ લેવી મારા માટે અશક્ય હતી. ક્યારેક કંટાળો પણ આવતો, એ હું એકલો જ જાણતો. પછી હું મનોમન ગુનેગાર હોઉં એવું પણ થતું. એક બાજુ નવી નવી સરકારી યોજનાઓ, આંકડાઓ, માહિતીઓ આપવી પડતી. હું જઈ ન શકું એટલે એ મને બોલાવવા નવાં નવાં બહાનાં કાઢ્યા કરતા. ક્યારેક વસ્તુ મંગાવે, ક્યારેક એમ કહી બોલાવે કે ફોનમાં આ સમજાતું નથી, તો ક્યારેક સીધું કહી દે, "સાંજુકના આવજે ને ભાય, કાંઈ કામ નોતું, પણ ક્યાંય સોરવતું નથ."

એક વાર મને આ જ રીતે બોલાવ્યો. હું નોકરીમાં હતો એટલે રાત્રે ગયો. "આવ્ય ભાય. એક કામ હતું."

"હા..."

"નિત્યાની બાનું સરાદ કોઈ દી કઈરું નથ. ભાદરવો શરૂ થ્યો સ તે થાય સે કે સાધુ ભામણના ને બીજા સોકરા જમાડું."

શ્રાદ્ધ કર્યું ત્યારે બહુ રાજી થયા. ગામના છોકરાને ભાવથી જમાડ્યા ને દસ દસ રૂપિયા આપ્યા. “છોકરાવ, ટેસથી જમજો.” ખાટલે બેસી બોલ્યા કરતા. “ખૂબ ભણજો, પણ બાપદાદાના ધંધાય યાદ કરજો. ભામણ હો તો શલોક શીખજો ને પટેલ હો તો ખેતરમાં ચાસ પાડવાનું ભૂલી નો જાતા.” બાપાના ચહેરા પર એ દિવસે બહુ સમયે સંતોષ જોયો. જાણે પોતાનું જીવતા જગતિયું કરી ન નાખ્યું હોય!

“ખબર નઈ તારું કેટલું લેણું સે ભાય. લોઈ આઘું થાય, લાગણિયું પાહે જ રેય. આવતો રેજે ભાય. ઠાકોરજી તારું અભરે ભરે!” મેં બાપાને આવા લાગણીસભર ક્યારેય જોયા ન હતા. હું કંઈ ન બોલ્યો.

બીજે દિવસથી મારે ધરમપુર પાસે એક આશ્રમ શાળામાં તાલીમ હતી એક મહિનાની. નીકળતાં બાપાને કહ્યું. એનું મોઢું પડી ગયું. પણ પછી મહેનત કરી બોલ્યા, “મારી ફકર કરશ મા ભાય. ફોન કરતો રેજે.” મેં પણ બાપાને ફોન કરતાં રહેવાનું કહ્યું. એને નવી ઍપ્લિકેશન નાખી દીધી ને વીડિયો કૉલ કરતાં શીખવ્યું. એ બહુ રાજી થયા. “આ હારું લે. અવાજ જ સંભળાતો પેલા, હવે જોવાય મળે. ઘણી વાર અવાજ ખોટા હોય, આઈખ્યું દગો નો દેય.” બાપા ફોન કરતા પણ ખરા. ઓંસરીમાં બેસી ગલકાના વેલા બતાવે. નીતિને મોકલેલા ત્યાંના ફોટા ફૉર્વર્ડ કરે. બે દિવસ પહેલાં તો ગામમાં ભવાયા રમવા આવ્યા હશે તો એનું રેકૉર્ડિંગ મોકલ્યું. મને હતું કે બાપાને નીતિનનો અસંગળો લાગ્યો એના કરતાં મારો લાગશે. હું ખોટો હતો એવું લાગતું પણ હું સાચો હતો. બાપાએ ઠેઠ સુધી કળાવા ન દીધું.

બસ પૂરપાટ દોડતી હતી તોય મને એમ હતું કે ગાડાની ઝડપે ચાલે છે. એમાં નક્કી કરેલી હોટલો પર હોલ્ટ કરે ત્યારે તો મને રીતસરની કીડીઓ ચઢતી. વચ્ચે વચ્ચે દિલીપને પૂછ્યા કરતો. એનો સામેથી ફોન આવે ને ફાળ પડતી. પણ એક જ વાત આવતી કે એમનું એમ જ છે. છેવટે માંડ માંડ કરી અમદાવાદ આવ્યું ને હું રિક્ષા કરી સીધો હાર્ટ હૉસ્પિટલ પહોંચ્યો. પૂછપરછ કરી ત્રીજા માળે આવેલા આઈસીયુમાં લગભગ દોડતો ગયો.

દિલીપ બહાર બારણા પાસે જ ઊભો હતો. મને જોઈ એના મોઢેથી ડૂસકું નીકળી ગયું. રડમસ અવાજે એ બોલ્યો, “છેલ્લી એક કલાકથી શ્વાસ જાણે ધમણ જોઈ લે. હાંફતાં હાંફતાંય તારી જ રટ લગાડેલી. મેં કહ્યું કે એ આવે છે. તો માંડ માંડ બોલ્યા, “જાનારા કોઈ દી’ આવતા નથ.... મનને હતું કે જણેલો દીકરો ભલે ગ્યો, પણ આ જાણેલો દીકરો તો સેલ્લું પાણી પાવા પડખે ઊભો હઈસે..... જેવી ઠાકોરજીની મરજી.... એનો વાંક નથ.... વાંક તો નિત્યાનોય નોતો.... વાંક તો મારો. ફરી દાણ એ જ આશા બાંધી, ફરી દાણ...”

દિલીપ રડતો રહ્યો. હું આઈસીયુમાં ગયો. કાચની બારીમાંથી જોયું. બાપાની આંખો આકાશને તાકતા હોય એમ છત પર ચોંટી ગઈ હતી. બાજુના ટેબલ પર પાણીનો ગ્લાસ કાંઠા સુધી ભરેલો પડ્યો હતો. નર્સે બાપાનો હાથ ઊંચો કર્યો. હાથમાંથી એક ઝાટકે સોય કાઢી નાખી ને હાથ પાછો પડખા પાસે મૂકી દીધો.

■

રસ્સી

જયેશ રાષ્ટ્રકૂટ

હું ખડકી બહાર આવીને ઊભી રહી, મન ડામાડોળ હતું. ડાબા હાથે પકડેલ રસ્સી પરની પકડ કડક થઈ. રસ્તે ધ્યાન હતું અને નહોતું પણ. ગાયનું ધણ નીકળ્યું હતું, માવડીઓ આગળ હતી, એકાદ બે વાછરડા ને વાછરડીઓ ગેલ કરતાં હતાં. ધણખૂટ આગળની ગાયને ઢીંક મારતો હતો સતત.. તેમ છતાંય ભરાવદાર અને મોટા આઉંવાળી ગાય ઝૂલતી જતી હતી, એ ઝૂલતી હતી, કે ઝડપથી ચાલતી હતી ?

કદાચ ઢીંક ઓછી લાગે એટલે!

મારી નજર એના ગળામાં બાંધેલી રસ્સી પર ગઈ, કપાળની રેખા તંગ થઈ. ત્યાં જ નાનકડી ઘંટડી વાગી રહી હતી.. રસ્સી સાથે બાંધેલી.

પાછળ મજૂર સ્ત્રી જઈ રહી હતી, સુકાયેલ પેટ ને કાળી સીસમ જેવી કાયા, સ્તન તો જાણે હતા જ નહિ, નાનકડું ઢેફું જોઈ લો! પાછળ ઝોળીમાં શિશુ. એમ લાગ્યું એનું પેટ આગળ નહિ પણ પાછળ છે. ખભે દાતરડું અને રસ્સી હતી... પાસેના વૃક્ષ પર સુગરીઓનો કકળાટ છે ઘર માંડવા કે લટકાવવા માટે? એક બાજુ એક સુગરી માળાની પરવા કર્યા વગર ઝૂલે છે એના બનાવેલ હીંચકા પર, એણે તો ઘાસની રસ્સી બનાવી છે.

નટ બજાણિયાની કોઈ કુમળી કુંવારિકા રસ્સી પર ચાલતી હોય એવી પનિહારી માથે બે હાંડા ને એક કાખમાં ઘડો અને આંગળિયુંમાં સીંચણિયું લટકે છે, એની ગર્વભેર ચાલથી કાળા ઓઢણાંમાં જાણે હાથમાં કાળોતરો નાગ પકડેલો હોય, એવું લાગતું હતું.

મેં ઊંડો શ્વાસ ભર્યો.

ઝડપભેર ઓરડામાં આવી, છતના પંખાની સામે જોયું, ને હાથમાં રહેલી રસ્સી સામે જોયું...

મારી રસ્સી પરની પકડ વધુ કડક બની ગઈ.

■

સફાઈયજ્ઞનો આરંભ

રમેશ ર. દવે

અમારી શાળામાં સમૂહ કાંતણ કરતી વેળા, જેને ગીતો ગાવાં હોય એને છૂટ હતી. હા, કોઈ ગાતું હોય ત્યારે બીજા કોઈએ વાતો નહીં જ કરવાની–એવી સાદી સમજ પણ શિક્ષકોએ કેળવેલી.

અમારામાં પ્રેમજી દૂદા આવાં ગીત-ગરબી ગાવામાં પાવરધો, એટલું જ નહીં, દુર્ગાશંકરભાઈએ ભણાવેલાં પ્રેમાનંદનાં આખ્યાનોના મનગમતા અંશોય એને યાદ અને પાછો, એ શૈલીએ પોતેય આવું કંઈક-

ગિરીશ, ગદો ને જગલો...
ત્રણે ફરવા સાથે જાય જી !
હાર્યે લીધું એક વાંદરું,
ઈ તો ગડબડ ગોથાં ખાય જી!

ગાતો ફરે ! ગિરીશ શુક્લ, મહેન્દ્ર કુંવરાણી, જગદીશ દવે અને લક્ષ્મણ પટેલ - એ ચારેય વિદ્યાર્થીઓ પ્રેમજીની સાથે ભણે અને લોકભારતીમાં રહે. એમના વિશે આવું ન લખાય - ગવાય એવી સમજ પણ અમારા શિક્ષક ગણપતભાઈ દવેએ એને આપેલી.

આ પ્રેમજીએ જ એક દિવસ મનની મોજે કાંતતાં કાંતતાં ગરબી ઉપાડી-

શેરી વળાવી, સજ કરું ઘરે...આવો ને !
મારી શેરીએ પથરાવું ફૂલ, વાલમ ઘરે આવો ને !

અમે બધાંએ પણ એ ગરબી ઝીલી લીધી ને એની ભેળાં ગાવા મંડ્યા. દુર્ગાશંકરભાઈ અમારી સામે જોઈને મર્માળુ હસતા રહ્યા.

એમના એ હસવાનું, રહસ્ય બીજા દિવસની પ્રાર્થનાસભામાં ખૂલ્યું. એમણે સાતમા ધોરણવાળા પ્રેમજીને અને છઠ્ઠામાં ભણતા મને ઊભા કર્યા અને એમની પાસે બોલાવ્યા. પ્રેમજી તો હરખભેર પણ હું મૂંઝાતો મૂંઝાતો શિક્ષકો બેઠા હતા ત્યાં ગયા. દુર્ગાશંકરભાઈ ઊભા થયા અને અમારી બેયની વચ્ચે જગ્યા કરીને, અમારા ખભે હાથ મૂકીને સ્હેજ દબાવીને બોલ્યા '-પ્રેમજી, કાલે તેં પેલી ગરબી ગાઈ હતી- એ મઝાની છે, આજે અહીં પણ તું એની પહેલી કડી ગાઈશ ? ને રમેશ તુંય સાથે

સૂર પુરાવીશ ને ?'

પ્રેમજી તો આવા હોંશીલા કામ માટે કાયમ તૈયાર જ હોય

તોય મારી સામે ઝીણી આંખે જોઈ, મેં મટકું માર્યું એટલે એણે તો વહોતો મૂક્યો એના કંઠને-

હે...શેરી વળાવી સજ કરું, ઘરે આવોને !

કડી પૂરી ગવાઈ રહી એટલે દુર્ગાશંકરભાઈએ બધા વિદ્યાર્થીઓ સાથે નજર મેળવીને વાત માંડી-

તમારી જેમ, હુંય નાનો હતો ત્યારે આ ગરબી આમ જ ગાતો હતો ને બહુ મઝા પડ઼તી હતી. પણ આ ગરબી આપણને સહુને શું શીખવે છે એ કહું ?' મારા કાન તો સતર્ક થઈ ગયા. દુર્ગાશંકરભાઈએ સીધું પૂછ્યું -

'શેરીએ શું કરવાનું છે ?'

પાંચ-સાત વિદ્યાર્થીઓ સામટા બોલ્યા -

'બીજું શું સાવરણા-સાવરણીથી વાળવાની છે'

'પણ શું કામ ?'

કોઈ કંઈ ન બોલ્યું એટલે અમારાં શિક્ષિકા પ્રભાબહેન મુનિએ હાથ-આંગળી ઊંચા કરીને દુર્ગાશંકરભાઈ સામે પ્રશ્ન નજરે જોયું.

'અરે, તમારે તે કાંઈ પૂછવાનું હોય, બોલો શેરી શું કામ વાળવાની છે ?'

'શેરીને શણગારવી છે - સજાવટ કરવી છે!'

'સરસ, પણ મારો બીજો સવાલ – શેરીને શણગારવી છે શું કામ ?'

વિદ્યાર્થીઓમાંથી પાછા પાંચ-સાત ઊભા થઈ ગયા. દુર્ગાશંકરભાઈએ, એમાં સૌથી પહેલા ઊભા થયેલા સવજી ગણેશ વીરાણીને કહ્યું - 'તું જ જવાબ દે!'

'તે વાલમ આપડે ઘરે પધારવાના હોય તે, શેરી વાળીને શણગારવી તો પડે જ ને ?'

'પણ આ વાલમ...કહો કે વાલમજી એટલે કોણ ?' વળતો સવાલ પુછાયો.

બધાં ફરી વાર ચૂપ પણ ધીમો ધીમો ગણગણાટ થતો રહ્યો. અચાનક હાજુભા ગોહિલે હાથ ઊંચો કર્યો. દુર્ગાશંકરભાઈનું ધ્યાન નહોતું, એટલે બાજુમાં બેઠેલા બહેચરભાઈ વારિયાએ જ હાજુભાને હા પાડી.

'આ વાલમ એટલે તો ભગવાન કૃષ્ણ જ ને ?'

'હાજુભા, તમારી વાત સાચી છે પણ અરધી જ હોં, વાલમ એટલે કૃષ્ણ તો ખરા પણ આ ગરબી ગાય છે કોણ ?'

'કૃષ્ણ હોય તો તો ગોપી જ ગાતી હોય ને ?' સવિતા દરજીએ હોંશથી કહ્યું.

'સાવ સાચ્ચું, પણ સવિતા, હવે તું જ કહે, ગોપીનો એ કાન કંઈ ત્યારે ભગવાન થોડો થઈ ગયો હતો ?'

'ના....ના, એ ટાણે તો ઈ ગોવાળિયો જ હતો ને એને સંધાં કાનુડો જ નહોતાં કહેતાં ?' કમળા સવાણીએ વગર પૂછ્યે કહી દીધું.

'ચાલો, તમારી ગોપી-કાનની વાત તો કબૂલ પણ હવે મારે પૂછવો છે-એ પાયાનો મૂળ સવાલ પૂછું ?'

વિદ્યાર્થીઓ જ નહીં, સૌ શિક્ષકો પણ રાહ જોઈ રહ્યા. એમને જાણ હતી જ કે આપણા આચાર્ય કંઈ આ ગરબી કોણે ગાઈ ને કોના માટે ગાઈ - એ વાત માટે જ આટલો સમય ન ખર્ચે!

ઘડીક વાર સૌ શ્રોતાઓને રાહ જોવા દઈ દુર્ગાશંકરભાઈએ કહ્યું -

'તમે સૌ વિદ્યાર્થીઓ આ ગરબીનો ભાવાર્થ તો બરાબર સમજ્યાં છો પણ હવે મારે એ જાણવું છે કે ગોપીએ કૃષ્ણ–એના કાનુડા માટે વાલમ સંબોધન કેમ કર્યું છે?'

'એ તો એમ જ કહે ને? કાનુડો એને વહાલો હતો એટલે તો નામ પાડ્યા વગર–લીધા વગર વાલમ કીધું હશેને?' રમણીક સંઘવીએ હોંશભર્યો જવાબ આપ્યો.

'તારી વાત સાવ સાચી છે, પણ હવે મારે આગળ એ પૂછવું છે કે ગોપીને કહાન વહાલો હતો. તો તમારે વહાલું કે વહાલાં કોણ છે ?'

'તે અમે કાંઈ ગોપી કે ઈ ગોપી જેવડાં થોડાં છીએ કે...ઈ તો જુવાન નંઈ ?'- સમજુ બોલી.

'એટલે એમ ને, કે વહાલાં વહાલાં તો જુવાન હોય એમને જ હોય, બીજાં કોઈને નહીં !'

'ના...ના.. એમ તો મને મારો નાનો ભાઈ દિનુ બહુ વહાલો લાગે છે...'

'ને તારાં દાદા-દાદી નહીં ?'

'અરે કાંઈ એવું હતું હશે? કાંઈ નાનાં કીકલાં હોય એને જ વહાલ કરાય? મારાં દીપુમા, મારું માથું ધોઈ દ્યે અને રાતે સૂતાં પહેલાં, હસનની હાટેથી લાવેલું ધૂપેલ તેલ હળવા હાથે ઘસી-ઘસીને નાખે–ત્યારે ઊભા થાતાં પહેલાં હું તો એમને ભેટી જ પડું છું !' દીપુબાએ આંખો નચાવતાં કહ્યું.

'બસ, તો હવે મારો છેલ્લો પ્રશ્ન તમને સૌને પૂછી લઉં ?

'જો ગોપી એને વહાલા કહાન માટે શેરી વળાવીને - વાળીને 'સજ' કરતી હોય તો આપણે આપણાં વહાલાં ભાઈ-ભાડરું, દાદા-દાદી, મા-બાપુ અને આપણાં ભાઈબંધ ને બહેનપણીઓ માટે ક્યારેય આપણી શેરી વાળીને, એને શણગારીએ છીએ ?'

બધાં ચૂપ–સભામાં શાંતિ પથરાઈ ગઈ. જરા વાર રાહ જોઈને, શિક્ષક બાલકૃષ્ણભાઈ આસ્તિક ઊભા થયા. એમને જોઈને આચાર્યએ પાસે બોલાવ્યા અને કહ્યું - હં ...અ...હવે તમે પણ કંઈક કહો ! આસ્તિકભાઈ પણ શિક્ષક થયા એ પહેલાં

લોકભારતીના અધ્યાપનમંદિરમાં જ ભણેલા. એમણે, એમનાં એ સમયનાં સહપાઠી એવાં પ્રભાબહેન-અનુબહેનની જાણે સંમતિ માગતા હોય એમ નજર મેળવીને કહ્યું-

'આજની આપણી પ્રાર્થનાસભા જરા લંબાઈ ગઈ છે પણ દુર્ગાશંકરભાઈએ બહુ મહત્ત્વની વાત માંડી છે - એટલે હું પણ એમાં જોડાઈને થોડું ઉમેરણ કરું છું-

અમારાં દીકરા-દીકરી સમાણાં વહાલાં વિદ્યાર્થીઓ તમને ખબર છે કે નહીં-એ હું નથી જાણતો પણ આપણા મુરબ્બી તો ખરા જ, પણ સાથોસાથ સૌના વહાલા દુર્ગાશંકરભાઈ શાળા શરૂ થાય એ પહેલાં આપણી આ શાળાનો ચોક અને દરવાજાની બહાર ઈંટોની પાળી બાંધીને ખીલવેલો બગીચો દરરોજ ઊભા સાવરણાથી વાળીને સાફ કરે છે ને એમ કરતાં કરતાં બગીચાનાં ફૂલછોડ ઉપરનાં પીળાં પડી ગયેલાં પાન ને કરમાઈ ગયેલાં ફૂલ પણ વીણતા હોય છે. એટલે મારે એમ કહેવું છે કે...

'તમારી વાતમાં તમે તમારું નામ બાદ કેમ કરી નાખ્યું ? તમે તો ગણિતના શિક્ષક છો શું તમને સરવાળા, ગુણાકાર ને ભાગાકાર કરતાં બાદબાકી કરવી વધારે ગમે છે ?' દુર્ગાશંકરભાઈએ પૂછ્યું. આસ્તિકભાઈ હસી પડ્યા અને સભાની આ બાજુ તેમ જ પેલી બાજુ એમના હાસ્યના જાણે પડઘા પડ્યા.

બધાં શાંત થયાં એટલે દુર્ગાશંકરભાઈએ મનના ઊંડાણથી વાત કહી-

આપણી આજની વાતોનો સાર કહો તો સાર અને સંકલ્પ કહો તો સંકલ્પ એ જ છે કે આપણે સૌ... સૌ એટલે હું, આ શિક્ષકો અને તમે બધાં વિદ્યાર્થી ભાઈ-બહેનો આવતી કાલથી આપણને જે કોઈ વહાલાં-વહાલસોયાં લાગે છે એ સૌ રાજીનાં રેડ થઈ જાય એ માટે આપણા આ નાના એવા ગામનાં ચોરો, શેરીઓ, ઘણખાડ, મહાદેવનું મંદિર, પાણીના નળ, બસસ્ટૅન્ડ ને બેય બજાર...ટૂંકમાં આપણું આખું ગામ... કંઈ રહી તો નથી જાતું ને ભાનુભાઈ ?'

એમણે ધીમા સાદે કહ્યું : 'નદીના પુલ પાસેનું સ્મશાન ઉમેરી શકાય ?'

'હા....હા, કેમ નહીં ? તમારામાંથી બીજા કોઈનેય કંઈ રહી જાતું લાગતું હોય તો અત્યારે જ કહી દો એટલે આપણા સામૂહિક સફાઈયજ્ઞમાં તેનો સમાવેશ કરી લઈએ !'

'અમારું ક્રીડાંગણ નહીં ?'

'એમ તો... એમ તો... સંડાસ જવાનો અમારો વાડોય બહુ...' બોલતાં બોલતાં રૂકૈયાએ મોં આડો હાથ ધરી દીધો.

'સરસ! બહુ સરસ... પણ હવે એ કહો, આ બધી જગ્યા સાફ કરવા મારી સાથે મનની મોખે કોણ કોણ આવશે ?'

'અમે...અમે... અમે બધાં...' 'પણ ક્યારે ?' ચારે તરફથી મોજાં ઊછળ્યાં.

'ક્યારે એટલે ? તમે કહો ત્યારે જ....'

'પણ ભાઈ, એમ ન થઈ શકે કે આપણે જેમ કાંતણ અને રમતગમતના વર્ગો રાખીએ છીએ એ જ રીતે આ... તમે કહ્યું એ સફાઈયજ્ઞનો પણ દરરોજ એક વર્ગ ન રખાય ?' પ્રવીણાબહેને નમ્રભાવે સૂચન કર્યું.

'તમારી વાત સાવ સાચી છે – આપણે પ્રાર્થના, કાંતણ અને વ્યાયામ જેટલું જ મહત્ત્વ આ સફાઈકામને પણ આપવું જોઈએ !' ચંદુભાઈ ગોંડલિયાએ વાતને વધુ સ્પષ્ટ કરી.

'તમારી સૌની વાત સ્વીકારું છું પણ... મારી સામે બેઠેલાં મારાં આ બહાદુરો કેમ કંઈ કહેતાં નથી ?'

ચીમન પંચાલે હાથ ઊંચો કર્યો એટલે સૌએ કહ્યું – અમને હતું જ કે તું કંઈ કેમ ન બોલ્યો ? ચીમને રાજીપા સાથે કહ્યું : 'આપણે સોમવારે રજા હોય છે, ત્યારે પણ આ કામ ન થઈ શકે? ન કરી શકાય ? બધાં ભલે ના આવે પણ જેને ફાવે એ તો આવે ને ?'

દુર્ગાશંકરભાઈએ એની પાસે જઈ એનો ખભો થાબડ્યો અને કહ્યું – આ આપણા છાત્રાલયમંત્રીને જે સૂઝ્યું - એ તો મનેય યાદ નહોતું આવ્યું ! તો ચીમન, તું જ પૂછ-રજાના દિવસે પોતાનાં તોફાન-મસ્તી ને મોજમજા ઉપરાંત આ સફાઈ-કામમાં કોણ કોણ જોડાશે ?'

ચીમન કંઈ કહે એ પહેલાં, મનસુખ, દિલીપ, પ્રભુદાસ અને ઝીણાલાલ સડાક દેતાં ઊભા થયા અને કહ્યું : 'અમે બધા...અમે બધા...'

બધાંએ એમની વાત વધાવી લીધી તાળીઓના ગડગડાટે અને જાણે વાતનું પૂર્ણવિરામ મૂકવું હોય એમ દુર્ગાશંકરભાઈએ કહ્યું -

'બહુ રાજી થયો છું હું...તમારાં આવાં ઉત્સાહ અને સમજદારીથી, પણ હવે સાંભળો – આવતા સોમવારે આપણે શાળાના મંત્રીમંડળની બેઠક રાખીશું અને તેમાં આ સફાઈકામ શી શી રીતે કરવું એ નક્કી કરીશું. બરોબરને ધર્મેન્દ્ર ? તું શાળાનો મહામંત્રી છે એટલે તને તો પૂછવું જ પડે ને ? અને હા, એ બેઠક બધાંને માટે ખુલ્લી છે, શિક્ષકો અને તમે બધાં વિદ્યાર્થીઓ, જે ઇચ્છે તે આવે અને પોતાનાં વિચારો-સૂચનો પણ જણાવે.

•

બસ, એ બેઠક પછી અમારું સણોસરા ગામ એકદમ ચોખ્ખુંચણાક રહેવા માંડ્યું ! અમને બધાંને પણ સફાઈ માટેનાં ઊભાં ઝાડું-સાવરણા કેમ બાંધવા, એને માટેની, નાળિયેરના પાનની વચ્ચેની મજબૂત સળીઓ, પાનમાંથી છોલીને કેમ કાઢવી, કાથી ભીની કરીને સાવરણો કેમ બાંધવો થી માંડીને સફાઈ કરીને એકઠો થયેલો કચરો ખાતરની ખાડમાં નાખવો, એની ઉપર રબારીવાસમાંથી મળેલું છાણ પાણીમાં ભેળવી છાંટવું અને આ બધાં કામ કર્યાં. પછી ડંકીની ચોકડીએ જઈને, કચરો ભેગો કરવાની રેંકડી, પાવડી ને તગારાં અને હાથપગ ધોવાં-એ બધાં કામ કેમ કરવાં-એની કાળજી અમને શિક્ષકોએ મઝાથી શીખવી. અંતે બસ, એટલું જ કહેવું છે - શાળાના આ દિવસોમાં આદરેલો આ સફાઈયજ્ઞ, વીતેલાં વર્ષો અને બદલાતાં રહેલાં સ્થળોએ આજે પણ મઝાથી ચાલે છે !

■

તવાયફના તરકશમાંથી છૂટતાં તાતાં તીર

હરદ્વાર ગોસ્વામી

ગરમીના કારણે રેડ ઍલર્ટ જાહેર થાય છે ત્યારે રેડલાઇટ એરિયા પર બનેલી વેબ સિરીઝ 'હીરામંડી' યાદ આવે, જેમાં લોહીઉકાળાનો લાલ રંગ ભળેલો છે. જે આજકાલ 'હૉટ' ટોપિક છે. મેકિંગમૅન સંજય લીલા ભણસાલીની તાજેતરમાં રિલીઝ થયેલી આ વેબ સિરીઝ કેટલાય વેશ્યાવૃત્તિના અજાણ્યા ખૂણાને ખોલી આપે છે. રજવાડાંની રેશમી રાતોમાં ઊગતા સૂરજનાં કમનીય કિરણોની કિનખાબી કહાની છે. એમની આર્ટ ઑફ લિવિંગ કોઈ પણ કલમના કૅમેરામાં આલેખવી અઘરી છે! હીરામંડીનો અંત જાણે ક્રાંતિની શરૂઆત છે. દેહથી દેશ સુધીની વાત છે. સબા દીવાને 'તવાયફનામા' પુસ્તકમાં લખ્યું છે કે 'આઝાદીની લડતમાં બનારસની તવાયફોનું પણ યોગદાન હતું. તવાયફો સ્વરૂપવાન સાથે કળા-સાહિત્યની જાણતલ હતી. એના તોરતરીકામાં સન્માન પ્રતિબિમ્બિત થતું હતું. અદબ શીખવા નબીરાઓ કોઠા પર જતા હતા. મોટા ભાગના તવાયફને ખરાબ કહે છે પણ તવાયફનો અર્થ સારી મહિલા થાય છે.

થોડાં વર્ષો પહેલાં મોરારિબાપુએ અયોધ્યામાં માનસગણિકા કથા કરી હતી. જેમાં કરોડો રૂપિયાનું ભંડોળ ઊભું થયું હતું. જે ગણિકાનાં બાળકોના શિક્ષણ અને એમની દીકરીઓ પરણી ત્યારે કન્યાદાનમાં વપરાયું હતું. રેડલાઇટ એરિયામાં પણ સિંદૂરનો લાલ સૂરજ કાયમ ઊગે એવું ઇચ્છીએ. પહેલી વાર ગણિકાઓનું અભિવાદન થયું. એમની વ્યથા-કથા સાંભળીને બધા જ શ્રોતાઓની આંખમાં પાણી હતું. આવા સમયે આવેલાં આંસુ દૃષ્ટિને ચોખ્ખી કરે છે અને વિચારો ઉન્નત. બીજા વિશે વિચારવાનું શરૂ કરીએ છીએ ત્યારે જ ઈશ્વર આપણા વિશે વિચારે છે.

૧૯૭૦માં ફ્રાન્સમાં સેક્સવર્કર પર પોલીસ દમન ગુજારતી હતી. સેન્ટ-નિઝિયરમાં સેક્સવર્કરોએ ચર્ચને કબજામાં લીધું. ત્યાં ધરણાં પર બેઠા. સેક્સવર્કને બિઝનેસ તરીકે પ્રસ્થાપિત કરવાની આ પ્રથમ અને પ્રખર મોહીમ હતી. ૧૯૫૮માં હુસૈનબાઈએ અલાહાબાદની અદાલતમાં પહેલી વાર સેક્સવર્કર માટે અવાજ ઉઠાવ્યો હતો. એ પછી તો દેશમાં આ વ્યવસાયમાં રહેલી સ્ત્રીઓએ યુનિયન બનાવી પોતાના હક માટે હિમ્મત અને હિકમત કરી. તા. ૨ જૂનના રોજ ઇન્ટરનેશનલ સેક્સવર્કર ડે મનાવવામાં આવે છે. સમાજમાં એમને હક મળે એ માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

૧૬મી સદીમાં મુઘલની નિશ્રામાં મુજરાનો વિસ્તાર થયો. હિન્દી ફિલ્મોમાં પણ નવાબોની નાયાબ પેશકશ માટે થતા મુજરાની પાકીઝા પેશકશ કરવામાં આવી હતી. મુજરામાં હિન્દુસ્તાની શાસ્ત્રીય નૃત્ય કથકના અંશો જોવા મળે છે. તવાયફ રિયલ લાઇફમાં અદ્ભુત લાગે પણ હવે મુજરાની રજૂઆત જૂજ છે. નવી દિલ્લીની કેટલીક તવાયફો આ કલાને જીવંત રાખવામાં કમર કસે છે. તવાયફ વિદ્યાધરીબાઈની ઠૂમરી આઝાદી માટે લખાયેલી 'ચૂન ચૂન કે ફૂલ લે લો..' આઝાદી બાદ પણ ગવાતી હતી. શુભા મુદગલના આલબમમાં વિદ્યાધરીબાઈની રચના છે. અન્તોન ચેખૉવ પછી સહાદત હસન મંટોએ વાર્તાવિશ્વમાં આગવું સ્થાન બનાવ્યું. એમણે રૂપજીવિની પર અદ્ભુત વાર્તાઓ લખી હતી. મંટો પર અશ્લીલ લેખન માટે કેસ થયેલા ત્યારે એમણે કહ્યું કે "હું સમાજનાં વસ્ત્રો શું ઉતારવાનો ? એ તો પહેલાંથી જ નગ્ન છે. હું એને વસ્ત્રો પહેરાવવાનો પ્રયાસ પણ નથી કરતો. એ કામ મારું નહીં, દરજીઓનું છે."

દિલ્લીનો જી. બી. રોડ કોઠા માટે જાણીતો છે. જ્યાં દરેક ગણિકા પાસે એક દર્દનાક ફિલ્મી સ્ટોરી જેવી કહાની હોય છે. એક યુવતીને તો એનો સગો ભાઈ વેચીને જતો રહ્યો હતો. ત્યાં દરેક કોઠા નંબરથી ઓળખાય છે. કોઠાના માલિકનું સૌથી વધુ કમિશન હોય, ત્યારબાદ મૅનેજર અને છેલ્લે એક મેડમ જેની અન્ડર પાંચેક છોકરીઓ કામ કરતી હોય છે. જે મૂળ વ્યક્તિ છે ગણિકા એને સૌથી ઓછું વળતર એટલે કે દસેક ટકા મળે છે અને સૌથી વધુ કોઠાના માલિકને ૫૦ ટકા મળે છે. કોઈ પણ કલાનું સર્જન કરવું હોય તો પીડા અને એકાંત હોવાં જરૂરી બને. ગણિકા પાસે આ બંને મિલકત છે. એટલે જ રાજા-મહારાજાઓ એમના પર કાયમ કાયલ હતા. મંત્રયુગથી યંત્રયુગ સુધી તવાયફોની તારીફ થતી રહી છે. સ્વર્ગથી સેટેલાઇટ સુધી એમનો દબદબો અકબંધ રહ્યો છે. વેદોમાં પણ ગણિકાઓનો ઉલ્લેખ છે. પહેલાંના સમયમાં રાજા પાસે કોઈ જટિલ પ્રશ્ન આવે તો પંચ સાથે ગણિકાનું સ્થાન રહેતું. સમાજના અમુક વર્ગને આપણે મંદિરથી દૂર રાખ્યા એટલે મંદિરની ધજા ફરકવાને બદલે ફફડે છે.

વૈશાલીની નગરવધૂ આમ્રપાલીથી લઈને આજની આલમઝેબની આ જ વેદના છે. આઝાદીના સમયે ગણિકાનું પણ યોગદાન રહ્યું છે. જે અંગ્રેજોનું મનોરંજન કરતાં કરતાં ગુપ્ત માહિતી જાણી લઈ ક્રાંતિકારીઓને પહોંચાડતી હતી. વારાંગના પણ વીરાંગના બની શકે છે. આજે પણ કેટલાક પ્રાંતમાં શુભ કાર્ય માટે ગણિકાના ઘરની માટી લાવવામાં આવે છે. ગણિકા કદી નાત-જાત જોતી નથી. અપ્સરાનો મતલબ દેવગણિકા થાય છે. રામની ફોજમાં ગણિકાનો પુત્ર અગ્રેસર હતો. કાલિદાસને દંડ મળ્યો ત્યારે ગણિકાને ત્યાં આશરો મળ્યો હતો. કબીરજીની બહુ વાહવાહી થવા લાગી ત્યારે એને થયું કે ભજનમાં પ્રસિદ્ધિ નડતરરૂપ બની રહી છે અને એકાંત મળતું નથી એટલે તે ગણિકાને ઘરે ગયા હતા. પછી લોકો એનાથી દૂર થયા એટલે એમને નિરાંત થઈ. ગણિકા ન હોત તો નૃત્ય કોકડું વળીને કરમાઈ જાત, ઠૂમરી વિના ઠૂમકા ફિક્કા લાગત અને દાદરાને દાદ કોણ દેત ? તવાયફનું એક નામ ડેરેદાર પણ હતું. રાજા-મહારાજાના જ્યાં ડેરા-તંબુ તણાય ત્યાં એનો નિવાસ. રાજાઓ જેટલી

જ એમને સગવડ અપાતી હતી. જ્યાં રોકાણ થાય ત્યાં રાત્રે એમની કલા દ્વારા રાજાઓનું મનોરંજન કરતી હતી. મધ્યકાળમાં મુસ્લિમોના અમાનુષી આક્રમણથી બધી કલાઓ ઓસરવા લાગી ત્યારે સલૂકાઈથી ગણિકાઓને કારણે શાસ્ત્રીય કલા બચી.

સદીઓથી કોહવાઈ ગયેલા હવડ અંધકારને ઉલેચી ન શકાય એવી નકરી નિરાશાઓ અહીં ધરાર ધામા નાખીને પડી હોય છે. એમનું અણખૂટ અંધારું કોઈ ઓલિયો આવે તો જ ઉલેચી-ઉવેખી શકે. વંચિતોની વેદનાની વાર્તા વાંચવા અંતરની આંખો જોઈએ. એક ગણિકાએ એનો દર્દનાક કિસ્સો વર્ણવતાં કહ્યું કે ‘બાળક નાનું છે એટલે ક્યારેક રડે ત્યારે ગ્રાહકને વિનંતી કરીએ કે પાંચ મિનિટમાં આવું છું. કોઈ ગ્રાહક સારો હોય તો જવા દે. પણ કોઈ ગ્રાહક ‘ના’ પાડે ત્યારે બાળકના રુદનનો અવાજ સંભળાય નહીં એટલે કાનને બહેરા કરી હોઠ પર હાસ્ય લાવવું પડે છે.’

સૌમ્ય જોશીના ‘આજ જાને કી જીદ ના કરો’ નાટકના એક સંવાદમાં દોડતી દોડતી એક વેશ્યા ટ્રેનમાં ચડે છે તો એક પુરુષ કહે છે કે ‘આ તારી ચાલુ ટ્રેનમાં ચડવાની આદત છે ને... મરી જઈશ કોઈ દિવસ...’ તો સ્ત્રી કહે છે કે ‘મરતા વો હૈ જો જિન્દા હોતા હૈ.’ મુજરાના મુશાયરામાં રૂપાળી દાદ પાછળ કંઈ કેટલાય કણસતા કિચૂડાટ હોય છે. સંવેદનાના સાગરમાં વહેતી મુકાયેલી હૈયાહોડીને કોઈ સાગર મળશે ? કેટલાક ચકલી ચોખલિયાઓનો વેંતિયો વિરોધ અને ખોખલી ખણખોદને કારણે આજે પણ સેક્સવર્કરને સન્માન નથી મળતું.

સ્વામી વિવેકાનંદ જ્યારે જયપુરમાં હતા ત્યારે ખેતડીના મહારાજાએ એક સંગીતનૃત્યની મહેફિલમાં પધારવા આમંત્રણ આપ્યું. આ મહેફિલમાં એક નૃત્યાંગના ગાવાની હતી. સ્વામીજીએ એમાં આવવાનો ઇન્કાર કર્યો, કારણ કે તેઓ સંન્યાસી હતા અને ભોગવિલાસથી તેઓ દૂર રહેતા હતા.

નૃત્યાંગનાએ કહ્યું, ‘થોડી વાર બેસી શકો તો એ અમારા માટે ધન્ય ઘડી હશે.’ સ્વામીજીએ વિનમ્રતાપૂર્વક કહ્યું કે ‘માતા, મને ક્ષમા કરો.’. આ સાંભળીને નૃત્યાંગનાને લાગી આવ્યું. તે કરુણ ઘેરા સૂરે સૂરદાસનું પદ ગાવા લાગી... ‘પ્રભુ મેરે અવગુણ ચિત્ત ના ધરો...’

નૃત્યાંગનાનો સ્વર સાંભળીને સ્વામીજી અભિભૂત થઈ ગયા. વિવેકાનંદને લાગ્યું જે સંન્યાસીએ બધા પદાર્થો અને વ્યક્તિઓને બ્રહ્મની દૃષ્ટિએ જોવા જોઈએ. પછી એ મહેફિલમાં જોડાયા. નૃત્યાંગનાએ અદ્‌ભુત પ્રસ્તુતિ કરી. સ્વામીજીએ આંખમાં આંસુ સાથે નૃત્યાંગનાને કહ્યું : ‘મા, હું દોષી છું. આ ખંડમાં આવવાનો ઇન્કાર કરીને હું તમારું અપમાન કરવા જતો હતો. તમારા આ કરુણ ઘેરા ગીતે મારા અંતરાત્માને જગાડી દીધો છે.’ (વિવેકાનંદ, એ બાયૉગ્રાફી : સ્વામી નિખિલાનંદ, ૧૯૮૭, પૃ.૧૦૫)

નૃત્યાંગનાએ કહ્યું કે ‘આજે મેં જાણે મંદિરમાં નૃત્ય કર્યું હોય તેવું લાગ્યું.’ સ્વામીજીએ કહ્યું કે ‘હું પણ તમારી કલા નિહાળીને ખૂબ પ્રભાવિત થયો છું. પરમહંસ પછી તમે મારા બીજા ગુરુ છો. તમે મને શીખવ્યું કે કોઈ વસ્તુને જોયા જાણ્યા વિના એના વિશે અભિપ્રાય બાંધવો યોગ્ય નથી.’

બર્ટ્રાન્ડ રસેલની પુરુષપ્રધાન પ્રદેશને એક લાલચોળ લપડાક છે, 'The total amount of undesired sex endured by women is probably greater in marriage than in prostitution.' 'સડક' ફિલ્મમાં નગરવધૂ તરફનો નાયકનો નર્યોનીતર્યો નેહ દર્શાવાયો છે. ગણના કરી શકે એ જ ગણિકા. આપણે કઈ કક્ષાના છીએ એનો કક્કો બારાખડી પ્રોસ્ટિટ્યૂટ પાસે હોય છે. વેશ્યા જો આત્મકથા લખે તો ભદ્ર સમાજે જંગલમાં જતું રહેવું પડે. બાત નિકલેગી તો બહોત દૂર તલક જાયેગી... રેડલાઇટ એરિયાને કારણે સમાજમાં બળાત્કારોની સંખ્યા ઓછી હોય છે. કોઈ શરીર વેચે, કોઈ દિલ, તો કોઈ દિમાગ વેચે છે. આપણે સહુ જુદા જુદા પ્રકારની ગણિકા જ છીએ. રક્ષા શુક્લના એક કાવ્ય સાથે વિરમું...

અંધારું ઊતરે 'ને પડતી રાત એટલે શું ?
શિલા-શબનમનો ઊતરે ના થાક કદી, ત્યાં હલકી ફૂલકી જાત, એટલે શું ?

લાલ એટલે રેડ અને આ લાઇટ આંખમાં ભાલા સરખી વાગે,
સિન્દૂરમાં ચમકે એ ગમતો લાલ તરસ થઈ અંત શ્વાસનો માગે.
અહીંયાં સૂરજ બંધ આંખમાં સપનાં લઈને લોથપોથ થઈ જાગે.
થાક, પીડા, અપમાન, તમસના ખૂણે હાંફતા એકલવાયા લાગે,

ખીખી કરતા દર્પણ સામે ભોંઠી પડતી ઉંમરની ઓકાત, એટલે શું ?
અંધારું ઊતરે 'ને પડતી રાત એટલે શું ?

અંગદના પગ જેવા સન્નાટામાં ઊછરે મૂંગી મૂંગી ચિસ્સો,
ધડ નીચેના લોચામાંથી સાચ્ચે નીકળે દૂધ, ફાલતુ કિસ્સો.
લાવ, કરું ખરબચડાં આ અંગો, લાગે ના કોઈ ઢાળ ત્યાં લિસ્સો,
મનને ખેંચો બ્હાર, ઉતરડો, હતું કદી જે આ જ લાશનો હિસ્સો.

એક હતો બાદ'શા 'ને મળતી બેગમને અણમૂલી એ સોગાત, એટલે શું ?
અંધારું ઊતરે 'ને પડતી રાત એટલે શું ?

■

ગાંધીવિચાર

- મનુષ્યએ એટલું જ અનુભવવું જોઈએ જેટલું તે સહન કરી શકે.
- જે સ્વંત્રતા માટે પ્રયત્ન કરે છે તેવા લાયક લોકોને જ એ પ્રાપ્ત છે.
- જે પ્રજા આત્મનિરીક્ષણ કરતી નથી, તે કદી આગળ વધતી નથી.
- જેવું તમારું મન છે, તેવી જ તમારી સ્થિતિ થશે.
- શાંતિ બહારથી નહીં મળે, તે લોકોની અંદરથી આવે છે.
- જીવન એક વિશાળ પ્રયોગશાળા છે, જ્યાં સતત શીખતા રહેવું જોઈએ.

‘આજ’ની વિશ્વકવિતાની જાતરા : ‘સર’ સિતાંશુ સાથે

યોગેશ જોષી

[સંગચ્છધ્વમ, સિતાંશુ યશશ્ચન્દ્ર, પ્ર. આ. ૨૦૨૩, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, કિંમત : રૂ. ૪૫૦/-]

(૧)

‘એ હાલો... હાલો...’

‘કેમ હાલો હાલો કરો સો? ગરબા ગાવા જાવાનું સે કે?’

‘ના, ના, આ તો ‘સર’ સિતાંશુની સાથે ‘આજ’ની વિશ્વકવિતાની જોખમી જાતરાએ જવાનું છે, કહો કે સાહસ સફર કરવાની છે ને સાથે સાથે કવિતાની શોધ કરવાની છે.’

‘એમ? તો તો જામો પડી જાસે.’

‘જાતરા કરનારને પૅરાગ્લાઇડર મળશે. પૅરાગ્લાઇન્ડિગ ને સ્કાયડાઇવિંગનોય લાભ મળશે ને વાગ્યું તો સિતાંશુ સર સાથે જ છે, પછી ચિંતા શું?’

‘પણ યોગેસભૈ, આ જાતરામોં કુણ કુણ આવવાનું સ એ તો કૉ.’

‘‘સર’ સિતાંશુ સાથેની આ જાતરામાં મુગ્ધજી, વિદગ્ધજી અને ‘પ્રિય વાચક’ આવવાના છે. પછીથી જોડાશે બહેન ભાવયિત્રી, મિસ મીમાંસા, પ્રાધ્યાપક કર્મશીલ, યુગપ્રધાનજી, તળેગાંવકરસાહેબ... તો જોડાઈ જાઓ – ‘મીઠી મીઠી કવિતાઉંના એય ટેસડે ટેસડે ભોગ કરવા’ ને ‘આકાશમાં જરા પાસપાસે રહેજો.’’

‘હા, હા, તો તો અમેય જોડઈ જઈએ, કાવ્યાકાશમોં લટાર મારવા તો મળશે.’

‘તો સિતાંશુ સરે કહ્યું તેમ, જે બોલવાનું મન હોય એ ખુલ્લે ગળે બોલીને કરો કંકુનાં... – ‘અંબે માત કી જે’ કે ‘લાલ સલામ’, કે ‘અલ્લાહુ અકબર’ કે ‘ભારતમાતા કી જે’ કે ‘જય જિનેન્દ્ર’ કે ‘બુદ્ધમ્ શરણમ્...’ અથવા કવિતાની આ થોડીક પંક્તિઓ મનમાં બોલીને : કવિ વૉલેસ સ્ટીવન્સની એક રચનાની આરંભની પંક્તિઓ છે :

ઘર હતું શાંત અને જગત પ્રશાન્ત.
વાચક બની ગયો પુસ્તક.

અને ઉનાળાની એ રાત
એ પુસ્તકના સભાન અસ્તિત્વ સમી હતી.
ઘર હતું શાંત અને જગત પ્રશાંત.' (અનુ. સિ.)

'– એવું ઘર, એવું જગત, એવી રાત આપણને મળે?'

'આ અને આવા આકાશી સવાલ-જવાબો અને ચમત્કારો આ પુસ્તકને યા પ્રવાસને એની ઓળખ આપે છે.'

હા, આ સફરની, આ ગ્રંથની ઓળખ આપતી વન લાઇનર તરીકે એક વાક્ય રાખ્યું છે :

'કવિતા વિશે એક હદથી વધારે આગળની સમજણ સારી નહીં.'

સિતાંશુએ 'એક એકરાર'માં નોંધ્યું છે તેમ, દાયકાઓથી એમનું કવિતા વાંચવાનું, સાંભળવાનું, જોવાનું ચાલતું હતું. તેઓ કહે છે : 'પણ કવિતાનું દશકો લાંબું વાચન-શ્રવણ રસભર્યું છતાં નિષ્પ્રયોજન હતું, એ જ એની ખૂબી હતી! એમાંથી કોઈ પુસ્તક બનાવવાનો ઇરાદો નહોતો. દેશ-પરદેશના જાણેલાં-માણેલાં કાવ્યોમાંથી કોઈ સંચય તૈયાર કરવો, એવો કોઈ ખ્યાલ પણ નહોતો.'

તેઓ અવઢવ છોડી એકરાર કરે છે : 'આ પુસ્તકનું આખું કામ શરૂ થયું મારી જાત સાથેના ઝઘડામાંથી'... 'જાત', 'પોતે' અને 'હું' એ ત્રણ જણાં વચ્ચેનો આ ઝઘડો છે.'

સિતાંશુ અવકાશયાનમાં ખૂબ ઊંચે જઈને શું જોઈ શકે છે? — 'મારી અક્કડ જાતને', 'ચેત!' કહેતા 'પોતે'ને તથા હઠીલા 'હું'ને. અને એમાંથી, આ પુસ્તકની, આ પ્રવાસની સર્‌રિયલ યોજના ઘડાય છે. એમનાં અરમાનો વિશે એમણે નોંધ્યું છે :

'જે કેટલીક અવનવી રચનાઓ મને જાણે કે થોડો બદલી નાખી શકે, એ અહીં એકઠી થતી આવશે, એ મારાં અરમાન છે.'

(૨)

સિતાંશુ યશશ્ચન્દ્ર કવિ ઉપરાંત નાટ્યકાર પણ છે, એમની નાગરી કલમમાં વક્રતાસભર વ્યંગ-વિનોદ અને ચાબખા પણ સહજ છે. એનો લાભ આ પુસ્તકને મળ્યો છે. તેઓ હસતાં, હસાવતાં, 'આંતર-કૃતિત્વ'ની અઘરી વાત હળવેકથી આપણી ધોરી નસમાં, કહો કે આપણી કોઠાસૂઝમાં દાખલ કરી દે છે ને આપણને સ્વૈરવિહારી પ્રવાસ કરાવે છે.

આ સાહસ-સફર શરૂ કરતાં પહેલાં, આ પુસ્તક વિશેની વાત કરતાં એમણે નોંધ્યું છે :

'આ પુસ્તક કવિતા વિશે છે, શાસ્ત્રનો ગાંઠ મારેલો ગ્રંથ નથી. બીજું, આજની કવિતા અંગે કોઈ ક્રિટિકલ થિયરી જો નીપજી આવે, તો એ અહીં આપણને જે જે રચનાઓ દેખાતી જશે એમના વિકસતા જતા આંતરકૃતિત્વમાંથી જ નીપજશે, આફૂડી.' (પૃ. ૩)

(આફૂડી શબ્દ અન્ય વિવેચકમાં મળે? આપડી ભાષાના ખેલંદા કવિ સિતાંશુની અનન્ય ભાષાય, આ ગ્રંથમાં માણવા મળશે, એનો ટેસડો તો અલગ, આ જાતરામાં.)

મોટા વિવેચક હોવા છતાં તેઓ વિવેચનના ચીપિયા પછાડવાના બદલે શુદ્ધ કાવ્ય-રસના ટેસડા કરાવે છે. આ ચોપડીની અંદરના ટાઇટલ-પેજ પર સિતાંશુએ આ સફર વિશે પંક્તિઓ રચીને ટાંકી છે; જે આ સાહસ-ભ્રમણ વિશે નર્મ-મર્મ સાથે શિખર ચીંધે છે :

'નિરુદ્દેશે,
શબ્દ-જગતે મુગ્ધ ભ્રમણ,
કરિયે કે? અનુવાદ-મલિન વેશે.'

આ ભ્રમણ વિશે એમણે નોંધ્યું છે : 'આ પ્રવાસ સ્વૈરવિહારી છે, આધુનિક પાશ્ચાત્ય કે ભારતીય કાવ્યશાસ્ત્રે ગોઠવેલી ગાઇડેડ ટૂર નથી.'(પૃ. ૩)

'તે હેં યોગેસભૈ, આ જાતરામોં જોડે મેથીનોં ઢેબરોં નં સુખડી લઈ જવાય?'

શું સાથે રાખવાનું એ અંગે સિતાંશુ સરે કહ્યું છે : 'સાથે રાખીશું સારું વેરિઓમીટર, કવિતા અંગેની આપણી આંતરસૂઝનું.'

આ ગ્રંથનું પેટાશીર્ષક છે – 'આજના જગતની કવિતામાં સહુની સહિયારી તોયે એકેએકની પોતાની સફર.'

પુસ્તકના ઊઘડતા પાને મૂકેલા એક સૂચક અનુવાદ – 'જાદુઈ સબદ બાબત / ઇન્યુએટ પ્રજાનું લોકગીત, ધ્રુવપ્રદેશ' – મૂક્યો છે.

સિતાંશુભાઈએ આ અનુવાદ સાદી કાવ્યબાનીમાં, લોકબોલીનોય ઉપયોગ કરીને કર્યો છે. એની ઉઘાડની પંક્તિઓ જોઈએ :

'એકદમ અગાઉના જૂનામાં જૂના સમયમાં
જ્યારે માણસો અને જનાવરો બન્ને આ ધરણી પર રહેતાં'તાં
ત્યારે કોઈ પણ જણ જો એ ચાહે તો જાનવર બની જઈ શકતું'તું.
અને કોઈ પણ જાનવર જો એ ચાહે તો માણસ બની જઈ શકતું'તું.'

(૩)

કાવ્યાકાશની હળવાશથી આ કવિ, નાટ્યકાર, વિવેચકે આ સાહસસફર માટે નમ-મર્મસભર પાત્રો ઘડ્યાં છે : મુગ્ધ, દગ્ધ, પ્રિય વાચક અને સહી દસ્તક પોતે સિતાંશુ યશશ્ચન્દ્ર. પછીથી એમાં અન્ય પાત્રો ઉમેરાય છે અને આ બધાંની વાતો, સંવાદ, ચર્ચાઓ, પ્રશ્નો થકી કવિ સિતાંશુ સહુને 'ઉઘાડ' ભણી લઈ જવામાં સફળ રહે છે. ('મહદ્ અંશે' નહિ લખું.)

આ પાત્રોના પૅરાગ્લાઇડરની છત્રીઓ અલગ અલગ રંગની છે. 'મુગ્ધ રસિક'ની છત્રી દૂધ જેવી સફેદ, વિદગ્ધની છત્રીનો રંગ ચળકતો રાતો – લોહી જેવો, 'પ્રિય વાચક'ની છત્રી વનો સમાન લીલી અને 'સર' સિતાંશુની છત્રીનો રંગ આકાશ જેવો

ભૂરો. તેઓ ‘પ્રિય વાચક’ને કહે છે : ‘તું તો મારી પાસે રાખજે તારું પૅરાગ્લાઇડર કાવ્યાકાશયાન.’ સર પ્રિય વાચકને તો ક્યારેક લેસન પણ આપે છે – કવિ એલન ગિન્સબર્ગની વાત આવે છે ત્યારે તેઓ પ્રિય વાચકને કહે છે : ‘સુજ્ઞ સાથી, આ કવિનું કાવ્ય ‘હાઉલ’ જરૂર વાંચજે અને એનો ગુજરાતી અનુવાદ કરજે.’

પછીથી સફરમાં જોડાય છે પ્રાધ્યાપક કર્મશીલ, એમની છત્રીનો રંગ પીળો; પછી જાણે આકાશમાંથી પ્રગટ થઈ હોય એવી બહેન ભાવયિત્રીની છત્રી રૂપેરી રંગની, સોનેરી ચટાપટાવાળી! ત્યારબાદ સફરમાં જોડાય છે મિસ મીમાંસા – મેઘધનુષી છત્રીવાળા યાનમાં. રંગો કેવા સૂચક! કલ્પેલાં આ પાત્રોય જાણે જીવંત! – ભાવયિત્રી ક્યારેક ખિલખિલ હસી પડે, ક્યારેક એની પાસેના રાવણહથ્થાને જરી રણઝણાવે! મિસ મીમાંસા ‘ભઈલા’ કહી સવાલ પૂછે, તોફાની સ્મિત વેરે તો ક્યારેક સિતાંશુના ખભે હૂંફાળો હાથ મૂકે! ક્યારેક સિતાંશુ સરના વેરિઓમીટરમાંથી અણધાર્યું સંગીત પણ સંભળાય! ક્યારેક મુગ્ધ વિદગ્ધ થતા જાય ને વિદગ્ધ મુગ્ધ! આવી બધી લીલાઓ સાથે કાવ્યાકાશમાં વિહાર ચાલે!

પછી સફરમાં સામેલ થાય શ્રીમાન યુગપ્રધાનજી! – એમની મોંઘીદાટ છત્રીનો રંગ પારદર્શક શ્વેત; તળેગાંવકરની છત્રી ઘનશ્યામ રંગની! જેમ છત્રીઓના અલગ અલગ રંગ તેમ આ સહુના સંકુલ સવાલોનાય અલગ અલગ રંગ! પ્રિય વાચક ફરી ફરી સવાલ પૂછે એ પુનરાવર્તન સિતાંશુ સરને ગમે; તેઓ કહે છે –

‘આ પુસ્તક જે જગ્યા આપણને આપે છે એ જગ્યા જ આવી ચણભણો, વિવાદો, સંગોષ્ઠિઓ અને બને તો એક સંભાષા માટેનો અવકાશ આપે છે.’ (પૃ. ૭૬)

આજને, આજના જગતને અને આજના જગતની કવિતાને નજીકથી તથા આઠે ખૂણેથી (આઠ પાત્રોના દૃષ્ટિકોણથી) તપાસવાનોય અવકાશ આ પુસ્તકમાં મળે છે. આ પુસ્તકમાં સંશોધક-વિવેચક-કવિ સિતાંશુએ નાના નાના દેશોના અલ્પખ્યાત કવિઓની ઉત્તમોત્તમ કવિતાઓ પણ ઝીણી જટાયુ-નજરે શોધી શોધીને, ગુજરાતીમાં અનુવાદ કરી, કે કરાવીને મૂકી છે. આ કાવ્યયાત્રા માત્ર યુરોપ અને ઉત્તર અમેરિકાના વિખ્યાત કવિઓ સુધી મર્યાદિત નથી. આ યાત્રામાં દક્ષિણ અમેરિકી ખંડ તથા આફ્રિકાનોય સમાવેશ થાય છે. સવિશેષ આનંદ તો આપણા નજીકના દેશો – ભુતાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, મ્યાનમાર, પાકિસ્તાન, ચીન, ઈરાન, અરબ દેશો અને પેલેસ્ટાઇન, પૂર્વ યુરોપીય દેશો આદિની આજની કવિતાની જાતરા પણ સિતાંશુએ કરાવી છે ને ‘નીરખ ને’ ‘નીરખ ને’ કહી કાવ્યરૂપો બતાવ્યાં છે, પ્રિય વાચકને સૌથી નજીક રાખીને, – સ્પેસ અને પર્સ્પેક્ટિવ બંનેને જાળવીને. અનેક નારી-કવિઓનો આ પુસ્તકમાં સમાવેશ થયો છે. (‘કવયિત્રી’ શબ્દ કઢંગો લાગે છે, આથી તેઓ સ્ત્રીકવિઓનેય ‘કવિ’ કહી સન્માને છે.)

LGBTQ Culture અને LGBTQ Poetryનો પણ આ સાહસ-સફરમાં સમાવેશ થયો છે. આજની વિશ્વકવિતાની, સંકુલ સ્વરવિપુલતાની ત્રિજ્યા વિસ્તરે છે.

સાંપ્રત વિશ્વકવિતાની આ સાહસ-સફરને ત્રણ ખંડમાં વહેંચી છે : ખંડ એક – કવિ; ખંડ બે – માણસ, ઘર, નગર તથા ખંડ ત્રણ – આત્મહત્યા કે નવજીવન?

(૪)

ખંડ એક – કવિ : એમાં પાંચ વિભાગો છે : ૧. ત્રણ કવિ-છવિ, ૨. કઈ આજ? કયું વિશ્વ? કઈ કવિતા?, ૩. વાણી-આજની વિશ્વકવિતાની, ૪. એક એકરાર અને ૫. આજની ભારતીય કવિતામાં કવિ-છવિ : આજના એક ઉત્કૃષ્ટ ગુજરાતી સર્જકની નજરે.

અલ્પખ્યાત દેશના આ અલ્પખ્યાત કવિની એક કવિતાથી આ જાતરાનો ઉઘાડ થાય છે. સાખપાડોશી એવા યુરોપિયન દેશોનાં આક્રમણોથી અનેક વાર તૂટેલા અને સંધાયેલા 'બાલ્કન' પ્રદેશનો એક દેશ સ્લોવેનિયા સ્લોવન સાહિત્યમાં અર્વાચીનોમાં આદ્ય એવા કવિ ફ્રાન્સ રેસેરેનની કવિતા 'કવિને સંબોધન'ની આ પંક્તિઓ જોઈએ. (મોટા ભાગની કવિતાઓના ગુજરાતી અનુવાદો કવિ સિતાંશુ પાસેથી મળ્યા છે – એમાંથી ગુજરાતી ભાષાની માટીની મહેક આવે તેવા, સહજ સુંદર.) –

'કેમ કરીને આપણે આગળિયો મારી શકીએ
વીતેલા દિવસોની વ્યથા-વેદનાઓની સ્મૃતિઓની આડે?' (પૃ. ૧૦)

વિદગ્ધ કહે છે : ક્યારેક સ્મૃતિઓ જીવનને પોષે; ક્યારેક વિસ્મૃતિ જરૂરી બને જીવન થોડુંકે આગળ જીવવા માટે. કાવ્યની છેલ્લી પંક્તિમાં કવિ જન્નતને અને જહન્નુમને – બંનેને છાતીમાં ઝીલવાનું કૌવત કેળવવા કહે છે. ('આગળિયો', 'ધોધવા', 'ધધૂડા', 'વાવડો' જેવા અનેક શબ્દો કવિ સિતાંશુના અનુવાદમાં મળે છે. અનુવાદ નહિ, પણ ગુજરાતી કવિતા જ વાંચતા હોઈએ તેવું અનુભવાય – ભાષા તથા લય, બંને બાબતે).

અલ્પખ્યાત રેસેરેન પછી તરત વિશ્વવિખ્યાત બૉદલેર ભણી પ્રયાણ થાય છે – સ્લોવેનિયાથી ફ્રાન્સ. વીસમી સદીને, આવનારા સમયને વરતી લેનાર કવિ બૉદલેરની મહાન કાવ્યકૃતિ 'આલ્બત્રોસ'ની અંતિમ પંક્તિઓ જોઈએ –

'કવિ તો છે નીલાકાશના આ રાજકુમાર જેવો,
બન્ને, પવનનાં તોફાનોમાં તરતા રહે,
તીર તાકતા પારધીઓને હસી કાઢે,
અને, છેવટ દેશવટો પામે ખિખિયાટા મારતા માણસોના ઘેરામાં,
જ્યાં એની પેલી પાંખ પણ બની રહે છે એક નર્યું નડતર.' (પૃ. ૧૩)

જાજરમાન સાગરપંખી જે પાંખ થકી નભશિખરો સર કરે એ પાંખ જ બની રહે નર્યું નડતર! 'આજ'ના સમયની કેવી વક્રતા!

બૉદલેર પછી સફર યુરોપે ખૂંદી કાઢેલા, રસકસ ચૂસી ફેંકી દીધેલા અમેરિકા ખંડના દક્ષિણ અર્ધમાં આવેલા દેશ પ્યોર્તોરિકોના કવિ માર્તિન એસ્પાદા ભણી. કવિ પાબ્લો નેરૂદા વિશેના એમના કાવ્ય – 'બગીચામાં બંદૂકધારીઓ'માં પોતાના દેશના અત્યાચારી શાસન સામે અણનમ રહી ઝૂઝનારા કવિ નેરૂદાની છબી એસ્પાદાની ઝીણી કવિનજરે આલેખાઈ છે. આ પંક્તિઓ જોઈએ :

'તો પણ જ્યારે લેફ્ટેનન્ટ ઉપલે માળે ધસી આવ્યા
ત્યારે નેરૂદાએ એમની બરાબર સામે જોઈને કહ્યું :
તમારે અહીં ફક્ત એક ચીજનું જોખમ છે : કવિતા.
લેફ્ટેનન્ટે અદબથી પોતાના માથેથી ટોપો ઉતાર્યો
સેનોર નેરૂદાની માફી માગી
ને દાદરા ઊતરી ગયો.' (પૃ. ૧૮)

આ યાત્રામાં આવતા દરેક કવિઓના પરિચય ઉપરાંત એમના દેશોના ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક, સાહિત્યિક સંદર્ભોય સહજ ગૂંથાતા-વણાતા આવે છે. આમ, આ ત્રણ કવિઓનાં 'કવિ' વિશેનાં ત્રણ કાવ્યોમાં 'આજ'ના 'કવિ'-ની એક ત્રિપરિમાણ છબી જોવા મળે છે.

આપણા સાખપાડોશી દેશ શ્રીલંકાના કવિ જીન અરસનાયગમની કવિતા – સિંહાલા અને તમિળ શ્રીલંકનો વચ્ચેના યુદ્ધ પછી રચાયેલી – 'કવિ' – એની એકાદ-બે પંક્તિઓ જોઈએ :

'જૂના શબ્દો મોઢામાં ઊની રાખ જેવો સ્વાદ મૂકી જાય છે.
જીભ ધીમે બળતા કોયલા જેવી લાગે છે.' (પૃ. ૨૩)

*

'આપણે, કવિઓ, હવે હમેશાં માટે ભાગેડુ ગુનેગાર
આપણા દેશમાં.' (પૃ. ૨૪)

મોટા કવિઓ જે વાતે ગમગીન થઈ ગયા એ જ વાત પર આપણને હસાવનાર પોલૅન્ડના કવિ વિસ્લાવા સિમ્બોર્સ્કાની કવિતાનો અનુવાદ સિતાંશુએ ઉદયન ઠક્કર પાસે કરાવ્યો છે. કારણ? – 'ગુજરાતી કવિતામાં એવું હસનાર, હસાવનાર અને ભલભલી અકળાવનારી પરિસ્થિતિને હસી કાઢનાર કવિઓમાં એ અગ્રણી છે.' સિમ્બોર્સ્કાની કવિતા 'કેટલાંકને ગમે, કવિતા'ની અંતિમ પંક્તિઓ જોઈએ –

'કવિતા —
પણ શું છે કવિતા?
આ પ્રશ્નના ઘણા અવળસવળ ઉત્તરો અપાયા છે.
પણ હું જાણતી નથી અને હું જાણતી નથી અને અઢેલી રહું છું એને,
જાણે ટેકો આપતો કઠેરો હોય' (પૃ. ૨૮)

સિતાંશુ પણ હમસફરોને કહે છે – 'આ મુસાફરીનો જરા થાક લાગ્યો છે? આ કઠેરો જોયો? સિમ્બોર્સ્કાની કવિતાનો? પોતપોતાના યાનમાંથી નીકળી, બેસો એને અઢેલીને બે ઘડી.' – આવો હળવાશભર્યો કાવ્યમય અવકાશ પણ સિતાંશુ જ આપી શકે. – તેઓ કહે છે :

'કવિતાનો સહવાસ સહુને એક વિશાળતર ખુલ્લાશમાં લઈ જાય છે, જેમ પંખીઓનાં બચ્ચાંને પોતપોતાનાં પોષક ઈંડાંઓનાં કોચલાં અંદરથી તોડી એક સહિયારા વિશાળ આકાશમાં બહાર આવવાનું મન જિંદગી પોતે કરે એમ કવિતા પણ આપણને દરેકને કરે.' (પૃ. ૨૬)

હસવું કે રડવું? એવી પરિસ્થિતિમાં, વિનોદ થકી વિષાદને સંતાડનાર પોલૅન્ડના જ કવિ આના શ્વીરના કાવ્યનોય અનુવાદ ઉદયન ઠક્કરે આપ્યો છે. પોલૅન્ડના અન્ય કવિ એડમ ઝાગાયવ્સ્કીની કવિતા – 'છિન્નભિન્ન થયેલા આ જગતની પ્રશંસા કરજો'નો અનુવાદ 'જગતભરની ઉત્તમ કવિતાઓ ખૂબ વાંચનારા કવિ' પીયૂષ ઠક્કરે કર્યો છે. આ કાવ્યની અંતિમ પંક્તિઓ જોઈએ :

'પ્રશંસા કરજો આ છિન્નભિન્ન થયેલા જગતની
અને રાખોડી પીંછું ખોઈ બેઠેલા નાનકડા પંખીની
અને એ કોમળ અજવાળાની
જે ભૂલું પડે છે, ખોવાઈ જાય છે ને પાછું ફરે છે.' (પૃ. ૩૫)

આ વિભાગમાં એન્રિક મોયા, જેઇન હર્શફીલ્ડ, વિલિયમ સ્ટ્રેફર્ડ, બેર્ટોલ્ડ બ્રૅખ્ટ, સુનંદા મહેંદ્રા, ઇવ મેરિયમનાં કાવ્યો અને રસભરી વાતો, ચર્ચાઓ સાંપડે છે. સિમ્બોર્સ્કાની વ્યાજસ્તુતિ અલંકારથી મરક મરક હસતી એક કવિતા નિમિત્તે સિતાંશુ આ અલંકારની સમજૂતી આપે છે : 'વ્યાજસ્તુતિ અલંકારમાં 'મુખે નિન્દા' પણ અંદરખાનેથી સ્તુતિ, અથવા 'મુખે સ્તુતિ' પણ વ્યંજનાએ કરીને નિન્દા.' કેટલીક રચનાઓનો ગુજરાતી અનુવાદ ઉત્કર્ષ મજુમદાર પાસે કરાવ્યો છે. સિતાંશુ ઉત્કર્ષનો પરિચય આમ આપે છે – 'રંગભૂમિનો સંમોહક અભિનેતા, વિશ્વરંગભૂમિના જાણતલ અને વાણીના દરેક વળાંકના પરમ પરખંદા.'

વિભાગ-૨માં 'કઈ આજ?' કયું ને કેવું વિશ્વ? કઈ कविता? – આ યક્ષપ્રશ્નો વિશે આઠે ઍંગલથી મુક્ત ચર્ચાઓ સાંપડે છે. સિતાંશુ મૂછમાં હસતાં કહે છે : 'આજની કવિતા આપણા ગઈકાલ સુધીના ઠરીઠામ જગતમાં ઘણી ખલેલો પહોંચાડે છે ને પાછી પૂછે છે, 'ખલેલ પહોંચાડું?!' – આપણા આ પુસ્તકને કોઈ મલ્ટિકલ્ચરાલિસ્ટ વિવેચક 'ખલેલ-મીમાંસા'નું પુસ્તક ગણે, તો, પ્રિય વાચક, જરા સ્મિત કરજે!' આ સફરમાં સિતાંશુના હોઠ પર અને એમની મેધાવી આંખોમાંય સતત સ્મિત ફરકતું રહ્યું છે.

વિદગ્ધ પૂછે છે : 'તો આ પુસ્તકમાં કે પ્રવાસમાં આવરી લેવાતી આપણી 'આજ' તે કઈ?'

'આપણા 'સાંપ્રત' યુગની અવધિને કે ઉડ્ડયનની આકાશસીમાને ૧૯૨૨થી ૨૦૨૨ સુધીનાં સો વર્ષની ગણીએ.'

૧૯૨૨ થી સો વર્ષ શા માટે?!

૧૯૨૨માં T. S. Eliotની કાવ્યકૃતિ The waste Landનું પ્રકાશન, James Joyceની નવલકથા Ulyssesનું પ્રકાશન તથા Albert Einsteinના પુસ્તક The meaning of Relativityનું પ્રકાશન; – 'ત્રણે માનવસંસ્કૃતિ માટે એ પૂર્વેની ઠરીઠામ માન્યતાઓને હચમચાવતાં પ્રકાશનો બન્યાં.' ૧૯૨૨માં ઉત્તરપ્રદેશના ચૌરીચૌરા ગામમાં એક પોલીસસ્ટેશન બાળવામાં આવ્યું. આથી એ દિવસે ગાંધીજીએ અસહકારનું શસ્ત્ર મ્યાન કરી, ભાથામાંથી 'અહિંસા'નું શસ્ત્ર બહાર કાઢ્યું ને જગતને મંત્ર આપ્યો:

‘હિંસા વિરુદ્ધ અહિંસા’ – “એ જ આપણું ‘નવજીવન.’” આમ, ‘સર’ સિતાંશુ આપણને સો વરસની સિમ્ફનીના કેટલાક સંવાદી સૂરો સંભળાવે છે. આ સો વર્ષ એટલે આપણી ‘આજ’!

‘કેવું વિશ્વ?’ – એનીય અનેક સંદર્ભો સાથે વિગતે રસપ્રદ ચર્ચા છે. એમાં ૧૯૫૫માં યોજાયેલા ફોટો પ્રદર્શન – The Family of Manની વાત આવે; ફ્રેન્ચ વિચારક રોલાં બાર્થે કરેલી એની ટીકાનીય વાત આવે –

‘પ્રદર્શનની પહેલી વિશાળ ફ્રેમમાં જોવા મળતાં બાળકો ગોરાં, રતુંબડાં, પીળાં, ઘઉંવરણાં, કાળાં સહુ મીઠડાં લાગે છે. છેલ્લી વિશાળ ફ્રેમમાં સહુ મૃત માનવો એકસરખાં શાંત જણાય છે.’

*

‘યુરોપ કે અમેરિકાની તુલનાએ બાળમરણની અને સ્કૂલડ્રોપ આઉટ્સની સંખ્યા એશિયાઈ કે આફ્રિકી બાળકોમાં કેટલી હશે?’ (પૃ. ૫૮)

આપણું કાવ્યવિશ્વ કેવું ને કેટલું છેટું ને કેટલું મોટું એ કહેતી મ્યાનમારના એક કર્મશીલ બૌદ્ધ કવિ સૉ વાઇની કવિતાની વાત આવે, જે આર્મીના જનરલને પોતાની ટીકા કરતી લાગી હતી ને કવિને ૨૦૦૮માં ૨૮ મહિના ને ૫ દિવસની જેલની સજા થઈ હતી. ટ્રાયલ દરમિયાન સૉ વાઇએ કહેલું : ‘I have only poetry as my weapon. I will not surrender.’ આ ઘમસાણમાં સૉ વાઇએ એક ઔર કવિતા લખી – ‘Geography’ –

‘આ સમયે
એક સોયની આંખ
આખા જગતને બતાડી શકે છે.’ (પૃ. ૬૨)

જેલમાં પુરાયેલો કવિ નાનકડી વાબારીમાંથી, કહો કે સોયની આંખમાંથી આખો બ્રહ્મદેશ, આખું જગત જોઈ લે છે! સર સિતાંશુએ નોંધ્યું છે :

‘‘સોય’ શબ્દ એથી વધારેયે સૂચવી શકે : આપણા ‘છિન્નભિન્ન’ થયેલા, ‘લીરેલીરા ઊડેલા’ આજના જગતને સૉ વાઇની આ સોય સાંધી શકે છે, આખું કરી શકે છે.’ (પૃ. ૬૨)

આ કવિતા બાબતે, આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ યાદ આવે એવી સર સિતાંશુની (મુગ્ધજીના મુખે કહેવાયેલી) આ નોંધ આસ્વાદો ને સાથે સોયના નાકામાંથી જુઓ :

‘સોયના નાકામાંથી દેખાતા જગતના સીમાડા, સોયને અને આંખને જરા હલાવીએ તો, બદલાતા રહે. એનું કેન્દ્રબિંદુ પણ બદલાતું રહે. એક જ પ્રદેશના નકશાઓ અનેક થાય.’ (પૃ. ૭૨)

એક સવાલ : ‘તો ખરા બહુ-કેન્દ્રી વિશ્વની આપોપા ને અખંડ રાખતી કવિતા એટલે શું?’

ભાવયિત્રી કોમળ સ્વરે કહે છે – ‘આપણો પડોશી, સૉ વાઇ, આપણી એક સમસ્યા સાવ નવી રીતે ઉકેલી આપે છે; આ બૌદ્ધ કવિને સાંભળો :

'આ તે કેવો
સાવ નાખી દેવા જેવો સવાલ તમે પૂછ્યો :
"ક્યાં છે પરોઢિયું?"
જુઓ, એ તો ગુલાંટિયાં ખાય છે મસ્ત
દરિયાકિનારે, બીચ પર!' (પૃ. ૭૪)

કવિને ક્યાંથી દેખાયું આ બીચ પર ગુલાંટિયાં ખાતું પરોઢિયું? – જેલના સળિયાઓ વચ્ચેની જગ્યામાંથી, કહો કે સોયની આંખમાંથી!

આજની વિશ્વકવિતાનાં વિષાદ અને વિનોદ છૂટા પાડી શકાય એવાં નથી. – 'આ સંચયની રચનાઓમાં કવિતાની 'આજ'નો અને કવિતાના 'વિશ્વ'નો એ સંકુલ રમણીય ચહેરો દેખાય એવો પ્રયત્ન છે.' (પૃ.૭૫)

સર સિતાંશુ 'વિખ્યાતિને વૈશ્વિકતાનો પર્યાય ગણવાનું આપણને મંજૂર નથી' – કહી સૂત્ર આપે છે : 'કૃતિ, સ્વીકૃતિ નહીં' (પૃ. ૭૬) અને નાગરી ચાબખોય મારે છે: 'કઈ રચનાઓ વિશ્વવિખ્યાત થવી જોઈએ એનાં ધારાધોરણ બધાં કંઈ દૂધે ધોયેલાં નથી. ઘણાં તો વૉડ્કા, વાઇન કે બિયરે ધોયેલાં પણ નીકળે!' (પૃ. ૭૬)

ત્યારબાદ તેઓ મહાત્મા ગાંધીને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક ન જ આપવાના નિર્ણયનેય ઝપટમાં લે છે. રાજ્યસત્તા, ધર્મસત્તા, સાહિત્યસત્તા પ્રબળ થતી જાય છે એની સામે સિતાંશુ કહે છે : 'કવિની પ્રેયસી તે એની સ્વાયત્ત સર્જકતા.'

વિભાગ ૧/૨ના અંતે વળી તીખો-તમતમતો ચાબખો –

" 'વિશ્વકવિતા'ની વિભાવનાઓનું પૃથક્કરણ કરવું, એના વિકલ્પો વિચારવા એ કામ કર્યા વિના વિખ્યાત કાવ્યોનો સંચય કરવો, એ એક નિરર્થક કામ છે. કોઈ તીખા તરુણની બાનીમાં કહીએ તો એવા 'કાવ્ય-કોથળા', 'વાર્તા-ગાંસડા' કે 'નિબંધ-ડામચિયા' જે ભાષામાં બેફામ ખડકાતા જાય, એ ભાષાનું સાહિત્ય સડ્યાબડ્યા વિના ન રહે." (પૃ. ૮૧)

વિભાગ ૧/૩ : વાણી – આજની વિશ્વકવિતાની-ની શરૂઆત 'ભાષાઓ' વિશેની કવિવર કાર્લ સૅન્ડબર્ગની કવિતાથી થાય છે, એની પંક્તિઓ જોઈએ :

'એ તો એક નદી છે, આ ભાષા' (પૃ. ૮૩)

*

'નદીઓની જેમ મરણ પામે ભાષાઓ' (પૃ. ૮૭)

આર્મેનિયા દેશની વાત કરતાં સિતાંશુ કહે છે : 'એક વારનું આર્મેનિયા હતું ન હતું થઈ ગયું. ભલે; પણ એના લોકો તો છે અને લોકોની ભાષા તો છે અને એમાં એમની કવિતા તો છે.' (પૃ. ૮૫)

આર્મેનિયાના કવિ મૌશેઘ ઇશ્ખાનની આ પંક્તિઓ જોઈએ :

'આર્મેનિયન ભાષા પોતે જ તો ઘર છે.' (પૃ. ૮૬)

*

'માતૃભાષા. એના જેવો દેશ બીજો કયો?' (પૃ. ૮૭)

પાકિસ્તાનના કવિ પરવીન શાકિરની 'એકોક્તિ' તથા કવિ અહમદ ફરાઝની 'નામાબર કબૂતરો'નો સમાવેશ કર્યો છે. સિતાંશુના અનુવાદમાં ગુજરાતી ભાષાની માટીની સોડમ ઉપરાંત મૂળ ભાષાની ખુશ્બૂ અને લય પણ મળે છે. આ માટે 'ઝબાન', 'પાક', 'ચંદ લબ્ઝ', 'નામાબર', 'આફતાબ', 'શાહરાહો' જેવા શબ્દોનો ઉપયોગ કર્યો છે.

પરવીન શાકિરના કાવ્યની પંક્તિ –

'હું ચૂપ થઈ જાઉં છું
ઝબાન પાક રહે એ ખ્યાલે.' (પૃ.૮૯)

તો અહમદ ફરાઝની 'કવિમિજાજ' રજૂ કરતી આ પંક્તિઓ –

'આપે તો સેન્સર કરી દીધી
ટટાર કાળા ટાઇપોની હેડલાઇન.
મુશ્કેટાટ બાંધી જુબાન,
કેદ કરી કલમ
... ...
નાદાન માલિકો!
જો કબૂતરોને પાંજરે પૂરશો
તો ખબરો લઈ જશે વાયરા.' (પૃ.૯૩)

તો પૅરિસમાં રહેતી અલ્પખ્યાત કવિ જુલિએટ ટોસિનો-સ્મિથની કવિતા 'મારી કવિતાનો દેહ'ની આ પંક્તિઓ જુઓ :

'મારો દેહ મારી ભાષાની માલિકીની જમીન છે' (પૃ. ૯૦)

*

'ને મારી ઉપર હવે આરોપ મુકાવાના
તોતડાવાના, થોથવાવાના અને અવાચક થઈ જવાના.' (પૃ. ૯૧)

ગ્લાઇડર શ્રીલંકા પહોંચે એનું વર્ણન જુઓ : 'શ્રીલંકાના મધ્યભાગના પહાડોની વચ્ચે આવેલા રિવરસ્ટોન ગૅપની ગાઢ વનરાઈ ઉપર અમારાં યાન ઝળૂંબી રહ્યાં. નીચેથી આ કવિતાના સ્વર, શાંત પણ સશક્ત, સંભળાવા લાગ્યા:' (પૃ. ૯૪) (ભૂગોળ પણ અહીં કેવી કાવ્યમય બનીને પ્રગટે છે!)

પછી, 'ઉચ્ચાર અને મૌનના તાણાવાણા વણતી' સાશીલ અભયનાયકની કવિતા 'અરણ્યના અવાજોનો' ઉઘાડ જુઓ :

'પખીઓ બોલે એકલાં એકલાં
ઘાસ ધ્રૂજે અને ડગમગે
પહાડ કહે : 'શ્શ્શ્શ, નદી સૂતી છે!' (પૃ. ૯૫)

'ભાષા' વિશેનાં કાવ્યોની વાત કરતાં મુગ્ધના મુખે પણ, સિતાંશુની કવિતા 'ભાષા'નો ઉલ્લેખ સુધ્ધાં નથી! – આ સિતાંશુનો વિવેક.

વિભાગ ૧/૪માં, સિતાંશુ એમના આકાશયાનને એવો હડસેલો દે છે કે બધાં સહયાત્રીઓનાં યાનો પણ, સો વર્ષની 'બાઉન્ડ્રી' તોડીને, પલકારામાં આઠમી સદીના ચીની આકાશમાં તરવા લાગે છે! – 'આજ'ની કવિતા માટે સ્તો! આઠમી સદીના ચીની કવિઓ તૂ ફૂ તથા લી પોની આ કવિતાઓ પણ 'આજ'ની છે! તૂ ફૂની 'એક ઔર વસંત'માં ચિત્રો-દૃશ્યો થકી સંવેદન ઘૂંટતાં કવિ કહે છે :

'ભૂખરી નદી પર ઊડે ધોળાં પંખીઓ,
લીલીછમ ટેકરીઓ પર કસુંબી ફૂલો,
એક વધારે વસંતને આવતી ને જતી જોઉં છું હું,
ને વિમાસું છું મારે ઘેર પાછો હું પહોંચી શકીશ ક્યારેયે?' (પૃ. ૯૯)

'વસંત' નિમિત્તે હંમેશનો ઘરઝુરાપો?! (આ કવિતા ખંડ બે – માણસ, 'ઘર', નગર-માંય મૂકી શકાય?)

લી પોનું કાવ્ય 'પહાડ અને હું' જોઈએ :

'પંખીઓ તો અલોપ થઈ ગયાં છે આકાશમાં,
ને હવે છેલ્લી વાદળી પણ વરસી લે છે.
અમે પડખોપડખ બેઠાં છીએ, આ પહાડ અને હું.
ફક્ત પહાડ જ બાકી રહે ત્યાં લગી.' (પૃ. ૯૯)

(જાપાની કવિતાઓમાંથીય આવાં કાવ્યો મળે. ખરું ને?)

આપણને આ કવિતામાં 'આજે'ય 'પહાડ' પણ દેખાય છે ને એની પડખોપડખ લી પો પણ! સિતાંશુય કહે છે – 'તો, સહપાન્થ, પાંખ સંકેલ, ઉડ્ડયન સમાપ્ત કર. આપણે હવે પડખોપડખ બેઠાં રહીએ આ પહાડની – ફક્ત પહાડ જ બાકી રહે ત્યાં સુધી.' (પૃ.૯૯)

'આજની ભારતીય કવિતામાં કવિ-છવિ : આજના એક ઉત્કૃષ્ટ ગુજરાતી સર્જકની નજરે' વિભાગ-૧/૫ના નિમંત્રિત કવિ છે કમલ વોરા. સિતાંશુએ નોંધ્યું છે : 'દોષ કે ક્લેશની રજકણો વિનાનું મનોમુકુર, એ કમલનું ભાવક લેખે પહેલું લક્ષણ. કાવ્ય ગમે તેવા વિવિધ વેશે આવ્યું હોય તોયે ઓળખી લેવાની સચોટ દૃષ્ટિ અને અકાવ્ય ગમે તેવું શણગારીને આવ્યું હોય તોયે એને પકડી પાડવાની ખબરદાર નજર, એ કમલની સંપાદક-વિવેચક લેખેની પહેલી શક્તિ.' (પૃ. ૧૦૧) કમલ વોરાના ચયન તથા અનુવાદના આ કાવ્યસંપુટમાં જયંત મહાપાત્ર ('કાલ રાતે કવિતાએ'), દિલીપ ચિત્રે ('કવિનું મૌન', 'કવિનું કાર્ય', 'મારા માટે આ કવિતાઓ સમાપન છે.'), કે. સચ્ચિદાનંદ ('કવિતા માટે બે કવિતાઓ : મૃત કવિતા, સારો કવિ', 'નિશાની', 'ન લખાયેલી કવિતા'), શંખ ઘોષ ('પુનર્જીવન') તથા અરુણ કમલ ('દેવભાષા')નો સમાવેશ થાય છે.

('તે હેં યોગેસભૈ, આજની ભારતીય કવિતામોં કવિ-છવિ વિભાગમોં ચ્યમ આપડી ગુજરાતી કવિતા નથી? આપડી ગુજરાતી ભાસાનં ખોટું નીં લાગઅ્?' **(ક્રમશઃ)**

■

‘ચિત્તની લીલાઓ’નું ‘ભરત’કામ

રવીન્દ્ર પારેખ

એક શે’ર જોઈએ:

સાદ પાડી તને હું બોલાવું,
એટલી ક્યાંથી દૂરતા લાવું?

આમ તો આ મિત્ર માટે લખાયું છે, પણ પ્રિય તો કોઈ પણ હોય, મિત્ર જ હોય એવું નથી. કોઈ એટલું હૃદયવગું હોય, આત્મસાત્ હોય, અરે, ‘આત્મ’ જ હોય, તે એટલું દૂર કેવી રીતે હોય કે તેને સાદ પાડીને બોલાવવાની જરૂર પડે? જે ભીતરે છે, ભીતર જ છે, તેને કેમ બોલાવીએ? તે તો પ્રિય કે પરમેશ્વર હોય. એક વખત પરમેશ્વર દૂર હોય, પણ પ્રિય તો અભિન્ન જ હોય, એ દૂર કેવી રીતે હોય? સાદ ઊઠે તોય પોતાને જ અનુભવાય/સંભળાય એવી સ્થિતિ પ્રિયને માટે ભરત વિંઝુડાએ આ શે’રમાં કલ્પી છે. ભરતની ઓળખ આપતો આ શે’ર ગઝલની ઓળખ પણ આપે છે. એ જ ભરતથી થોડી પણ દૂરતા સહન થતી નથી એટલે કહે છે:

આટલી દૂરતા ન રાખ પ્રિયે,
તું મને કેમ આત્મસાત્ નથી. (પાનું-૬૨)

પ્રેમમાં અનિશ્ચિતતા સતત હોય છે ને એ વિરહ સતત તોળાતો રાખે છે. આ બધું જાહેરમાં કહેવાય એવું હોતું નથી. પ્રિયતમા સાથેની નિકટતા, જાત જોડેની નિકટતા પણ છે. આ નૈકટ્ય ગઝલમાં અપેક્ષિત પણ છે. ગઝલ એટલે પ્રિયતમા જોડે એકાંતે વાતચીત - એવી એક વ્યાખ્યા છે. ક્યારેક તો વાતચીતનેય અવકાશ નથી રહેતો, કારણ વાતચીત માટે પણ પ્રિય સામે હોય, આ તો એકબીજામાં એવાં અભિન્ન છે કે પ્રિય ને પ્રિયા જેવી અલગ ઓળખ જ નથી. બંને એક ને એકાકાર છે.

ભરત વિંઝુડાનું શે’ર સામર્થ્ય દર્શાવવા આવા એકબે શે’ર જ પૂરતા છે. અમરેલીના સાવરકુંડલામાં ૨૨/૭/૧૯૫૬ના રોજ જન્મેલા ભરત, ગુજરાતી સાથે બી.એ. કરી મહેસૂલી કર્મચારી તરીકે સેવા આપ્યા બાદ હાલ નિવૃત્તિ ભોગવે છે, પણ ગઝલ નિવૃત્તિ આવે જ નહીં એવી સક્રિયતા, પ્રગટ થતા જતા કાવ્યસંગ્રહો દાખવે છે.

'સહેજ અજવાળું થયું' (૧૯૯૪), 'પંખીઓ જેવી તરજ'(૨૦૦૩), 'પ્રેમપત્રોની વાત પૂરી થઈ' (૨૦૦૬), 'મેં કહી કાનમાં જે વાત તને' (૨૦૦૯), 'આવવું અથવા જવું' (૨૦૧૩), 'લાલ લીલી જાંબલી' (૨૦૧૫), 'તો અને તો જ' (૨૦૧૬), 'તારા કારણે' (૨૦૧૮), 'તમે કવિતા છો' (૨૦૧૯), જેવા સંગ્રહો પછી 'ભરતકામ' (૨૦૨૦) નામનો સમગ્ર કાવ્યનો સંગ્રહ આવ્યો. ભરત વિંઝુડાને ગુજરાત સાહિત્ય અકાદમીના બે પુરસ્કાર મળ્યા છે, તો હરીન્દ્ર દવે પારિતોષિક ૨૦૦૬માં ને મનહરલાલ ચોક્સી પારિતોષિક ૨૦૦૯માં એનાયત થયાં. નાગરિક બેન્ક અમરેલી તરફથી ૨૦૧૧માં રમેશ પારેખ ઍવૉર્ડ મળ્યો, તો રમેશ પારેખ સન્માન (સંગત પરિવાર, અમદાવાદ, ૨૦૧૯) પણ મળ્યું. આ ઉપરાંત ૨૦૧૨માં દર્શક સન્માન મળ્યું, તો શયદા ઍવૉર્ડ ૨૦૧૩માં એનાયત થયો. એ ઓછું હોય તેમ ૨૦૧૪-'૧૫નું દિલીપ ચં. મહેતા(ગઝલ) પારિતોષિક પણ મળ્યું.

કવિતા લખવાની શરૂઆત ૧૯૭૪થી થઈ, એમાં ગઝલ તરફ ઝોક વધારે રહ્યો ને તે પછીને ક્રમે મુક્તકો, અછાંદસ રહ્યાં. ગઝલ અભ્યાસુને ભરતનું છંદવૈવિધ્ય, મૌલિક અભિવ્યક્તિ ને પ્રતીકોમાં ઉમેરાતી તાજપ આકર્ષે એમ બને. ફિલ્મી ગઝલો સાંભળી સાંભળીને ગઝલલેખન તરફ વળેલા આ ગઝલકારને ગઝલોનાં લય અને નાદમાધુર્ય વધુ આકર્ષે છે. ભરતની વિશેષતા એ છે કે એ તારસ્વરના કવિ નથી. મંચ પરથી રજૂ કરતા હોય ત્યારે પણ એ ગઝલ પોતાને કાનમાં કહેતા હોય એ રીતે રજૂ કરે છે. આવા ગઝલકારનો તાજો ગઝલસંગ્રહ 'ચિત્તની લીલાઓ' ZEN OPUS, અમદાવાદ તરફથી જૂન, ૨૦૨૩માં પ્રગટ થયો છે. સંગ્રહમાં ૧૧૪ ગઝલો સમાવિષ્ટ છે ને દરેક વાચ્ય હોવા ઉપરાંત શ્રાવ્ય પણ છે. દરેક ગઝલની ઉપર આપવામાં આવેલા QR CODEના ઉપયોગથી જે તે ગઝલ સાંભળી પણ શકાય એમ છે. સંગ્રહની ગઝલો સંદર્ભે ભરત વિંઝુડાએ 'નિવેદન'માં આમ નોંધ્યું છે, 'આ સંગ્રહમાં, સંગ્રહ પ્રગટ થયા પૂર્વેનાં બે વર્ષની ઘણી રચનાઓ છે. તો ઘણી ૫-૧૦-૧૫-૨૦ કે વધુ વર્ષ પહેલાંની પણ છે. અમુક ગઝલો આગળની ડાયરીઓમાં હોય, તે જોવાઈ ન હોવાના કારણે અપ્રગટ પડી રહી હોય. ઉપરાંત, દરેક ગઝલસંગ્રહમાં ૧૫-૧૭ છંદની રચના હોવી જોઈએ અને વિષયવૈવિધ્ય પણ જળવાઈ રહેવું જોઈએ. એવા વિચારના કારણે એકવિધતા ન આવે એ માટે અમુક રચનાઓ બાદ કરી હોય એવું પણ બન્યું છે.'

જોઈ શકાશે કે ગઝલ મઠારવાની ચિંતામાં ભરતે વર્ષો સુધી ગઝલો ડાયરીમાં જ રહેવા દીધી છે ને બરાબર તપાસ્યા પછી જ ગઝલો પ્રગટ થવા દીધી છે. આ ઉપરાંત ૧૫-૧૭ છંદોનું વૈવિધ્ય દરેક સંગ્રહમાં જાળવી રાખવા માટે ને એકવિધતા ન આવે એ માટે કેટલીક ગઝલોને શાયરે પડતી પણ મૂકી છે. આવી નિર્મમ જાત-તપાસને કારણે જ ભરત વિંઝુડાની ગઝલો ધ્યાનાકર્ષક બની છે. 'ગોઠવી આપો' રદીફવાળી સંગ્રહની પહેલી જ ગઝલનો આ મત્લા જુઓ :

> વહ્યાં'તાં એ ક્રમે આંસુનાં મોતી ગોઠવી આપો,
> તમે બે આંખથી ટપકેલી જોડી ગોઠવી આપો. (પાનું-૧)

આપણે ઘણું બધું કરી શકીએ છીએ ને કશું જ આપણી પહોંચની બહાર નથી એવી શેખી મારતાં ફરીએ છીએ, પણ ફૂલની પાંદડી ગોઠવીને ફૂલ બનાવી શકાતું નથી, જેમ જે ક્રમે આંસુ વહ્યાં હોય એ ક્રમે ગોઠવી શકાતાં નથી. એ સજીવ મોતીની સેર ગોઠવવાનું અશક્ય છે. ગઝલકારે બે આંખથી ટપકેલાં મોતીનું ચિત્ર ઊભું કરતાં એ પડકાર ફેંક્યો છે કે ગોઠવી શક્તા હો તો એ મોતીની જોડ પણ ગોઠવી આપો.

એ જ ગઝલના છેલ્લા બે શે'ર પણ જોઈએઃ

શિશુએ આવીને એવું કહ્યું કાગળ બતાવીને,
નદી દોરી છે, એમાં તરતી હોડી ગોઠવી આપો.

અભણ ને ગ્રામ્ય લોકો જે રીતે વાતો કરે છે એ,
બરાબર સાંભળો ને એવી બોલી ગોઠવી આપો.

આખી ગઝલ પડકાર ફેંકે છે, પણ વાત એવી ઠાવકાઈથી કહેવાય છે કે ઘણું એવું છે જે માણસ કદી કરી શકે એમ નથી. કાગળ પર બાળકે નદી તો દોરી છે, એ હોડી પણ દોરી શક્યો હોત, પણ તે તરતી ન લાગી હોત ! એણે તો કાગળ પર હોડી તરાવવી છે. એટલે કહે છે કે 'તરતી હોડી ગોઠવી આપો'. એ પછીના શે'રમાં પણ ગામડિયા લોકોની બોલીની આપણે મજાક તો ઉડાવી શકીએ છીએ, પણ એ બોલીને સાંભળીને ઉચ્ચરિત રૂપે ગોઠવવાનું અઘરું છે.

હમ રદીફ-હમ કાફિયા ગઝલ 'આસમાનથી'ના બે શે'ર માણીએ :

સૃષ્ટિને નીરખીને સમજ કેળવાય છે,
અજ્ઞાન મારું કોઈ વધારો ન જ્ઞાનથી.

મારાથી મારો કેમ પરિચય ન થઈ શકે,
હું કેમ ઓળખાઉં બીજાના બયાનથી. (પાનું-૩)

બધું પુસ્તકથી જ શિખાય એવું નથી. કેટલુંક તો દુનિયાને જાણીને પણ જાણી શકાય છે, ત્યાં પુસ્તકિયું જ્ઞાન તો ઘણી વાર અજ્ઞાન વધારનારું પણ બની રહે છે.

સાચું તો એ છે કે વ્યક્તિને તે પોતે જાણે તેથી વધારે બીજું કોઈ જાણી શકતું નથી, તોપણ તેનો પરિચય બીજા આપતા હોય એ કેવી વક્રતા છે! એવો જ વેધક કટાક્ષ આ શે'રમાં પણ છેઃ

સત્યની બિલકુલ નજીક પહોંચી ગયેલો હોઉં છું,
ત્યારે આવી એ વિશે અંદાજ આપે છે મને. (પાનું-૮)

ઘણી વાર એવું બને છે કે માણસને એનું સત્ય લાધવામાં હોય છે ને કોઈ એવું આવે જે ઉપકાર કરતું હોય તેમ સત્ય તો નહીં, પણ એનો અંદાજ આપે છે! માણસને બધું મળે છે, પણ ત્યારે નહીં, જ્યારે જોઈતું હોય. એ એના જેવું છે, જ્યારે ધડ પર માથું ન રહ્યું હોય ને કોઈ તાજ આપે! યુદ્ધ અટકાવીને પણ રાજ

પાછું આપી શકાયું હોત, પણ યુદ્ધમાં સંહાર કરીને, હરાવીને રાજ પાછું આપવામાં વિજેતાનો અહમ્ પોષાયો હોત. (અત્યારે પણ યુદ્ધની હવસ પોષવા દુનિયામાં આ જ નથી ચાલી રહ્યું?) આ વાતનો પડઘો પડતો હોય એવું એ જ ગઝલમાં અહીં તંતોતંત જોઈ શકાશે.

કાલ દેવાનું હતું એ આજ આપે છે મને,
ધડ ઉપર માથું નથી ને તાજ આપે છે મને.
યુદ્ધ અધવચ્ચેથી અટકાવી શકાયું હોત પણ,
એ હરાવીને જ પાછું રાજ આપે છે મને.

ગઝલ ઉર્દૂ પરંપરામાંથી ગુજરાતીમાં આવી ત્યારે રાતોરાત નવી નથી થઈ. તેણે એ જ શરાબ-સાકી, શમા-પરવાનામાંથી પોતીકાં ગુજરાતી પ્રતીકો ઉપજાવવાના હતા. આજે તો નવી ગઝલો પણ જૂની થવા પર છે. ભરત વિંઝુડાએ જૂની-નવીનો ભેદ નથી કર્યો. એમણે જરૂર લાગી ત્યારે ટેક્સચરને ભોગે, ખુદા, દવા, દુઆ, કબર-કયામતના સંદર્ભો સાચવીને શે'ર કહ્યા છેઃ

મર્યાં પછીય પ્રતીક્ષા કરો કયામતની,
જીવન વગરનો, કબરમાં સમય પસાર કરો. (પાનું-૯)

અહીં એવો સમય સૂચવાયો છે, જે મૃત્યુ પછીનો છે ને જીવન વગરનો છે. ભલે પરંપરાનો હોય આ શે'ર, પણ આ 'સમય' નવો છે, નોખો છે. સમય તો પસાર થતો જ રહે છે. બચાવો તોપણ તે રહેતો નથી. ગઝલકારને એ ચિંતા છે કે બધો સમય સફરમાં જ પસાર થઈ જશે તો મંજિલ પર પહોંચ્યા પછી ત્યાં સમય વગર કરવાનું શું?

બચાવી રાખવો પડશે જવું છે ત્યાં માટે,
બધોય કેમ સફરમાં સમય પસાર કરો.

એ પછીની જ ગઝલ પણ સમય પસાર કરવાની છે, પણ અહીં રીત વધુ માર્મિક છે.

કશુંય નક્કી નથી તારું કઈ તરફ હોવું,
નદીના બેઉ કિનારે સમય પસાર કરું. (પાનું-૧૦)

પ્રતીક્ષાનો આ નટખટ સમય છે. પ્રેમિકાએ આવવાનું તો કહ્યું છે, પણ એના આવવાનું કશું નક્કી નથી ને વ્યાકુળ પ્રેમી પોતે જ પ્રતીક્ષા થઈ ઊઠ્યો હોય તેમ 'એ' આ કિનારે પણ આવે કે સામે કિનારે પણ આવે એમ વિચારીને આ કિનારે તો ઠીક, સામે કિનારે પણ રાહ જોવામાં સમય પસાર કરે છે. આમ એક તન તો બે કિનારે ન હોય, પણ મન તો હોઈ શકેને ! એમ કરીને પ્રતીક્ષા કેટલી તીવ્ર હશે તે ગઝલકારે બતાવ્યું છે.

તો, બેઉ જગ્યાએ હોવામાં આવી મુશ્કેલી પણ છેઃ

બેઉ જગ્યાએ કેવી રીતે હોય હાજરી,
અંદર હતો, તો કેવી રીતે હોઉં બહાર હું. (પાનું-૬૪)

ઉત્તમ સર્જક ગઝલમાં ભાવોને જ વિરોધાવતો નથી, તે પોતાની સામે પોતાને મૂકીને ખુદને પણ પડકારે છે. પડકારે છે એટલું જ નહીં, સિદ્ધ પણ કરે છે તે ઉપલા બંને શે'રોમાં જોઈ શકાશે. સંગ્રહને 'ચિત્તની લીલા'ઓ નામ એમને એમ નથી અપાયું. ગઝલમાં પ્રિયાની વાતો સતત આવતી હોય છે, કારણ ગઝલ એટલે જ પ્રિયા સાથે એકાંતે વાતચીત. પ્રિયા તે જ ઈશ્વર છે અથવા તો ઈશ્વર તે જ પ્રિયા છે. એ જ સૃષ્ટિ છે. એ જ અત્ર તત્ર સર્વત્ર વ્યાપેલ છે. ભરત વિંઝુડાની ગઝલોમાં ક્યાંક ક્યાંક અભિવ્યક્તિની તાજપ ને તરકીબ એવી હોય છે કે ભાવક 'વાહ' પોકારી ઊઠે. પ્રેમિકાના હૃદયમાં પ્રેમીએ સ્થાન મેળવવું છે, તો એ કહે છે કે હૃદયમાં કોઈ નથી તો એ ખાલી જગા માગું છું :

સાવ પડતર જોઈને માગી છે મેં,
તારી પાસે હોય તે ખાલી જગ્યા. (પાનું-૧૦૨)

તે હૃદયમાં સમાય, પણ ઘરમાં ન સમાય. તેથી જ ગઝલકાર કહે છેઃ

તમે સમાઈ શકો એમ પણ નથી ઘરમાં,
ઘણાં મકાનની તમને જરૂર પડવાની.(પાનું-૧૨)

એ પ્રિયા એટલી મોહક છે કે જળની માછલીઓને પણ તરવાને બદલે ફરવાનું મન થઈ જાય છે.

જળમાંથી જોયા કરતી હોય તને કાંઠે,
એ માછલીઓને ફરવાનું મન થઈ જાશે. (પાનું-૧૭)

આવી પ્રિયાને જોવાને બદલે, એને ચાહનારને કોઈ જોયા કરે તો પ્રિયતમાને તો ઠીક, પ્રેમીને આવો સંકોચ થાય છે.

મને એકલાને જુએ છે બધાં,
તમારી જ એ માનહાનિ હતી. (પાનું-૭૫)

આવા પ્રેમીને પ્રિયા ન હોય તો ક્યાંય જવાનું મન ન થાય ને જાય તો પાછા વળવામાં જ સાર લાગે એમ બને.

તું આગળ ક્યાંયે છે જ નહીં એ જાણીને,
રસ્તેથી પાછા વળવાનું મન થઈ જાશે. (પાનું-૧૭)

-ને ખાતરી જ હોય કે પ્રિયા નથી તો એના વગર બહાર જવાનોય અર્થ નથી, તો કરવાનું શું? આ-

તું નથી તો ક્યાં જવું તારા વગર,
એટલે ઘરમાં રહું તારા વગર. (પાનું-૩૮)

પ્રેમિકાને વીતતો સમય બહુ હાનિ પહોંચાડતો નથી, એવું લગભગ દરેક પ્રેમી માનતો હોય છે. લાંબે ગાળે મળે તોપણ પ્રિયતમા તો સ્વસ્થ જ હોય છે, છતાં વાત

તો પ્રેમીએ જ શરૂ કરવાની હોય છે. આમઃ

સાત ભવ માટે તને સારું છે તો પણ,
કેમ છે, એવું રહે છે પૂછવાનું. (પાનું-૮૫)

ગઝલમાં વિરોધી ભાવોને ટકરાવવાનું સામાન્ય છે ને એટલે શે'રો પણ સામાન્ય થઈ જતા હોય છે, પણ કુશળ ગઝલકાર એ વિરોધી ભાવોમાંથી પણ ક્યારેક નોખી અભિવ્યક્તિ સાધતો હોય છે. પ્રેમિકા અંતર જાળવીને અંતર કાપતી હોય છે, પણ એ અંતર રાખે છે ત્યારે જ બધાને વધુ નજીક લાગે છે.

દુનિયાથી એ જરાક દૂરી રાખતી હતી,
ત્યારે બધાને ખૂબ નજીક લાગતી હતી. (પાનું-૨૮)

એ પછીના શે'રમાં પ્રણયનો જુદો જ રંગ પ્રગટ થાય છે. વાયદો કરીને ન આવતી પ્રિયા સપનામાં આવતી જોતાં, પ્રેમી ઝબકીને જાગી જાય છે ને પ્રિયા ત્યારે જાગતી અનુભવાય છે, કદાચ એને પણ વિરહ પીડે છે ને તેથી ઉજાગરા તો તેને પણ થાય જ છે.

સપનામાં જ્યારે જ્યારે મને આવતી હતી,
ઝબકીને જાગી જોઉં તો એ જાગતી હતી.

પ્રેમ કરતાં વિરહ વધુ સનાતન છે. એ આંસુથી ઓગળતો હોય છે, પણ પ્રેમીથી તો રડાય પણ નહીં ! આંસુ ટપકે તે ઠીક નહીં ! કારણ, એને તો અહમ્, સ્વમાન પણ પીડતાં હોય છે.

માત્ર મનમાં રોઈ લેવું જોઈએ,
આંસુઓ ટપકે છે એ સારું નહીં. (પાનું-૪૩)

આમ તો વાંક બધો પ્રિયતમાનો જ નીકળતો હોય છે, પણ અહીં પ્રેમી વિવેકી છે. ભૂલ પોતાની પણ હોઈ શકે એવું તે માને છે, ન ગમતું એનાથી પણ થતું હશે. પણ સામેથી એનો કોઈ પ્રતિભાવ આવે તો સુધારો થાયને !

અણગમતું હોય એનો પ્રતિભાવ જો મળે,
મારા સ્વભાવમાંય સુધારો થઈ શકે. (પાનું-૩૨)

પ્રેમમાં ઉતાવળ ઘણી હોય છે. પ્રેમિકા આવવાની હોય એનો આનંદ એટલો હોય કે શરીર પહોંચે એ પહેલાં મન અનેક વાર એના સુધી પહોંચી જતું હોય છે. આ એવી વાત છે જાણે પહેરણ ઉતાર્યુંય ન હોય ને ભીંતે ખીલી ઊગી નીકળે. પહેરણને ખીંટીએ ટીંગાવાની ઉતાવળ હોય એના કરતાં ખીંટીને પહેરણ પોતાનાં પર ભેરવી લેવાની ઉતાવળ વધુ હોય, એવું ખરું?

હું પહેરણને ઉતારું છું હજી,
ને દીવાલે એક ખીલી થઈ ગઈ. (પાનું-૩૫)

આજનો ગઝલકાર પ્રણયના ભાવોની સાથોસાથ માનવસ્વભાવની કુંઠાઓને પણ પ્રગટ કરતો થયો છે ને એ વાત તે માર્મિક રીતે કહેતો હોય છે. મંદિરમાં કોઈ આવતું નથી, એની ચિંતા ભગવાન કરતાં પૂજારીને વધુ છે. ભગવાન ભાવના ભૂખ્યા છે, પણ પૂજારીને તો પેટ પણ છેને !

હજી મંદિરે કોઈ આવ્યું નહીં કાં,
પ્રભુ નહીં, પૂજારી પ્રતીક્ષા કરે છે. (પાનું-૪૪)

ગઝલકારને એવા પ્રભુને સંભળાવવાનું ગમે છે જે આંખ મીંચીને ઊભા છે ને અગણિત ભક્તો તરફ નજર સુધ્ધાં નાખતા નથીઃ

તમે આંખ ખોલીને જુઓ જરા,
પ્રભુ, કોઈને કાંઈ કહેવું હશે. (પાનું-૭૮)

કહેવાનું આ જ છે કે બધા દુઃખ દે જ છે તો પ્રભુ, તું પણ બાકી શું કામ રહે?

બીજા દે છે તો શું વાંધો,
હવે તું પણ પ્રભુ દુઃખ દે. (પાનું-૧૧૨)

જોકે, પરમતત્ત્વની લગની લાગી જાય છે, તો ધરમ, ધ્યાન નહીં, પણ ધ્યાન જ ધરમ થઈ ઊઠે છેઃ

રહે લગાવ પરમતત્ત્વની પિછાણ વિશે,
ધરમ રહેશે નહીં તોય ધ્યાન રહેવાનું. (પાનું-૭૯)

આમ બહુ તર્કપૂત ન હોય, પણ ચાટુક્તિથી પણ ક્યારેક શે'ર આકર્ષક બનાવવાના પ્રયત્નો થયા છે. કૈં લેવાથી દેવું ન થાય, પણ નેવ્યાશીના નેવું તો થઈ શકે, એવી નાવીન્યપૂર્ણ પ્રગતિ આ મત્લામાં જોવા મળે છે.

લેવું છે કંઈ એથી દેવું થઈ જાશે,
નેવ્યાશીના હમણાં નેવું થઈ જાશે. (પાનું-૪૮)

એ જ ગઝલમાં આવો શે'ર પણ છેઃ

આજુબાજુ થોડી શાંતિ રાખે સૌ,
તો આ મારું મન પારેવું થઈ જાશે.

મનની અશાંતિ, મનનો ઉદ્વેગ આજુબાજુના ઘોંઘાટનું પરિણામ છે, એ કેવી સિફ્તથી અહીં સૂચવાયું છે !

એવી જ સિફ્તથી એમ પણ કહેવાયું છે કે કોઈ ન લખે તો એમાં શાયરનો શો દોષ? પોતાને તો કાગળ થવાનું આવ્યું જ છે.

લખતું નથી કોઈ તો એમાં શું દોષ મારો,
મારે તો એક કોરો કાગળ થવાનું આવ્યું. (પાનું-૫૩)

શાયરે એ આશ્વાસન લેવું જોઈએ કે કોરા તો રહેવાયું છે, કારણ કાગળ કોઈ ન લખીને નકામો કરે એમ જ લખીને પણ કરેને !

ભરત વિંઝુડાએ પ્રણયના ભાવોને તો અભિવ્યક્તિ ગઝલની રીતે આપી જ છે, પણ માનવસ્વભાવની ખાસિયતોને પણ ઉજાગર કરી છે. શત્રુતાની સામે ભોળપણ કામ લાગતું નથી, કારણ એને સામે શત્રુતા કરતાં આવડતી નથી. એ તો જેમ ચાલે છે, એમ જ ચાલે છે ને શત્રુનું પોતાની ઉપરનું જોખમ વધારે છેઃ

શત્રુઓ જાણે છે તમને,
ચાલો છો કાયમને રસ્તે. (પાનું-૫૭)

'વેર રાખ્યું છે', જેવી રદીફ રાખીને ઉપર ઉપરથી પ્રેમ કરનારાઓ ભીતરથી વેર રાખતા હોય છે, પણ જે ભીતરથી ચાહે છે તે શું કરે છે? એ ઉપરથી વેર રાખે છે. નકલી પ્રેમમાં ભીતરથી વેર રખાતું હોય, જ્યારે અસલી ચાહક ઉપર ઉપરથી નફરતનો દેખાવ કરે, પણ એ ઉપર ઉપરથી જ હોય, ભીતર તો સ્નેહની સરવાણી ફૂટતી હોય છે. એક શે'રમાં અસલી-નકલી પ્રેમ કરનારની સૂત્રાત્મક અભિવ્યક્તિ અહીં સધાયેલી જોઈ શકાશે.

ઉપરથી પ્રેમ કરનારા ભીતરથી વેર રાખે પણ,
ભીતરથી પ્રેમ કરનારે ઉપરથી વેર રાખ્યું છે. (પાનું-૯૮)

પરિસ્થિતિ એવી થાય છે કે સાચી વ્યક્તિથી નહીં, પણ ખોટાથી માણસે ડરવાનું આવે છેઃ

કોઈ સાચો ક્યાં સતાવે છે મને,
વાઘ કાગળનો ડરાવે છે મને. (પાનું-૮૮)

ભય જ જીવન છે. ભીડમાં હોઈએ તો ભીડનો ભય રહે ને એકાંતમાં તો પોતાનો જ પડછાયો ડારતો હોય.

રહે ભીડમાં ભય સતત ભીડનો,
ને એકાંતમાં સાવ ખુદથી ડર્યાં. (પાનું-૧૦૦)

કોઈની ઓળખ જ અંધકાર હોય તો તેને દીવો મદદ ન કરી શકે, કારણ અજવાળાને તો અંધકારની ઓળખ કેવી રીતે હોય?

દીવો લઈને શોધી રહ્યું છે કોઈ મને,
કેવી રીતે જડું કે હતો અંધકાર હું. (પાનું-૬૪)

ગઝલકારો ગઝલ તો લખે જ છે, પણ ગઝલ વિશે પણ ગઝલ કે શે'ર લખતા હોય છે, મોટે ભાગે તો એમાં આત્યંતિકતા જ કેન્દ્રમાં હોય છે ને એ સ્વાભાવિક પણ છે, પણ ભરત વિંઝુડાને ગુજરાતી, ગઝલને કારણે ટકી જવાની આશા છે. આજે ગુજરાતીની જે દુર્દશા થઈ રહી છે તે જોતાં આ શે'ર આશ્વસ્ત કરનારો નીવડે તો નવાઈ નહીં.

તારી ને મારી નસલના કારણે,

ગુર્જરી ટકશે ગઝલના કારણે. (પાનું-૬૮)

ઘણી વખત એવું બને છે કે લાંબી બહેરમાં ભરતીના શબ્દો પ્રવેશી જતા હોય છે. છંદને નિભાવવા ગઝલકાર એવું કરતો હોય છે, પણ બિનજરૂરી લાગતી વાતનો આભાસ ઊભો કરીને ગઝલકાર ફિલસૂફી સુધી પણ જીવનને લઈ આવતો હોય છેઃ

હવા ખરેખર હવા નથી પણ પવન છે એવું કહી રહ્યાં છે,

હું શ્વાસ લઉં છું એ શ્વાસને સૌ જીવન છે એવું કહી રહ્યાં છે. (પાનું-૮૦)

એવી જ રીતે ‘લાશ’ની નોખી વ્યાખ્યા એક મત્લામાં ગઝલકારે આમ આપી છે.

એક પછી એક અંગ સઘળાં નાશ થઈ,

મોત આવ્યું ત્યારે આખી લાશ થઈ. (પાનું-૮૨)

વારાફરતી અંગો કામ કરતાં અટકવા માંડે તો લાશ બનવાની શરૂ થાય છે ને મોત આવે છે ત્યારે નિષ્ક્રિય અંગોનો સરવાળો લાશ પૂરી કરી આપે છે. એવી જ નાવીન્યપૂર્ણ વ્યાખ્યા ‘આશ’ની, એ જ ગઝલના અન્ય શે’રમાં પણ છે :

કામ કંઈ એને પડ્યું એથી મળ્યાં,

ને અકારણ એ દિવસથી આશ થઈ.

આમ તો કામ ‘એને’ હતું ને એ મળ્યાં ને આશ એ દિવસથી અકારણ રાખવાનું થયું.

સાધારણ, અભણ માણસનું જીવન જ શૂન્યથી શરૂ થતું હોય છે, અભાવ જ સતત હોય, ત્યાં શૂન્યની નવાઈ નથી હોતી, એટલે એકડે એકથી સમજાવવાનું કહેવાય છે. (કમાલ એ છે કે જે સતત સાથે હોય છે એ શૂન્ય અલગ તો ક્યારેય સમજાવાતું કે ભણાવાતું જ નથી)ઃ

શૂન્યની છે ખબર અભણને પણ,

એકડે એકથી જ સમજાવો. (પાનું-૧૦૪)

આમ તો જન્મથી મૃત્યુની વચ્ચે સમય પથરાઈને પડ્યો હોય છે. એ દરમિયાન સમય મનુષ્યને સતત સાથે ને સાથે રાખતો હોય છે ને પછી સમયથી વિખૂટા પડવાનું આવે છે ત્યારે જે આખરી પળ મળે છે તે પછી નથી સમય રહેતો કે નથી જીવન રહેતું.

મને સાથે જ રાખે છે સમય પણ છળ થવાનું છે,

કોઈ પણ એક પળને એક આખર પળ થવાનું છે. (પાનું-૮૪)

ગઝલકારે ‘કોઈ પણ એક પળને એક પળ આખર થવાનું છે’, એમ કહેવું છે, પણ ‘છળ’ સાથે ‘પળ’નો કાફિયો રાખી મત્લા કરવો હતો, એ ક્ષમ્ય ગણીએ તો પણ આ મત્લા માણવા જેવો છે.

ભરત વિંઝુડાના કેટલાક શે’ર એવી ચમત્કૃતિ લઈને આવે છે કે એ ચમકૃતિ ન લાગતાં સહજ લાગે, પણ પછી એનો કાકુ પકડાય તો ભાવક પાસે આશ્ચર્ય જ બચતું હોય છે.

વ્યવસ્થિત ચાલવાના હોય ત્યાં સુધી જ એ ચાલે,
કદી ધબકાર ચૂકીને પછી ચાલ્યા જવાનું છે. (પાનું-૯૨)

ધબકાર નિયમિત ન હોય તો જોખમ ઊભું થાય. એ નિયમિત હોય ત્યાં સુધી જ જીવન ચાલે છે, પછી સ્થિતિ એવી આવે કે ધબકાર ચૂકવાની ફરજ પડે ને તે પછી તો 'ચાલ્યા જવાનું છે,' એવી રીતે કે પાછા આવવાનું જ ન રહે.

સંગ્રહની છેલ્લી ગઝલ 'માફીનામું' છે. તેમાં છેલ્લા શે'રમાં ન કહેવા જેવુંય કહેવાઈ ગયું છે તે બદલ માફ કરવાનું ગઝલકાર કહે છે, પણ એ કવિ છે ને પારદર્શક કવિ છે એટલે કહે પણ છે કે ન કહેવાનું એટલે કહેવાયું છે કે કૈં પણ છુપાવવાનું મનમાં જ ન હતું :

ન કહેવાનુંય કહેવાઈ ગયું છે,
નથી મેં કંઈ છુપાવ્યું માફ કરજો. (પાનું-૧૧૪)

આખા સંગ્રહમાંથી પસાર થતાં કેટલીક વાતો ધ્યાન ખેંચે છે. ગઝલકારે કેટલીક 'ગોઠવી આપો', 'ને નિતંબ સોફામાં'(આ રદીફ ન ગમી), 'પ્રતીક્ષા કરે છે' 'ક્યાં જઈ પહોંચ્યો', 'છે દુકાનો', 'ખિસકોલી', 'વાણિયાનો છોકરો', 'ગૌરવ કર', જેવી અરૂઢ, તો કેટલીક 'અને પ્રશ્નો જ ઊભા થાય છે', 'ગણીને માફ કરવાનો', 'કોઈને કાંઈ કહેવું હશે', જેવી લાંબી રદીફ પાસેથી ભરત વિંઝુડાએ તંતોતંત કામ લીધું છે. 'કોઈને કાંઈ કહેવું હશે'માં રદીફ ખપમાં લીધા પછી, એની આગળ હજુ, ઘણું, પ્રભુ જેવા 'લગા'ના કાફિયાની જ જગ્યા બચી છે, એટલે કે કાફિયા અને રદીફ સિવાય વધારાની જગ્યા જ નથી. એ રીતે એ એક દુર્લભ ઉદાહરણ ગઝલનું છે.

ગઝલમાં રદીફ ઘણી વાર નાવીન્યનો અનુભવ કરાવે, તો ક્યારેક એમાંથી સૂચવાતો ભાવ કાવ્યત્વનો ભોગ પણ લે છે. 'ગોઠવી આપો' રદીફમાંથી ઊઠતો ભાવ દુન્યવી વ્યવસ્થાનો ભાગ બને તો આવો શે'ર પણ બનેઃ

ભળી ગઈ છે બધીયે એકબીજામાં દુકાનેથી,
હવે એ પહેરવા ચણિયા ને ચોળી ગોઠવી આપો. (પાનું-૧)

અહીં 'ભળી ગઈ છે બધીયે એકબીજામાં' દ્વારા સૂચવાતો અર્થ સ્પષ્ટ નથી. શું ભળી ગઈ છે? ચણિયા ચોળી? તો 'ભળી ગઈ છે' પ્રયોગ યોગ્ય નથી. જોડી ભળી ગઈ છે એવું સૂચવવું હોય એમ લાગે છે, પણ એનો ઉલ્લેખ નથી. વારુ, એ બધા પછી પણ શે'ર તો સામાન્ય જ રહે છે. એવો જ સામાન્ય શે'ર આ પણ છેઃ

હું ઉછીના દેત નહીં આમેય કંઈ,
કોઈએ પૈસા અહીં માગ્યા નહીં.'

માગ્યા હોત તોપણ મેં આપ્યા ન હોત, એવા ભાવનો સામાન્ય શે'ર નિવારી શકાયો હોત.

ક્યાંક પંક્તિ અસ્પષ્ટ રહે છે, 'બીજા પણ હાથમાં લાગે છે કે સ્પર્શાઉં છું ત્યારે' માં 'હાથમાં લાગે છે'માં શું લાગે છે તે સ્પષ્ટ થતું નથી. એવી જ એક પંક્તિ, 'મહિનો આખો હું કામીને લાવું'માં 'કમાઈને' ને બદલે 'કામીને' છપાયું છે. એ છાપ ભૂલ ન હોય તો 'કામીને'નો અર્થ જુદો જ સૂચવાય છે.

કોઈ બોલે ને કોઈ બોલે નહીં,
થઈ રહ્યા છે એ સિતમના કારણે. (પાનું-૬૭)

આ શે'રમાં પણ 'એ' દ્વારા શું સૂચવવું છે તે સ્પષ્ટ નથી. 'ચૂમ્બનો' 'ટૂકડે ટૂકડે' જેવા જોડણીદોષ નિવારી શકાયા હોત. 'આવે નહીં' રદીફની ગઝલમાં એક શે'રમાં રદીફ 'આવે છે' થઈ ગઈ છે તે નિવારી શકાયું હોત. ક્યાંક એક જ શબ્દના પર્યાયો પાસે પાસે આવ્યા છે, એ પણ કઠે છે.

રડી લેવાનું મન થઈ જાય છે એવા સમય વખતે,
નહીં બીજા કોઈ, તારા ખભાએ સાથ આપ્યો છે.(પાનું-૫)

અંગત વાતો હું કોને કહું બીજે,
આખર ભીતરમાં તારો પણ હક છે. (પાનું-૧૬)

એવી જ ગરબડ આ શે'રમાં પણ છેઃ

શબ્દથી, સ્પર્શથી કે અન્ય કોઈ રીત કહો,
મારા ભીતરમાં છે એ પ્યાર બતાવું ક્યાંથી. (પાનું-૫૨)

એક સપનું કાલ આવ્યું'તું મને એવું મજાનું,
થાય છે આજેય પાછું એ દુબારા સ્વપ્ન આવે. (પાનું-૬૯)

આજે પાછું એ સ્વપ્ન આવે- એમાં અર્થ પૂરો સૂચવાય છે, પણ કાફિયા 'દુબારા' નિભાવવા જતાં નજીકના અર્થ ટકરાય છે.

એક સમયે સૉનેટમાં એક પંક્તિ, છંદ પૂરો થતાં અધૂરી રહેતી તો શબ્દ તોડીને તેનું તે પછીની પંક્તિમાં નિર્વહણ થતું. એ કઠતુંય ખરું, પણ ગઝલમાં દરેક મિસરો સ્પષ્ટ અને સંપૂર્ણ હોવો ઘટે. ભરત વિંઝુડાનો આ શે'ર જુઓ :

જન્મથી મૃત્યુ સુધીની એક જીવનની નદી-
માંથી કાંઠેના પ્રદેશોમાંય જળ પીવાય છે.

'નદી' આગળ છંદ પૂરો થાય છે તો 'માંથી'ને બીજી પંક્તિમાં ખેંચવાનું કઠે છે. આવી થોડી ક્ષતિઓને બાદ કરતાં આખો સંગ્રહ 'ચિત્તની લીલાઓ' ભરત વિંઝુડાનું સુંદર 'ભરતકામ' બની રહે છે ને તેને માટે ગઝલકારને ખોબલે ખોબલે અભિનંદનો પાઠવી શકાય.

શુભેચ્છાઓ, ભરતભાઈ !

બીજા દાયકાનું નિબંધસાહિત્ય

કલ્યાણ દેસાઈ
(**શોધછાત્ર** : ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

ઓગણીસમી સદીના મધ્યભાગથી શરૂ થયેલી ગુજરાતી નિબંધધારા તેજ-મંથર ગતિએ અદ્યાપિપર્યંત વહેતી રહી છે. એકવીસમી સદીમાં કથાસાહિત્યની સાપેક્ષે નિબંધસાહિત્ય પણ પુષ્કળ રચાયું છે. ગત બે દાયકા દરમિયાન ઉત્તમ નિબંધો આપનારા સર્જકોમાં નટવરસિંહ પરમાર, ભરત નાયક, ગીતા નાયક, જનક ત્રિવેદી, રામચંદ્ર પટેલ, રતિલાલ ‘અનિલ’, વીનેશ અંતાણી, કિશોરસિંહ સોલંકી, ભગીરથ બ્રહ્મભટ્ટ, અશ્વિન મહેતા, પ્રફુલ્લ રાવલ વગેરે નામો અગત્યનાં છે.

આ ઉપરાંત વીસમી સદીમાં જેમનું નિબંધલેખન આરંભાયું હોય એવા પૂર્વસ્થાપિત લેખકોમાં મણિલાલ હ. પટેલ, પ્રવીણ દરજી અને યજ્ઞેશ દવેનાં નામો મોખરાનાં છે. તેમનો સર્જનફાલ આ સદીના બીજા દાયકા સુધી ઊતરતો રહ્યો છે.

મણિલાલ હ. પટેલના નિબંધોમાં ગ્રામચેતનાનો આવિર્ભાવ જોઈ શકાય છે. ગ્રામ્ય પરિવેશમાં ઊછરેલા આ સર્જક નિબંધોમાં શૈશવલીલા, પ્રકૃતિરમણા, કૃષિજીવન, ગ્રામજીવન, ઋતુરાગ ઇત્યાદિનું સાયુજ્ય સાધે છે. વતનઝુરાપો તેમના સર્જનનું પ્રમુખ પ્રેરકબળ છે.

તેમની પાસેથી આ દાયકામાં બે નિબંધસંગ્રહો પ્રાપ્ત થાય છે : ‘તોરણમાળ’ (૨૦૧૩) અને ‘વિશાળે જગવિસ્તારે’ (૨૦૧૫). ‘તોરણમાળ’માં પ્રકૃતિસભર પ્રવાસનિબંધો સંગ્રહાયા છે. સર્જકે કરેલા તોરણમાળના પ્રવાસનું વર્ણન સ્થૂળ વિગતદર્શી ન બની રહેતાં કલાત્મક સ્તરે પહોંચ્યું છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતના સરહદી વિસ્તારમાં પથરાયેલાં પહાડી વનોનું વર્ણન કાવ્યમય છે.

સંગ્રહમાં પ્રવાસ ઉપરાંત પ્રકૃતિની આભા પ્રગટ કરતા નિબંધો પણ છે. તેમાં વૃક્ષ, ફળ, પક્ષી, જીવજંતુ, માટી અને સૂર્ય-ચંદ્ર જેવા પાર્થિવ પદાર્થો સાથેનો અભિનિવેશ પ્રગટ્યો છે. આ પ્રકૃતિ કેટલીક વાર તેમના પ્રવાસનિબંધોમાં પણ વર્ણ્ય વિષય બની છે.

અસલ ગામડું ગુમાવ્યાની વેદના પણ આ સંગ્રહમાં પ્રગટી છે. વતનપ્રીતિના એ નિબંધોમાં અતીતઝુરાપો આબાદ નિરૂપાયો છે. આમ પણ ‘તોરણમાળ’ સંગ્રહના વતનપ્રેમ અને પ્રકૃતિપ્રેમના નિબંધો વધારે સમૃદ્ધ અને તાજગીસભર લાગે છે. તેમાં પ્રગટતો સર્જકનો વિસ્મયલોક ભાવકને સ્પર્શ્યા વગર રહેતો નથી.

'વિશાળે જગવિસ્તારે' (૨૦૧૫) પણ તેમનો પ્રવાસનિબંધોનો સંગ્રહ છે. તેમાં લેખકે કરેલા અમેરિકાના બે વખતના પ્રવાસ દરમિયાન જોયેલાં મહત્ત્વનાં રાજ્યો અને નગરોનાં વર્ણનો છે. ઉપરાંત અમેરિકામાં વસતા ગુજરાતી સાહિત્યસર્જકો અને ભાવકો સાથેની સંગોષ્ઠિઓ પણ નોંધી છે. પુસ્તકમાં સળંગસૂત્રતા હોવાથી તેને પ્રવાસનિબંધ કહેવાને બદલે પ્રવાસકથા કહેવી વધારે ઉચિત રહેશે.

'સોનાનાં વૃક્ષો' (૨૦૧૧) અને 'ગામવટો' (૨૦૧૩) તેમના પૂર્વપ્રકાશિત નિબંધોના સંચયો છે.

મણિલાલ પટેલના છેલ્લા દાયકાના નિબંધો પર દૃષ્ટિપાત કરતાં સહેજે પામી શકાશે કે 'ભૂંસાતાં ગ્રામચિત્રો' અને 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે' જેવા સંગ્રહોની તાજપ નથી તો 'તોરણમાળ'માં કે નથી 'વિશાળે જગવિસ્તારે'માં. કુલ પંદર જેટલા સંગ્રહો આપનાર મણિલાલ હ. પટેલ તેમના પૂર્વાર્ધના સંગ્રહોમાં વધારે ખીલ્યાફાલ્યા છે.

નિબંધને જ પોતાનું પ્રમુખ સર્જનક્ષેત્ર બનાવીને આજપર્યંત પ્રવૃત્ત રહેલા પ્રવીણ દરજી છેલ્લા દાયકામાં અરધો ડઝન જેટલા લલિતનિબંધસંગ્રહો આપે છે.

૨૦૧૨માં પ્રગટ થયેલા 'અથકિમ્' સંગ્રહમાં કળાત્મક સ્તરે વિકસતા અને વિસ્તરતા નિબંધનાં અનેક રૂપો ઊઘડ્યાં છે. સર્જકે તેમાં પ્રાકૃતિક પદાર્થોને ચેતનવંતા કર્યા છે. સૂર્યની એકોક્તિ, નદીની પ્રશ્નોત્તરી, વર્ષારવ, મોરનું વાચાળ સૌંદર્ય વગેરે તેની પ્રતીતિ કરાવે છે. નિબંધોમાં વતન, ગામ, ઘર અને તળપદ પ્રત્યેની આસક્તિ પણ નિરૂપાઈ છે. તેમાં નદીવિચ્છેદ પરનો નિબંધ વધારે ધ્યાનાર્હ બન્યો છે. ઉપરાંત સંગ્રહમાં આવતા કાલિદાસ, કબીર, ટાગોર, રિલ્કે, ડોસ્ટોએસ્કી , બૉદલેર વગેરેના સમુચિત ઉલ્લેખો સર્જકનો ઊંડો સાહિત્યાભાસ બતાવે છે.

'હજી યાદ છે' (૨૦૧૩)માં સર્જકે બાળપણમાં માણેલી સૃષ્ટિને સુવાંગ સંભારી છે. બાળવયે જોયેલાં સ્થળો, પદાર્થો અને ચીજવસ્તુઓ પ્રત્યેનો સર્જકનો અતીતરાગ 'કૂવો', 'કઠપૂતળીનો ખેલ', 'હાલ્લી', 'કલેડું', 'ઝાંપો', 'નાવણિયું', 'વળગણી', 'ડહેલું', 'મોભ' જેવા નિબંધોમાં નિરૂપાયો છે.

'શતગુણ પિયાસ' (૨૦૧૪) અને 'બીચ બીચ બારી'(૨૦૧૫)માં સર્જકનો દૃષ્ટિલોક વિસ્તરેલો જોઈ શકાય છે. પ્રથમ સંગ્રહમાં સર્જકની આંતરિક ભ્રમણા સાથે બાહ્ય ભ્રમણ પણ રજૂ થયું છે. પ્રાણી અને પ્રકૃતિ પ્રત્યેનું વિસ્મય નિરૂપાયું છે. કલ્પિત પાત્રોની આડશે કરેલા વ્યંગ્ય-કટાક્ષ ધ્યાન ખેંચે છે તથા લાલિત્યની સાથે સાથે ક્યાંક વિષયાંતર કરીને બૌદ્ધિક લીલાઓ પણ પ્રગટાવી છે.

'બિચ બિચ બારી'ના નિબંધોમાં સર્જનાત્મકતાની, વિષયની અને અભિવ્યક્તિની બારીઓ ઊઘડી છે. એ બારીઓમાં નિસર્ગ છે, કળા છે, ચિત્રો છે અને સાંપ્રત પરિસ્થિતિ પરની હસી-મજાક પણ છે. વેધક સંવેદનાઓ છે. જન્મથી મૃત્યુ સુધીની ક્રીડા અને પીડાઓ છે. શૈલીની રસાર્દ્રતા ભાવકને જકડી રાખે છે.

જેના લીધે પ્રવીણ દરજી નર્મદ સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા તે 'નદીગાન' (૨૦૧૬) તેમના લલિતનિબંધોનો સંગ્રહ છે. સંગ્રહના નિબંધોની વિશેષતા છે તેની

લયાત્મક ગતિ. મોટા ભાગના નિબંધો સમથળ ગતિમાં વહે છે. અલંકારો પણ ઝાઝા નથી. જે કહેવાનું છે તે કલાત્મક ઢબે સીધું ને સટ! વાંચવા, સમજવા અને પામવામાં સરળતા બક્ષે તેવું. કાવ્યાત્મક પરિચ્છેદોની સાથે સાથે સર્જકે પોતાનાં સંસ્મરણો પણ વાગોળ્યાં છે. તથા પ્રિયજન, ગુરુજન અને અન્ય ઉપકૃત કરનાર વ્યક્તિવિશેષોને પણ નિબંધ નિમિત્તે યાદ કર્યા છે.

'ચંદ્રનો ધરાસ્પર્શ' (૨૦૧૮) પણ નોંધપાત્ર સંગ્રહ છે. તેમાં 'સર્જકનો ભાવકસ્પર્શ' તેમજ 'પ્રકૃતિસ્પર્શ' પ્રગટ્યો છે.

પ્રવીણ દરજીના નિબંધોમાં સ્વરૂપ વિશેનો તેમનો ઊંડો અભ્યાસ સહાયભૂત નીવડેલો જોઈ શકાય છે. તેમનું ગદ્ય સ્વયં તપાસનો વિષય બને એટલું નિરાળું ને સધ્ધર છે. પ્રકૃતિની ક્રીડા, માનવસંવેદના, ગ્રામીણ પરિવેશ, અતીતરાગ, આંતરબાહ્ય પ્રવાસ વગેરે તેમના નિબંધલેખનના પ્રમુખ વિષયો છે. છેલ્લા દાયકાના તેમના નિબંધોનો ઝોક પ્રકૃતિ અને સંસ્મરણો ઉપરાંત સાંપ્રત સમયની આંટીઘૂંટીઓ અને સંકુલતાઓ તરફ પણ રહ્યો છે.

ઇતિહાસ-પુરાણના સંદર્ભોથી અછાંદસમાં નવોન્મેષ સાધનાર યજ્ઞેશ દવે ઉત્તમ નિબંધકાર પણ છે. છેલ્લા દાયકામાં તેમની પાસેથી 'પવનવિદેહી'(૨૦૧૫) નામે એક સંગ્રહ મળે છે. તેમાં પવન, પતંગિયું, પંખીઓ, વરસાદ, અમાસ, ઋતુઓ, વૃક્ષો અને જીવજંતુઓ વિશેષ આલેખાયાં છે. વૃક્ષ પ્રત્યેની પ્રીતિ, જીવમાત્ર પ્રત્યેની સંવેદના કે પછી આગિયા, પતંગિયાં જેવા જીવોનું નિરીક્ષણ કરવાની ખેવના સર્જકના નિરાળા ભાવજગતને ઉઘાડી આપે છે. ઉષા ઉપાધ્યાય કહે છે તેમ "નમનીય, પ્રવાહી અને લાલિત્યપૂર્ણ ગદ્ય" તેમના નિબંધોનું સબળ પાસું છે. કદાચ એટલે જ કિશોર વ્યાસે આ સંગ્રહને 'ગાયા વગરનાં ગીતોની અવનવી ભાત' કહીને બિરદાવ્યો છે.

બીજા પ્રવૃત્ત નિબંધકારોમાં કિશોરસિંહ સોલંકીનું નામ મોખરે મૂકી શકાય તેવું છે. તેમણે વતનનાં સંસ્મરણોને તથા ભુલાતા જતા ગામઠી પરિવેશને પોતાના નિબંધોમાં ઉજાગર કર્યા છે. આજથી અડધી સદી પહેલાંનું ગામડું કેવું હતું તે જાણવા કિશોરસિંહના સંસ્મરણાત્મક નિબંધો કામ લાગે તેવા છે. 'પાદરનો વડ' (૨૦૧૬) તેમનો આ દાયકામાં પ્રગટ થયેલો નિબંધસંગ્રહ છે. તેમાં વતન પ્રત્યેનું અનહદ આકર્ષણ પ્રગટ થયું છે. વડ, હળ, ખળું, ઘર કે કૂવા સાથેના અનુબંધને સર્જક આજે પણ એટલા જ ઉમળકાથી સાચવીને બેઠા છે તે તે નામના નિબંધો વાંચતાં પુરવાર થાય છે. સંગ્રહના બીજા ભાગમાં સ્થળવિશેષના નિબંધો છે. તારંગા, નડાબેટ, લોદીપુર જેવાં સ્થળોનાં વર્ણનો ઊડીને આંખે વળગે તેવાં છે. સંગ્રહના પૂર્વાર્ધ ભાગમાં અતીતરાગ નિરૂપાયો છે.

બીજા એક નિબંધકાર કેશુભાઈ પટેલ 'અતીતના ઓવારે' (૨૦૧૭) નામનો સંગ્રહ લઈને આવે છે. શીર્ષકમાં જ જણાઈ આવે છે તેમ સર્જકે તેમાં અતીતની સૃષ્ટિનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. આજના ટૅક્નૉલૉજિકલ યુગમાં વીસરાતા જતા તહેવારો, અવસરો, રીતરિવાજો વગેરેને સર્જકે અહીં તાદૃશ કર્યા છે. એમાં આવતાં

પાત્રો પણ સંપૂર્ણ ગ્રામીણ, ભોળાં, નિખાલસ અને મજૂરીને વરેલાં છે. ગ્રામીણ સમાજની હરીભરી સૃષ્ટિનું યથાતથ નિરૂપણ આ સંગ્રહના નિબંધોની વિશેષતા છે.

અનુઆધુનિકયુગના આપણા સમર્થ વાર્તાકાર મનોહર ત્રિવેદી 'ઘરવખરી'નો અનુગામી સંગ્રહ 'તેઓ' (૨૦૧૪) લઈને આવે છે. મુખ્યત્વે આ ચરિત્રનિબંધોનો સંગ્રહ છે. લેખકના સંપર્કમાં આવેલાં કેટલાંક વિશેષ પાત્રોનાં ચરિત્રો આપવાનો તેમાં પ્રયાસ છે. કુટુંબીજનોનાં ચરિત્રો તો ભાવકને પણ પોતીકાં લાગે તેવાં સ્નેહાળ ચીતરી બતાવ્યાં છે. સર્જક પોતે નોંધે છે તેમ "જેમના જેમના સંપર્કમાં રહેવાનું મને સદ્ભાગ્ય સાંપડ્યું, જેમના જીવનમાં હું મારો આંશિક પ્રવેશ કરી શક્યો, તે સૌની ઝીણી ઝીણી રેખાઓ" કલમનો સહારો લઈને આ નિબંધોમાં ઉતારી છે.

ગઝલકાર તરીકે ખ્યાતિ પામેલા રતિલાલ 'અનિલ' પાસેથી પણ સાહિત્ય અકાદમી, દિલ્હીએ પોંખવા પડ્યા એવા ઉત્તમ નિબંધો મળ્યા છે. શિરીષ પંચાલની જહેમતથી ૨૦૧૧થી ૨૦૧૪ના ગાળામાં તેમના ૧૩ જેટલા નિબંધસંગ્રહો પ્રકાશિત થયા છે. આ નિબંધોનો મુખ્ય સૂર છે અતીતરાગ અને સાંપ્રત સમયની રાજકીય આંટીઘૂંટીઓ. સાવ ઓછું ભણતર લઈને ઝાઝું લખનારા આ સર્જક જિંદગીના આકરા સંઘર્ષો વેઠીને મોટા થયા છે. તેથી ભૂતકાલીન સમયને તેઓ નિબંધોમાં પણ વીસરી શક્યા નથી. 'પંડની પરિકમ્મા', 'મનના મરોડ', 'દરિયો અને રેતી', 'ઉત્તરબોધ', 'ઓળા કે પડછાયા', 'ઝરણાનું એકાંત', 'સાક્ષાત્કાર', 'હસી શકે તો હસજે' જેવા સંગ્રહોમાંથી પસાર થતાં વેદના કે પીડાનો સૂર પણ સંભળાય છે.

'હસી શકે તો હસજે'માં સર્જકની હાસ્યવૃત્તિનો પરિચય થાય છે. 'પંડની પરકમ્મા' તેમના વિચારપ્રધાન નિબંધોનો સંગ્રહ છે. તેમાં તત્ત્વજ્ઞાનનો આછો સ્પર્શ પણ છે. 'ઉદ્બોધન'માં ઘરની સામાન્ય ચીજ-વસ્તુઓને વિષય કરીને રચાયેલા નિબંધો છે. 'શિખરનું એકાંત'માં એકાંતનો મહિમા વ્યક્ત કર્યો છે. 'નિબંધોત્સવ'માં વિવિધ વિષયો પર લખાયેલા ૪૧ જેટલા નિબંધો છે. 'પડછાયાની બાધાદોડ'માં ઊંઘ, માણસ, એકાંત, યુદ્ધ, બેઠક, સાંજ જેવા વિષયોને આવરી લીધા છે. 'એતાનશ્રી સૂરત બંદરેથી' પણ સર્જકની બહુવિધ ગદ્યછટાઓથી સમૃદ્ધ સંગ્રહ છે.

'અનિલ' ઘણું વેઠીને કોળેલા સર્જક છે. તેમની પાસે જીવનના સારા-માઠા અનુભવોની ખાણ છે, જે નિબંધલેખનમાં ખાસ્સી કામ લાગી છે. ટૂંકા અને મરમી નિબંધો તેમના નિબંધસર્જનની વિશેષતા છે. પણ ઘણી વાર તેમણે સિસૃક્ષાવશ (કે પછી કૉલમવશ!) થઈને લખ્યે રાખ્યું છે. પરિણામે તેઓ બહુલતામાં સરી પડ્યા છે. એટલી તેમની મર્યાદા.

આ ગાળામાં પ્રગટ થયેલા સંગ્રહોમાંથી શ્રેષ્ઠ નિબંધસંગ્રહ ગણી શકાય તેવો 'ઘેર જતાં' (૨૦૧૮) નામે સંગ્રહ ગુલામમોહમ્મદ શેખ પાસેથી આપણને મળે છે. કવિ અને ચિત્રકાર તરીકે ખ્યાતિ પામેલા ગુલામમોહમ્મદ શેખે આ નિબંધોમાં પોતાના શૈશવકાળથી લઈને વર્તમાન સુધીના કેટલાક અનુભવોને આત્મકથાનાત્મક ઢબે પોતાની આગવી શૈલીમાં રજૂ કર્યા છે. ઘાંચીવાડના કજિયા, કૌટુંબિક સંઘર્ષો,

બાળવયે સાંભળેલી સાચી-ખોટી (પ્રેત વગેરેની) વાતો, વડોદરા વસવાટ દરમિયાન વેઠેલી આપદાઓ, પોતીકું ઘર મેળવવા માટે કરેલા ઉધામા – એ સઘળાને ઇન્દ્રિયગ્રાહ્ય રૂપમાં નિબંધોમાં વણી લીધું છે. પ્રારંભે કરેલા ચિત્રકળા અને કાવ્યલેખનના પ્રયત્નોમાં એક ઘડાતા કલાકારની સુસજ્જ થતી જતી પ્રજ્ઞાનો પરિચય મળે છે.

જન્મે જડેલા ઘરથી આરંભીને ઇંગ્લૅન્ડની આર્ટ ગૅલરીઓ સુધીની સફરને સર્જક સંગ્રહના પ્રારંભે કેફિયત રૂપે મૂકી આપે છે. ઘરે પાછા વળતી વખતે સ્નાયુ ખેંચતી સ્મૃતિઓ કે ટશિયાં રૂપે ફૂટતી સંવેદનાઓને સર્જકે લાગણીસભર શૈલીમાં નિબંધસ્થ કરી છે. 'ભાઈ', 'મા', 'દાદા' જેવા ચરિત્રાત્મક નિબંધોમાંથી ભાવ અને ભાષાનું ધન સાંપડે છે. 'મા' નિબંધમાં પ્રારંભે મૂકેલું વૃદ્ધાનું ચિત્ર સુંદરમ્‌ના 'એક ગાંડી' કાવ્યનું સ્મરણ કરાવે છે. 'ગોદડી' નિબંધમાં સર્જકની ભાષાભિવ્યક્તિ પરાકાષ્ઠાએ પહોંચેલી અનુભવાય છે. યૌવનસહજ આવેગોને પણ સર્જક સચોટ રીતે પ્રગટ કરી શક્યા છે.

નિબંધોમાં આવતો બીભત્સરસ પણ વાસ્તવજનક અને નિરાગસ છે. ગટર, કસાઈખાનું, પરસેવો જેવા જુગુપ્સાપ્રેરક વિષયોને કેન્દ્રસ્થ કરીને લખાયેલા ગદ્યાંશોમાં તેમની અનોખી લેખનશક્તિ પ્રગટી છે. આ નિબંધકારની કલમ વાસ્તવના સૌંદર્યને વધુ તાકે છે. ગામ અને સ્થિતિના બનાવટી વખાણ કરવાને સ્થાને જે છે તેને સીધેસીધું આલેખ્યું છે. ગુલામમોહમ્મદ શેખ સ્વામી આનંદની કોટિના આપણા ઉત્તમ ગદ્યકાર હોવાનો શરીફા વીજળીવાળાનો મત પણ અહીં સ્વીકારવો રહ્યો.

આ દાયકામાં વિનોદ ભટ્ટ અને રતિલાલ બોરીસાગર જેવા ઉત્તમ હાસ્ય-નિબંધકારો પણ પ્રવૃત્ત રહ્યા છે. આપણા સમર્થ હાસ્યનિબંધકાર વિનોદ ભટ્ટ પાસેથી હાસ્યનિબંધના ત્રણ તેમજ સ્મૃતિચિત્રો, વ્યક્તિચિત્રો અને પ્રવાસનિબંધના એક એક એમ કુલ છ સંગ્રહો મળે છે. હાસ્યનિબંધસંગ્રહો 'બસ, એમ જ', 'સાભાર પરત' અને 'ઇદમ્‌ વિનોદમ્‌'માંથી પસાર થતાં તેમના આ પૂર્વેના નિબંધોમાં વહેતી હાસ્યસરવાણીનો રેલો આગળ વધતો અનુભવી શકાય છે.

'બસ, એમ જ' (૨૦૧૩) એ છાપાની કૉલમ માટે લખેલા લેખોમાંથી તારવેલા કેટલાક ઉત્તમ હાસ્ય-વ્યંગ નિબંધોનો સંગ્રહ છે. લગ્ન, લોભ, વૃદ્ધાવસ્થા, ટૅક્નૉલૉજી, સામાજિક સંબંધો, સાંપ્રત સમસ્યાઓ જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને સર્જકે આ નિબંધો લખ્યા છે. જોકે તે અખબારની કૉલમ માટે લખાયેલા હોઈ સ્વાભાવિક જ સમાન કદના છે. ઉપરાંત તેના વિષયો પણ આજના મનુષ્યને સ્પર્શે તેવા, સાંપ્રત છે.

'સાભાર પરત!' (૨૦૧૫) સંગ્રહમાં લેખકના નિવેદનથી જ વહેવી શરૂ થઈ જતી હાસ્યધારા વિવેચન, આત્મકથા, કલાપી અને શેક્સપિયર સુધ્ધાંને વિષય તરીકે આવરી લઈ આગળ વધે છે. સંગ્રહના મોટા ભાગના નિબંધોના કેન્દ્રમાં સાહિત્ય, વિવેચન, લેખન અને ભાષા છે. સર્જકે પોતાના સર્જન-વાચનના અનુભવોમાંથી હાસ્યતત્ત્વ શોધ્યું છે. માત્ર એક જ મુખ્ય વિષયને કેન્દ્રિત કરીને લખાયેલા નિબંધસંગ્રહો આપણી ભાષામાં બહુ જૂજ મળશે. એ રીતે પણ આ સંગ્રહનું મહત્ત્વ વધારે છે.

'ઇદમ વિનોદમ્‌' (૨૦૧૭) એ તેમના આ પૂર્વે પ્રગટ થયેલા સંગ્રહોમાંથી ચૂંટેલા હાસ્ય-કટાક્ષલેખોનો સંગ્રહ છે.

આ ઉપરાંત ‘અમેરિકા એટલે...’, ‘તમે યાદ આવ્યાં’ અને ‘એ દિવસો...’ એ હાસ્યપ્રધાન, પરંતુ પ્રકારની દૃષ્ટિએ થોડા જુદા પડતા સંગ્રહો છે. ‘અમેરિકા એટલે...’ (૨૦૧૩)માં અમેરિકાની પ્રવાસકથા આલેખી છે. સ્થૂળ વર્ણન કે વિગતોને ખાળી દઈને સર્જકે તેમાં રમૂજી અને રસપ્રદ ઘટના-પ્રસંગો આલેખ્યા છે. અમેરિકાસ્થિત ગુજરાતીઓનો શુશ્રૂષાભાવ, અહીં અધ્ધર કૉલરે ચાલતા પણ ત્યાં જઈને સામાન્ય સ્તરની નોકરી કરતા ગુજરાતીઓની સ્થિતિ, સર્જકમિત્રો વગેરે સાથેના પોતાના અનુભવો લેખકે હળવી શૈલીમાં રજૂ કર્યા છે.

‘તમે યાદ આવ્યાં’ (૨૦૧૪) એ હળવાં સ્મૃતિચિત્રોનો સંગ્રહ છે. તેમાં ટાગોર, અમૃતા પ્રીતમ, શરદબાબુ જેવા ભારતીય; બર્નાર્ડ શૉ અને શેક્સપિયર જેવા વિદેશી અને મણિલાલ નભુભાઈ, ગોવર્ધનરામ, મુનશી, મરીઝ, સુરેશ જોષી જેવા ગુજરાતી બિનહયાત સર્જકોનાં સ્વભાવચિત્રો આલેખ્યાં છે. પૂર્વે પ્રગટ થયેલા ‘વિનોદની નજરે’ પુસ્તકનું અહીં અનુસંધાન છે. ગોવર્ધનરામ કે મુનશી જેવાં ગંભીર પાત્રોના જીવનમાંથી પણ હાસ્ય-રમૂજ શોધવાની સર્જકની વૃત્તિ જ તેમનો વિશેષ બને છે.

૨૦૧૬માં પ્રગટ થયેલું ‘એ દિવસો...’ પુસ્તક વિનોદ ભટ્ટનાં અન્ય પુસ્તકોથી ઘણી રીતે જુદું પડે છે. અહીં ભૂતકાળનાં સંસ્મરણો હાસ્યપ્રધાન શૈલીમાં નિરૂપાયાં છે. મોટા ભાગના નિબંધોમાં કુટુંબ અને સમાજજીવન ધબકે છે. સર્જકે ખાસ કરીને પોતાને જ કેન્દ્રમાં રાખી હાસ્ય નિષ્પન્ન કરવાનો અભિગમ સેવ્યો છે. સ્મરણની સાથે સાથે પોતાની અબુધતા, ગેરસમજણ કે અજ્ઞાન પર રમૂજની સેરો ઉડાવી છે.

વિનોદ ભટ્ટ મૂળે હાસ્યલેખક હોવા છતાં તેમણે માત્ર હાસ્ય ખાતર હાસ્યનુંપલ્લું પકડી રાખ્યું નથી. કળાકૃતિને સ્પર્શતાં તમામ પાસાંઓની દરકાર પણ સુપેરે રાખીછે.

આ ગાળામાં રતિલાલ બોરીસાગર પાસેથી હાસ્યનિબંધનો એક સંગ્રહ મળે છેઃ ‘મોજમાં રે’વું રે’ (૨૦૧૭). તેમાં તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિમત્તાની ચીવટથી લખાયેલા હાસ્યનિબંધો સંગ્રહાયા છે. હાસ્યકારે પોતાની નબળાઈ, ફિશિયારી કે વિચિત્રતાને છુપાવવાને બદલે સમભાવપૂર્વક દર્શાવી આપી છે. નિબંધોમાં ઠેર ઠેર આવતી કાવ્યપંક્તિઓ, વાક્યો અને દૃષ્ટાંતો પણ સાંધો કે રેણ દેખાય નહીં એટલી ચીવટતાથી જોડી આપ્યાં છે. કેટલાંક સુપ્રસિદ્ધ કાવ્યોની પંક્તિઓને ફેરવીને તેમાંથી હાસ્ય નિપજાવવાનો તેમનો પ્રયાસ નૂતન અને નોંધનીય છે. સાંપ્રત વિચારશૈલી ઉપર ટીખળો પણ કરી છે. આખા સંગ્રહમાં રતિલાલ બોરીસાગર તેમના પુરોગામી હાસ્યનિબંધોનો સિલસિલો સફળતાપૂર્વક જાળવી શક્યા છે.

લલિતનિબંધકાર અને ચરિત્રકાર તરીકે પ્રવૃત્ત પ્રફુલ્લ રાવલે આ ગાળામાં બે સંગ્રહો પ્રગટ કર્યા છેઃ ‘માણસ એ તો માણસ’ (૨૦૧૪) અને ‘તારો-તમારો પ્રફુલ્લ’ (૨૦૧૫). ‘માણસ એ તો માણસ’માં બ્રાહ્મણથી માંડીને દલિત જ્ઞાતિ સુધીના ગ્રામવાસી પાત્રોનાં ચરિત્રો આલેખ્યાં છે. ટૂંકાં ટૂંકાં વાક્યો દ્વારા પાત્રો અને પ્રસંગોનું યથાર્થ ચિત્રણ થયું છે. ‘ગાંડિયો ગાંયજો’, ‘જયંતી ટાલિયો’, ‘રમલો લૂંટણિયો’, ‘કનુ એસ.ટી.’ જેવાં ચરિત્રોમાં સર્જકની નિખાલસ રમૂજવૃત્તિ પ્રગટી છે. સર્જક જે તે વ્યક્તિનું ચરિત્ર આલેખતી વખતે તેના બાહ્ય દેખાવનું હૂબહૂ વર્ણન આપીને તેનો

મનોવ્યાપાર પણ આલેખે છે. કેટલીક વાર અન્યનું ચરિત્ર આપતી વખતે સર્જક પોતાના જ વ્યક્તિત્વને આગળ ધરી દે છે. એટલા અંશે તેમાં આત્મશ્લાઘા પ્રવેશી છે.

'તારો-તમારો પ્રફુલ્લ'માં પત્રશૈલીમાં બા-બાપુજીને સંબોધીને લખાયેલા લઘુનિબંધો છે. શરૂઆતમાં પિતાને અને પછી માતાને લખાયેલા આ પત્રો દ્વારા સર્જકે રોજિંદી અકળામણમાંથી મુક્તિ મેળવવાનો કળાત્મક પ્રયાસ કર્યો છે. સંગ્રહના મોટા ભાગના નિબંધો માનસિક પરિતાપમાંથી મુક્તિ મેળવવાના પ્રયાસ રૂપે લખાયા છે.

મનસુખ સલ્લાનું નામ ચરિત્રનિબંધ ક્ષેત્રે મોખરાનું છે. આ ગાળામાં તેમણે 'તુલસીક્યારાના દીવા' (૨૦૧૪) નામે રેખાચિત્રોનો સ્વતંત્ર સંગ્રહ આપ્યો છે. અંબા ગોરાણીથી લઈને જયાબહેન શાહ જેવાં સ્ત્રીચરિત્રો અને અવધૂતથી માંડીને મોરારિબાપુ જેવાં સંતચરિતો આ સંગ્રહનો ઊડીને આંખે વળગતો વિશેષ છે. સંગ્રહની ભાષાશૈલી સરળ અને પ્રાસાદિક છે. વધારાની ભભક કે મરી-મસાલો ભભરાવીને વાચકને આંજી નાખવાનો તેમાં ક્યાંય પ્રયત્ન નથી. શબ્દોની બરાબર કરકસર કરીને સર્જકે જે કહેવાનું છે તે સ્પષ્ટવક્તા પેઠે – કહેવતો કે અલંકારોની ટેકણલાકડી લીધા વગર – કહ્યું છે. છતાં રેખાચિત્રો કલાત્મક બન્યાં છે તે તેમનું સર્જક-સામર્થ્ય છે.

દર્શના ધોળકિયાએ ૨૦૧૧માં 'કેટલાક પરિચયનો ગુલદસ્તો' એવા ઉપશીર્ષકથી પ્રગટ કરેલ 'પરિચયપર્વ' ચરિત્રાત્મક નિબંધોનો સંગ્રહ છે. તેમાં જયંત ખત્રી, ધીરેન્દ્ર મહેતા અને રામસિંહજી રાઠોડ જેવા કચ્છી પરિવેશના સર્જકો ઉપરાંત કેટલાક સિદ્ધ સર્જકોનાં સ્વભાવચિત્રો આલેખ્યાં છે. તો વળી દિલીપકુમાર રાય, યોગી કૃષ્ણપ્રેમ, મેરી મેક્લિયોડ બેથ્યૂન જેવા સાહિત્યેતર ક્ષેત્રનાં નામાંકિત વ્યક્તિત્વોને પણ અહીં શબ્દરૂપ અપાયું છે. સંગ્રહની એક મહત્ત્વની બાબત એ છે કે લેખિકાએ માત્ર સર્જકો કે નામાંકિત વ્યક્તિઓનાં જ પ્રસંગચિત્રો આલેખીને સંતોષ માન્યો નથી, પણ સ્વભાવની દૃષ્ટિએ તેમની હરોળમાં બેસી શકે તેવા આમલોકોનો પણ સુપેરે સ્વભાવપરિચય કરાવ્યો છે.

બળવંત જાનીનો 'નવનિધિ' (૨૦૧૩) સંસ્મરણકથાની નજીક પહોંચતો આત્મકથનાત્મક નિબંધોનો સંગ્રહ છે. તેના સળંગસૂત્રાત્મક નિબંધોમાં પેઢીદરપેઢી ચાલ્યા આવતા સંસ્કાર-વારસાનું જતન છે. એક રીતે જોઈએ તો આ કુટુંબકથા છે. બા, પિતા, દાદા, દાદી, પત્ની અને બાળકોને સર્જકે પુસ્તકનાં પાને પાને સ્મર્યાં છે. તેમની સાથે વિતાવેલી જિંદગીને સર્જક જીવનની સાચી કમાઈ માને છે. સંગ્રહના નિબંધોમાં ભૂતકાળના કેટલાક પ્રસંગોની સ્મૃતિઓ વારંવાર તાજી થઈ છે. ઘરની 'ભોડી' ગાય, દાદાજીનાં ધોતિયાં, ગોદડી, બોરડી, કેસર ઘોડી જેવા સ્મૃતિકોશમાં સચવાયેલા અનેક સજીવનિર્જીવ પદાર્થોને સર્જકે સ્નેહપૂર્વક સંભાર્યા છે. જૂની પેઢીના કાળકબાટરૂપી આ સંગ્રહમાંથી પસાર થતાં પાને પાને અનોખા ભાવ-સંવેદનની અનુભૂતિ થયા કરે છે.

ભગીરથ બ્રહ્મભટ્ટ આ ગાળાના એક નોંધપાત્ર નિબંધકાર છે. એમની પાસેથી

'પદાર્થપર્વ'(૨૦૧૨), 'માણસાઈના ધરુ'(૨૦૧૨) અને 'અભાવનું ઐશ્વર્ય' (૨૦૧૩) જેવા સંગ્રહો મળે છે. 'શોષાતાં મૂળ, પોષાતાં પાન' (૨૦૧૮) તેમનો શિક્ષણવિષયક ચિંતનાત્મક નિબંધોનો સંગ્રહ છે.

'પદાર્થપર્વ' અને 'અભાવનું એશ્વર્ય'ના નિબંધો 'આથમતાં અજવાળાં'ની સરવાણીનો જ પ્રવાહ છે. 'પદાર્થપર્વ'માં નિબંધકારે પોતે પદાર્થમય બનીને તેના દ્રાવણમાંથી જે બહાર આવ્યું તે સઘળું શબ્દસ્થ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં માત્ર વિગત કે વર્ણનો જ નથી, બલકે ગદ્યદેહમાં પથરાયેલો કલાવૈભવ પણ છે. તો બીજી તરફ વળી રોજિંદા જીવનમાં વપરાતા પદાર્થો ચાવી, ડસ્ટર, સાવરણી, ગોદડી વગેરેને શબ્દાંકિત કર્યા છે. લીમડો, અશોક, બાવળ જેવાં વૃક્ષો ઉપર પણ સ્વતંત્ર નિબંધો રચ્યા છે. ચાટ, ઠીબ, પરબડી, હવાડા, ચોકડી, પાણિયારું, ગોખલું અને ખોડીબારું જેવા પદાર્થોને નિબંધરૂપમાં ઢાળીને સર્જકે ગ્રામ્ય સંસ્કૃતિના અવશેષોને બોલતા કર્યા છે. પદાર્થોને વર્તમાન પરિસ્થિતિ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, શિક્ષણ અને સાહિત્ય સાથે જોડવાનો ઉદ્યમ 'પદાર્થપર્વ'ને પુરોગામી સંગ્રહો કરતાં જુદો પાડે છે.

'અભાવનું ઐશ્વર્ય'માં સર્જકે ગામડામાં વિતાવેલા જીવનખંડ દરમિયાન ત્યાંની જડ-ચેતન સૃષ્ટિ સાથેના અનુરાગને પ્રગટ કર્યો છે. કિશોરાવસ્થાએ જીવનના પડકાર સમા બની ગયેલા અભાવોમાંથી સમાધાનો મેળવીને પ્રકૃતિ દ્વારા મેળવેલી કેળવણીને સર્જક સંભારે છે. કદાચ એટલે જ સર્જકે આ સંગ્રહને 'અભાવો વચ્ચે પાંગરેલા છોડની આપકથા' કહી છે.

'માણસાઈનાં ધરુ' એ પૂર્વપ્રકાશિત સંગ્રહોમાંનાં કેટલાંક રેખાચિત્રોનું સંકલન છે.

સાંપ્રત સમયના આપણા બે સમર્થ વાર્તાકારો મહેન્દ્રસિંહ પરમાર અને માવજી મહેશ્વરી પણ અનુક્રમે 'રખડુનો કાગળ' (૨૦૧૬) અને 'મૌનના પડઘા' (૨૦૨૦) જેવા નિબંધસંગ્રહો લઈને આવે છે. 'રખડુનો કાગળ'માં નિરુદ્દેશે ભ્રમણ કરતા એક અલગારી લેખકના નિબંધો સંગ્રહાયા છે. તેમણે કરેલા રઝળપાટ દરમિયાન જોયેલા, અનુભવેલા પ્રસંગોનું તેમાં આલેખન છે. સ્થળવિશેષોનાં વર્ણનો છે, બાળપણનાં સંસ્મરણો છે ને પ્રકૃતિનું ગાન છે. સંવેદન પણ ભારોભાર છે. લગભગ બધા જ નિબંધોમાં સર્જક પ્રકૃતિથી કોઈ ને કોઈ રીતે અભિભૂત થયા છે. કાળિયો કોશી, શક્કરખોર, પેલિકન, કબૂતર, દેવચકલી જેવાં પક્ષીઓના ઉલ્લેખોમાં સર્જકની પક્ષીલોક પ્રત્યેની નિસબત પ્રગટી છે. મહેન્દ્રસિંહ પરમારના નિબંધોની વિશેષતા એ છે કે તેમણે મોટા ભાગના નિબંધો પત્ર સ્વરૂપે સ્વજનો કે મિત્રોને સંબોધીને લખ્યા હોવાથી તેમાં નિખાલસ મને પેટછૂટી વાતો થઈ છે.

માવજી મહેશ્વરી 'મૌનના પડઘા'માં આનાથી તદ્દન ભિન્ન પ્રકારના નિબંધો લઈને રજૂ થયા છે. તેમાં કચ્છમાં આવેલા ભૂકંપ પછીની સ્થિતિનાં વર્ણનો છે. મહાવિનાશી દુર્ઘટના પછી તે પ્રદેશના માનવીઓની સામૂહિક હતાશા અને નિરાશાનું તેમાં હૃદયદ્રાવક આલેખન છે. આર્થિક રીતે કંગાલ થઈ ગયેલા વેપારીઓ, ઉચાળા ભરીને ઊભેલા માણસો, દરેકના ચહેરા પર જામેલી રિક્તતાની રેખાઓ વગેરેને સર્જકે

કમકમાટીભરી ભાષામાં યથાતથ વર્ણવ્યાં છે. નિબંધોમાં આકારાયેલી સંવેદના જે તે પ્રદેશની એક ચોક્કસ સમયગાળાની સંવેદના હોવા છતાં તે ચોક્કસ સમય કે સ્થળની સંવેદના રહેતી નથી, પરંતુ કાળને અતિક્રમી જઈને શાશ્વત સંવેદના બની રહે છે.

આ ગાળાના કેટલાક અન્ય નિબંધકારોમાં હરનીશ જાની, હર્ષદ ત્રિવેદી, વીનેશ અંતાણી, વિપિન પરીખ, તારિણીબહેન દેસાઈ વગેરે નામો પણ અગત્યનાં છે.

વર્ષોથી અમેરિકામાં વસવાટ કરતા હરનીશ જાની 'તીરછી નજરે અમેરિકા' (૨૦૧૭) નામે નિબંધસંગ્રહ આપે છે. તેમાં અમેરિકાની અનુભવયાત્રાને સર્જકે હળવી શૈલીમાં રજૂ કરી છે. ત્યાંના લોકોની દાનવીરતા, યુયુત્સા, ઉદારતા, ઔદ્યોગિકતા, ગતિશીલતા અને અત્યાધુનિક રહેણીકરણીને સમાવી લેતા આ નિબંધોમાં સર્જકના અંતરંગ અનુભવો છતા થયા છે.

હર્ષદ ત્રિવેદીકૃત 'માંડવીની પોળના મોર' (૨૦૨૦)માં વ્યક્તિત્વનો તરવરાટ અનુભવાય છે. જીવંત વર્ણનો નિબંધોમાં તાદૃશતા પ્રગટાવે છે. વચ્ચે વચ્ચે સર્જકે વતનને પણ સંભાર્યું છે. ઉપરાંત વસંતઋતુમાં ખીલેલી પ્રકૃતિ, વૃક્ષો-પર્ણોની અવનવી વાતો, નગરજીવનની વિવર્ણતા વગેરે વિષયોને નિબંધ સ્વરૂપે ગદ્યમાં વર્ણવ્યા છે. લલિતનિબંધોની સાથે સાથે આ સંગ્રહમાં 'મારું સત્ય : મૃત્યુ' જેવા ચિંતનાત્મક નિબંધો પણ છે. જેમાં સંવેદન ઉપરાંત ચિંતનાત્મકતાની ઊંડી અનુભૂતિ છે.

કથાલેખક વીનેશ અંતાણીએ 'ડૂબકી' શ્રેણીનાં સાતેક નિબંધપુસ્તકો આપ્યાં છે. તેમાંથી 'સુગંધ અને સ્મૃતિ' (૨૦૧૧), 'સાઠ સેકન્ડનું અજવાળું' (૨૦૧૩), અને 'સોનેરી બુંદ' (૨૦૧૪) જેવા સંગ્રહો આ ગાળામાં પ્રગટ થયા છે. ૧૮૮૮ આસપાસથી લઈને અત્યાર સુધીમાં વિવિધ અખબારોમાં પ્રગટેલાં લખાણો અહીં સંગ્રહરૂપ પામ્યાં છે. તેમાં સાહિત્યિક તત્ત્વ ઓછું અને લોકરંજક તત્ત્વ વધારે છે. માટે તે લલિતનિબંધો કરતાં અખબારી લેખો વધુ લાગે છે. છતાં તે વાંચનક્ષમ છે. તેનું ગદ્ય સરળ અને સાદગીભર્યું છે. ભારેખમ ચિંતનનો બોજો પણ તેમાં નથી.

વિપિન પરીખ 'હું પાછો આવીશ ત્યારે' (૨૦૧૧)માં લઘુનિબંધો આપે છે. જૂના આદર્શો, આપણાં વાસ્તવિક મૂલ્યો, જીવનની ક્ષિતિજો, રોજિંદા સંબંધો અને જૂનીનવી પેઢીનું સામંજસ્ય જેવા વિષયો તેમાં કેન્દ્રસ્થ કરાયા છે. દેસાઈ 'સાતતાળી રમાડતી ક્ષણો'(૨૦૧૬)માં આત્મકથનાત્મક અને ચરિત્રાત્મક નિબંધો આપે છે.

આ ઉપરાંત 'પાદરની રેતી' (૨૦૧૨)માં નટવર પટેલ 'ધૂળ-માટીમાં રગદોળાયેલા બાળનિબંધો' લઈને આવે છે. રાકેશ પટેલ 'રણપંખીની પાંખ ઉપર ટહુકી સવાર' (૨૦૧૭) તથા 'રણ, વન અને દરિયો' (૨૦૨૦) જેવા સંગ્રહોથી નવી પેઢીના સર્જકોમાં સ્થાન પામ્યા છે. મૂળે ખેડૂતજીવ દિનેશ પટેલિયા 'પોળોનાં પાદરમાં' (૨૦૧૩) અને 'વાવણી' (૨૦૧૮) જેવા સંગ્રહોથી ધ્યાન ખેંચે છે. ભીખુ કવિનાં 'સ્મરણફેરો'- (૨૦૧૮)માં સંસ્મરણાત્મક નિબંધો સાંપડે છે. 'ચંદા જન ચંદા' (૨૦૧૮)માં જનક રાવલનો કલ્પનાલોક ઊઘડ્યો છે. અરવિંદ ટાંકના 'ગોખ'(૨૦૧૩)

માં ગ્રામજીવનની ભાતીગળ સંસ્કૃતિને આલેખવાનો સફળ પ્રયાસ થયો છે. ભરત પરીખ 'એકાંતની અટારીએથી'(૨૦૧૬)માં માંદગીના બિછાનેથી લખેલા નિબંધો લઈને આવે છે. કિશોર વ્યાસ 'દેવળાને ઝાંપે'(૨૦૧૪)માં વતન સાવરકુંડલાનાં સંસ્મરણો આલેખે છે. તેમાં આત્મીયતાનો અહેસાસ છે. દલપત ચૌહાણ 'હું, સંભારણાં અને સફર'(૨૦૧૭)માં સ્મૃતિપ્રધાન અને પ્રવાસપ્રધાન નિબંધો આપે છે. કચ્છી લેખક ગુલાબ દેઢિયા 'ઓસરીમાં તડકો' (૨૦૧૨), 'પહેલે પગથિયે' (૨૦૧૬) અને 'છાબમાં પગરખાં' (૨૦૨૧) જેવા સંગ્રહો આપે છે.

આ ઉપરાંત કેટલાક અગત્યના નિબંધસંગ્રહોમાં 'અતીતનો રણકાર' (૨૦૧૧) – હર્ષદ કાપડિયા, 'એક માણસને એવી ટેવ' (૨૦૧૧) – યોગેન્દ્ર પારેખ, 'ભવની ભવાઈ' (૨૦૧૧), 'બે શબ્દની વાત' (૨૦૧૨) અને 'ધુમ્મસ' (૨૦૧૩) – રાઘવજી માધડ, 'સહજને કિનારે' (૨૦૧૨) – ધૂની માંડલિયા, 'ટૅબ્લેટને અજવાળે પાનબાઈ' (૨૦૧૨) – ભાગ્યેશ જહા, 'ગોઠડી' (૨૦૧૨) – તુષાર વ્યાસ, 'અવિરત શોધ' (૨૦૧૧), 'નવું જીવન નવી દૃષ્ટિ' (૨૦૧૨) અને 'હેતુલક્ષી જીવન' (૨૦૧૨), - ફાધર વર્ગીસ પોલ, 'રાગરંગ' (૨૦૧૪) – અભિજિત વ્યાસ, 'યારો કી બારત' (૨૦૧૪) – યાસીન દલાલ, 'આનંદની ડાયરી' (૨૦૧૪) – ભારતી મોદી, 'પીડ પરાઈ જાણે રે' (૨૦૧૪) – વિજયસિંહ પરમાર, 'શ્રાવણનો પાઠ' (૨૦૧૬) – હિતેશ પંડ્યા, 'સૃજનની યાત્રા' (૨૦૧૬) – રાજેન્દ્ર પટેલ, 'લે, તું પણ જોને' (૨૦૧૮) – હરીશ મહુવાકર, 'સકલ તીરથ જેના મનમાં રે' (૨૦૧૫) અને 'સાત સમંદર પાર' (૨૦૧૮) – ડંકેશ ઓઝા, 'પ્રસન્નતાનો પાસપૉર્ટ' (૨૦૨૦) – ચંદ્રકાંત મહેતા વગેરેનો સમાવેશ કરી શકાય.

આ સમયગાળામાં હાસ્યનિબંધો, પ્રવાસનિબંધો અને ચરિત્રનિબંધોની સરવાણી પણ અસ્ખલિત વહી છે. હાસ્યનિબંધોમાં વિનોદ ભટ્ટ અને રતિલાલ બોરીસાગરના સંગ્રહો ઉપરાંત 'વાહ દોસ્ત વાહ' (૨૦૧૧), 'અમે મહેફિલ જમાવી છે' (૨૦૧૧) અને 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' (૨૦૧૧) – શાહબુદ્દીન રાઠોડ, 'ડાબે હાથે' (૨૦૧૨) – હિમાંશી શેલત, 'વાચક ક્યાંય નથી ગ્રંથાલયમાં' (૨૦૧૩) – કિશોર અંધારિયા, 'દે દામોદર દાળમાં' (૨૦૧૬) – કિશોર વ્યાસ, 'આજનું કામ કાલે' (૨૦૧૮) – કલ્પના દેસાઈ જેવા સંગ્રહો સત્ત્વશીલ છે.

ચરિત્રનિબંધોમાં પ્રફુલ્લ રાવલ, મનસુખ સલ્લા અને ભગીરથ બ્રહ્મભટ્ટ ઉપરાંત અનેક સર્જકોએ યથાવકાશ લેખન કર્યું છે. તેમાં 'અગ્નિપથના યાત્રી' (૨૦૧૩) – મોહન દાંડીકર, 'માણસ હોવાનો મને વહેમ' (૨૦૧૪) – કેશુભાઈ દેસાઈ, 'સકળતીર્થ જેના તનમાં રે' (૨૦૧૪) – રજની વ્યાસ, 'અદૃશ્ય પાત્રો' (૨૦૧૫) – હરેશ ધોળકિયા, 'મુઠ્ઠી ઊંચેરાં માનવરત્નો' (૨૦૧૫) – ભદ્રાયુ વચ્છરાજાની, 'કેમ રે વિસરાય' (૨૦૧૬) – રણછોડ શાહ, 'કોઈ ઝબકે, કોઈ ઝબકાવે' (૨૦૧૭) – ધીરેન્દ્ર મહેતા, 'માનવી મોંઘા મોલનાં' (૨૦૧૭) – વસંત ગઢવી, 'સરોવરના સગડ' (૨૦૧૮) – હર્ષદ ત્રિવેદી વગેરે અગત્યના છે.

હાસ્ય અને ચરિત્રનિબંધની જેમ પ્રવાસનિબંધ પણ આ ગાળામાં ખૂબ લખાયા છે. જેમાં 'તીરે તીરે નર્મદા' (૨૦૧૧) – અમૃતલાલ વેગડ, 'અંતઃપુરમ' (૨૦૧૩) અને 'જળમધ્યે સ્થળ' (૨૦૧૬) – પ્રીતિ સેનગુપ્તા, 'શ્વેત શિખરને શિરે' (૨૦૧૨) – નવીન કા. મોદી, 'લક્ષ્મીદ્વીપ પ્રવાસ' (૨૦૧૬), 'ગોવા પ્રવાસ' (૨૦૧૭), 'નેપાળયાત્રા' (૨૦૧૮). 'બીજાપુરથી નાંદેડ' (૨૦૧૭,) અમારી અધૂરી નર્મદા પરિક્રમા (૨૦૨૦) – સ્વામી સચ્ચિદાનંદ, 'કોલંબસના હિન્દુસ્તાનમાં' (૨૦૧૭), 'આપણે પ્રવાસી પારાવારના' (૨૦૧૮) – ગુણવંત શાહ, 'નિરુદ્દેશે' (૨૦૧૮) – હસમુખ શાહ, 'રણ તો રેશમ રેશમ' (૨૦૧૮), 'ઉજાસનો પ્રવાસ' (૨૦૧૯) – ભારતી રાણે, 'હિમાલય અને હિમાલય' (૨૦૧૯) – રમણ સોની, 'શિવભૂમિનો સાદ' (૨૦૧૫) – પ્રજ્ઞા પટેલ, 'મારી પ્રવાસનોંધ' (૨૦૧૫) – પૂર્વી તેવાર જેવા અનેક સંગ્રહો દર્શાવી શકાય.

એકવીસમી સદીના બીજા દાયકાના નિબંધસાહિત્યનું પરિશીલન કરતાં ક્યાંક સંતર્પકતા તો ક્યાંક નિરાશા સાંપડે છે. કલાસિદ્ધિની દૃષ્ટિએ કેટલોક સંતોષ થાય છે, પરંતુ નવોન્મેષ કે ગદ્યવિકાસની રીતે જોતાં તો નિરાશાનું પલડું જ નમે છે. પૂર્વે ભોળાભાઈ પટેલ, મણિલાલ હ. પટેલ, પ્રવીણ દરજી જેવા સર્જકોએ નિબંધમાં કેળવેલા ઉન્મેષણ પછી અત્યાર સુધી સદંતર અનુકરણ જ થતું રહ્યું છે. એની એ જ ઢબના નિબંધો સાંપડતા રહ્યા છે. 'ઘેર જતાં' જેવા એક-બે અપવાદોને બાદ કરતાં અન્ય નિબંધસંગ્રહો પારંપરિક પ્રવાહમાં નથી તો પરિવર્તન લાવતા કે નથી તેને સમૃદ્ધ કરતા. માત્ર પ્રવાહને જીવંત રાખે છે. આવા નિબંધો ગુજરાતીના ગદ્યવિકાસમાં પણ કોઈ સામર્થ્ય દાખવી શકતા નથી. ગુજરાતીમાં હજારો નિબંધસંગ્રહો લખાઈ ગયા પછી પણ એ જ પ્રકારના નિબંધો આપ્યા કરવાથી કયો હેતુ સરે છે?

વિષય, રજૂઆતરીતિ અને પ્રયોગાત્મકતાની દૃષ્ટિએ પણ નિબંધ હજી કશ્યપપગલે ચાલી રહ્યો છે. વર્તમાનપત્રો, સામયિકો અને પૂર્તિઓને કારણે નિબંધની બોલબાલા વધી છે. ઘણા સર્જકો કૉલમ દ્વારા વાચકોને સંતર્પક સામગ્રી પીરસી રહ્યા છે. પરંતુ તે બધા કાલેલકર, ઉમાશંકર અને સુરેશ જોષીની ક્ષિતિજોથી ઘણા દૂર છે. વાચકોની માગને સંતોષવા વિચારો અને વિષયોમાં થોડું આગળ વધાયું છે, પરંતુ સાથોસાથ કટ-પેસ્ટની નવી સમસ્યા પણ ઉદ્ભવી રહી છે.

લલિતનિબંધની વિભાવના પણ આજે ફરીથી સ્પષ્ટ કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. આ ગાળામાં લખાયેલા મોટા ભાગના લલિતનિબંધો પ્રકૃતિ અને સ્મરણોની જાળમાંથી બહાર નીકળી શક્યા નથી. આવા પરંપરિત વિષયોને અતિક્રમીને નવા વિષયો પર પણ લલિતનિબંધ સંભવી શકે તે યાદ કરાવવું રહ્યું.

ચિંતનાત્મક નિબંધ પણ પાંખો પડ્યો છે. મણિલાલ-આનંદશંકરના નિબંધોએ આપણે ત્યાં ચિંતનાત્મક નિબંધસાહિત્યની ઊંચી ભૂમિકા બાંધી આપેલી છે. એની સમકક્ષ ઊભા રહી શકે તેવા નિબંધોની અપેક્ષા રાખવી તો આજે દુષ્કર છે, પરંતુ વાંચનક્ષમ નવું ચિંતન પણ સાંપ્રત નિબંધોમાં નથી તે સખેદ સ્વીકારવું પડશે.

સર્વથૈવ ગુજરાતી નિબંધ આજે કાંઠે ઊભો ઝૂરે છે. તેને વૈતરણી પાર કરાવનાર કોઈ બડભાગી સર્જક મળશે કે કેમ તે ઘણો વેધક પ્રશ્ન છે.

■

પરબ, વર્ષ ૧૯, અંક ૨, ઑગસ્ટ : ૨૦૨૪

ડૉ. જે. કે. ઉમરેઠિયા

આ વખતે 'પરબ'નો અંક જુદો લાગ્યો. એનાં રૂપ, રંગ બદલાયેલાં લાગ્યાં. એની સાઇઝમાં થયેલો ફેરફાર પણ મન પર અલગ રીતે નોંધાયો. વાંચતાં વાંચતાં અંક સતત નવો લાગે ને એવું નોંધાયા કરે મન પર કે પરબ જ વાંચી રહ્યા છીએ કે બીજું કોઈ સામયિક? અલબત્ત મને તો આ ફેરફાર ખૂબ ગમ્યો. આંતરિક ગુણવત્તાની સાથે સાથે બાહ્ય ગુણવત્તા કેટલી બધી જરૂરી છે એ આ અંકમાંથી પસાર થતાં ક્ષણે ક્ષણે અનુભવાયું.

આ વખતનો અંક ઘણા બધા વિષયોથી ભર્યો ભર્યો બની રહ્યો. "સગાં દીઠાં અમે ચારણ-કન્યાનાં" લેખમાં હીરબાઈનાં સગાંની શોધ ભારે કુતૂહલપૂર્વક વાંચી. પૃ. ૭૨ના અંતે આપેલ કવિ દુલા કાગલિખિત નોંધ વાંચીને વળી રૂંવાડાં ઊભાં થઈ ગયાં. "સાવજ સામે સોટો વીંઝતી" હીરબાઈ જાણે નજર સમક્ષ તાદશ થઈ.

આ અંકમાં સૌથી વધારે સારી બાબત હોય તો તે છે - જોડણીશુદ્ધિ, અનુસ્વાર બાબતે લેવાયેલી કાળજી ગમી.

છતાં "પુનઃપ્રવેશ"(પૃ.૩૩)નાં પહેલાં બે વાક્યો સુધારી શકાયાં હોત - "લગ્ન પછીની પહેલી વર્ષગાંઠને ખાસ બનાવવાના મનોરથ સેવતો અનિકેત જલ્પાના આગ્રહને કારણે કૉલેજના "ગેટ ટુ ગેધર"માં ગયાં.

અહીં ગયો હોવું જોઈએ અને 'ગયાં' લખ્યું છે ત્યાં વળી અનુસ્વાર મૂક્યું છે. એ જ પૃષ્ઠ પર ત્રીજી લીટીમાં "બીજા બધા"- ને ચોથી લીટીમાં "વ્યસ્ત હતાં"- આવું કેવી રીતે બને? આ લઘુકથાના અંતમાં ચાર વાક્યો આપેલાં છે તે અંતને વધુ સંકુલ બનાવે છે.

અંકનું આવરણ ગમ્યું. આખો અંક ગમ્યો. 'પરબ'નું આવું કાઠું ઉત્તરોત્તર જળવાતું રહે એવી શુભેચ્છાઓ.

■

સાહિત્યકારોને વિનંતી

ફેઈસબુક કે અન્ય જાહેર માધ્યમો ઉપર મૂકેલી કે અન્ય સામયિકને પ્રકાશનાર્થે મોકલેલી સામગ્રી મહેરબાની કરીને 'પરબ'ને ન મોકલવી. 'પરબ' આપને બનતી ત્વરાએ સ્વીકૃતિ કે અસ્વીકૃતિની જાણ કરે જ છે. એક જ કૃતિ એકથી વધારે જગ્યાએ મોકલવામાં ઔચિત્યભંગ થાય છે તે જાણવા વિનંતી.

‘પરબ’ : સ્વાગત

નરોત્તમ પલાણ

નવી ગણતરી મુજબ ૧૯મા વર્ષમાં પ્રવેશી રહેલા ‘પરબ’નું સ્વાગત છે. હા, જુલાઈ મુખપૃષ્ઠ ઉપર બનારસની ભાતીગળ સાંજ, બનારસની ગીચતાનો અનુભવ કરાવતી મનુ પારેખ સાથે માણી! સાથે સાથે ૧૮મું વર્ષ અને ૧૩મો અંક ખૂંચ્યું છે. અલબત્ત, અંદર સુધરી ગયું છે! નવા વર્ષના પ્રથમ અંકથી જ સંપાદક તરીકે કિરીટ દૂધાત નામ વાંચીને પ્રસન્નતા અનુભવી છે. કિરીટભાઈનું ઉષ્માભેર સ્વાગત, સાથે સાથે જૂન ‘પરબ’માં જે સસ્તી પબ્લિસિટી વાંચવા મળી હતી તે દૂર થયું. -(પ્રકાશન અધિકારી અને ઉપપ્રમુખોનાં નામ) તેનું પણ સ્વાગત છે. આપણે ગૌરવવંતી પરિષદના ગૌરવવંતા મુખપત્ર છીએ તે પણ ભૂલવા જેવું નથી કોઈ વર્ગ કે વ્યક્તિને અલ્પ દેખાડવી તે કોઈ પણ સાહિત્યિક સામયિકને શોભે નહિ.

૧૯૬૦થી અમે ‘પરબ’ સાથે જોડાયેલા છીએ, (અને તેનું અમને ગૌરવ છે.) ‘પરબ’ બદલાતું રહ્યું છે. આરંભના નગીનદાસ પારેખ, મનસુખલાલ ઝવેરી, ગુલાબદાસ બ્રોકર, ભોળાભાઈ પટેલ ૧૯૮૮ સુધી સંપાદક હતા, ૧૯૮૮થી ભોળાભાઈ તંત્રી બને છે અને શેઠકાકા સંપાદક તરીકે આવે છે. ૨૦૦૨થી ‘તંત્રી’ દૂર થાય છે. અને સંપાદક રમેશ ર. દવે સાથે સહસંપાદકો આવે છે. ૨૦૦૩માં સંપાદક યોગેશ જોશી છે, તેમણે દીર્ઘકાળ ખંતથી સંપાદન કાર્ય કરેલું છે. આરંભનાં ૧૬ વર્ષ ત્રૈમાસિક હતું તે ૧૯૭૭થી માસિક બને છે. અને છોછપ્રધાન વિષયો, જે પૂર્વે છપાતા ન હતા તેને સમયોચિત સ્વતંત્રતા મળે છે.

જુલાઈ અંકમાં ભાઈ ભદ્રેસરિયા જે વિરોધ નોંધાવે છે તે અમને સહેજ આમ લાગે છે : આ ‘સાહિત્ય’ જે તે સમયની વાસ્તવિકતા પ્રગટ કરીને તેનાથી સાવધાન રહેવાનું સૂચવતું હોય છે.

ઉમા ચત્રવર્તિએ ‘મી ટુ’ માં પોતાના જે અનુભવ લખ્યા તે આપણામાં સભાનતા પ્રેરે છે. - એટલું જ, આમાં કે ઉદયનની વાર્તા વિવેચનામાં ‘છાછ’ કરતાં ‘વાસ્તવિકતાનો બોધ’ છે અને તે અમારી માન્યતા મુજબ નિષેધ નથી. સંસ્કૃત સાહિત્ય અને ફિલ્મી કરતાંય ચડી જાય એવી ટીવી વૉઇસ અપની દુનિયા - આપણે આપણા સભ્યોને કેટલા દૂર રાખી શકીશું?

■

હું જ્યારે મને પોતાને સનાતની હિંદુ કહું છું ત્યારે મિત્રો ગૂંચવણમાં પડે છે

કારણ કે સનાતની કહેવાતા હિંદુમાં તેઓ સામાન્ય રીતે જે વસ્તુઓ જુએ છે તે મારામાં નથી જોતા. પણ તેનું કારણ તો એ છે કે ચુસ્ત હિંદુ હોવા છતાં હું મારા ધર્મમાં ખ્રિસ્તી, ઇસ્લામી અને જરથોસ્તી ધર્મના ઉપદેશો માટે સ્થાન જોઉં છું. અને તેથી કેટલાકને મારો હિંદુ ધર્મ ઘણી વસ્તુઓના મિશ્રણ જેવો લાગે છે અને કેટલાક તો મને બધા ધર્મોમાંથી સાર ગ્રહણ કરનાર સારગ્રાહી કહે છે. વારુ, કોઈ માણસને સારગ્રાહી કહેવો એનો અર્થ એ છે કે તેનો કોઈ ધર્મ નથી. પણ મારો ધર્મ ઘણો વ્યાપક છે જે ખ્રિસ્તીઓનો વિરોધ નથી કરતો, પ્લીમથ બ્રધરનો પણ નથી કરતો, ધર્માંધમાં ધર્માંધ મુસલમાનનો પણ નહીં. મારો ધર્મ અત્યંત વ્યાપક સહિષ્ણુતાના પાયા પર રચાયેલો છે. હું કોઈ માણસને તેનાં ધર્મઝનૂની કૃત્યો માટે ઠપકો આપવાનો ઇનકાર કરું છું, કારણ કે હું તેનાં એ કૃત્યોને તેની દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરું છું. આ મારો વ્યાપક ધર્મ જ મને ટકાવી રાખે છે. આ સ્થિતિ કંઈક મૂંઝવનારી છે એ હું જાણું છું. પણ તે બીજાને મૂંઝવનારી છે, મને નહીં. (ગાંધીજી, અક્ષરદેહઃ૩૫, પૃ. ૨૩૦)

તુજ સે ભી દિલફરેબ હૈ ગમ રોજગાર કે.....

કિરીટ દૂધાત

વરસો પહેલાં મારા એક મિત્ર ૨૪ વરસની વયે ધંધામાં પગભર થયા એટલે કન્યાઓ જોવાનું શરૂ કર્યું. પોતે સાહિત્યરસિક અને કવિતા જેવું કશુંક લખતા એટલે એમની શોધ મૃણાલ કે સોનલની હતી. ખુદ સંકોચના માર્યા કશું કહે નહીં, પણ એની નાની બહેન સામેવાળાને કહ્યા કરે કે 'મારો ભાઈ કવિ છે, લોટ્ટોફ ચોપડિયું વાંચે છે.' જ્યાં કન્યકાના મનમાં 'ઘરનો ધંધો' હોવાની સરખામણીએ 'કવિતાઉં કરે છે'નું પલ્લું ઊંચું જતું ત્યાંથી વિનયપૂર્વક ના આવતી. ચોથા-પાંચમા પ્રયત્ને એમને સાંભળવા મળ્યું કે, 'એમ તો અમારી બેના પણ ઘણી ચોપડિયું વાંચે છે.' એટલે એ થનગનાટ કરતા પહોંચ્યા, વડીલોએ સાંકડમાંકડ જગામાં ઉદારતાથી ગોઠવી આપેલી મુલાકાતે. પ્રશ્નોત્તરીના પ્રવાહમાં પૂછ્યું કે 'ક્યા સર્જકનું સાહિત્ય ગમે?' હૃદયની લાગણી તો સુરેશ જોષી નહીં તો છેવટે ર. વ. દેસાઈનું નામ સાંભળવાની હતી. સાંજે આવીને પડી ગયેલા મોંએ એણે ઉચ્ચાર્યું કે, 'આ તો ગુલશન નંદાની ફેન છે!' જોકે મિત્રે એ સગપણ માટે હા પાડેલી.

સુરુચિના સૌ આગ્રહીઓની ક્ષમા સાથે જણાવવાનું કે અમને તો ગુલશન નંદા પણ બહુ ગમે. અંગ્રેજીમાં જેને પલ્પ ફિક્શન કહેતા, મગજ ભલે બગડે પણ સારા કાગળો ન બગડે એટલે રિસાઇકલ થઈને લોંદો, પલ્પ થઈ ગયેલા કાગળ પર છપાયેલી નવલકથાઓ લખવામાં માહેર એટલે ગુલશન નંદા. એમની એક બે લાક્ષણિકતાઓ મને ગમે છે જોકે એની વાત ફરી ક્યારેક.

હમણાં એ મિત્ર દંપતીને ફરીથી મળવાનું થયું. મેં બંનેને પૂછ્યું, 'હાલ શું વાંચો છો?' તો 'મૃણાલે' સંકોચથી કહ્યું કે 'એ બધું તો પડતું મૂક્યું. તમારા મિત્ર પણ સમજીને કવિતાના રવાડેથી પાછા વળી ગયા છે.' અરે! રાતભર ઉજાગરો કરીને 'પૅરેલિસિસ' પૂરી વાંચી જનારા એ મિત્રને હવે કોઈ પુસ્તક એક પૂંઠાથી બીજા પૂંઠા સુધી વાંચ્યાને વરસો વીતી ગયાં! આવા અનેક લોકો હશે જેમણે યુવાનીમાં કોઈ સપનાને કેન્દ્રમાં રાખીને જીવન જીવી જઈશું એવી પ્રતિજ્ઞા કરી હોય. પછી એ સપનાં ક્યાં હવા થઈ ગયાં એનો અહેસાસ પણ નથી રહેતો. આવું કેમ? શું આપણે આસાનીથી બધું છોડી દેનારી પ્રજા છીએ?

શું આપણે ત્યાં પહેલેથી આવું હતું? નર્મદ એની આત્મકથા 'મારી હકીકત'માં લખે છે કે પોતે કવિતા કરતા પણ છંદનું જ્ઞાન નહોતું. એમના શુભેચ્છકોએ ટકોર કરી કે પહેલાં છંદ શીખો કવિતા લખો. નર્મદે થોડો સમય કવિતા કરવાનું છોડ્યું અને પિંગળશાસ્ત્રની શોધખોળ શરૂ કરી. નર્મદ 'મારી હકીકત'ના છઠ્ઠા પ્રકરણમાં લખે છે , 'પછી અહીં (સુરતમાં) મેં મારા દોસ્તદાર ૧૮૫૧ની વખતના 'જ્ઞાનસાગર'ના છાપનારા જદુરામને પકડ્યો ને કહ્યું કે કોઈ પણ ઠેકાણેથી પિંગળનું પુસ્તક અપાવ – પછી હમે ઘણે ઠેકાણે ફર્યા તેમાં એક વખત હમે એક ગોરધન નામના કડિયાને ત્હાં ગયા. ......ત્હાં મેં કેટલાંએક મારાં બનાવેલાં પદો ગાયાં ને તે કડિયો ખુશ થયો ને બોલ્યો કે મારા ગુરુ લાલદાસ મોટા કવેસર હતા, તેનાં પુસ્તકો સઘળાં મારી પાસે છે તેમાં જોઈશું – તમે કાલે આવજો. પછી હું બીજે દહાડે તેની પાસે ગયો ને ત્હાં પટારો ઉઘડ્યો. તેમાંથી છંદ રત્નાવળી નામનું પુસ્તક નિકળ્યું. તેણે મને કહ્યું કે હું ઘેર તો નહીં આપું પણ અહીં આવી લખી લો. પછી હું રોજ સવારે કલમ ખડિયો કાગળ લઈને તેને ઘરે જતો ને પિંગળ લખતો. ...' આ રીતે એમણે ઈ.સ.૧૮૫૭માં 'પિંગલપ્રવેશ' લખીને પ્રકાશિત કર્યું.

અર્વાચીનોમાં આદ્યની એ ખાંખત આજે ક્યાં ગઈ ? આજે ઘણા કવિયશઃપ્રાર્થીઓ ઈર્ષ્યા આવે એવા આત્મવિશ્વાસથી motherનો ગુજરાતી પર્યાય એમની રચનામાં લખે તો મોટા ભાગે 'માં' લખે! આવું તો ઘણું. વળી બેધડક જણાવે 'આપણી જોડણી કાચી હોં' મોટે ભાગે તો રચના એ મોબાઇલમાં લખી હોય જેમાં 'ભગવદ્‌ગોમંડલ' કે 'સાર્થ જોડણીકોશ' એક કળવેંત જ દૂર હોય. આપણે ટૅક્નોલૉજીને અપનાવી પણ આપણા અજ્ઞાન અને પૂર્વગ્રહોનો ખલતો સાથે લઈ જવાનું ન ભૂલ્યા! ટૅક્નોલૉજી સુવિધા આપે વિદ્યા નહીં. કલાકાર બનવાની સજ્જતા કેળવવા કોઈ કડિયા-કારીગરને પણ વીનવવો પડે. પણ આવું કેમ થયું? શું હવે વિકલ્પો વધ્યા એમાં સબ બંદરકા વેપારી પણ નિપુણ કશામાં નહીં એવું થયું? કે તપ ઓછાં પડે છે?

પહેલાં આપણે નાટકોના ચાહક હતા. કોઈ સારો ખેલ પડ્યો હોય તો એ જોવા માટે અમદાવાદથી મુંબઈ એ નાટકના નામે ખાસ ટ્રેનો દોડાવાતી જેમ કે 'માલવપતિ મુંજ સ્પેશ્યલ.' પછી ફિલ્મો આવી એટલે આપણે નાટક છોડી દીધું. ટી.વી. આવ્યું તો ફિલ્મોને લગભગ છોડી દીધી. OTT આવ્યું તો ટી.વી. છોડી દીધું. હવે AI માથે ઝળૂંબે છે. મને યાદ છે કે સાતમા દાયકામાં મારા મોસાળના ગામમાં ઓજલ પડદામાં રહેનારી કાઠિયાણીઓ પણ શિક્ષિકાઓ દ્વારા શાળાના પુસ્તકાલયમાંથી પુસ્તકો મંગાવીને વાંચતાં. ઈ.સ. ૧૯૯૪માં અમરેલીમાં કલેક્ટર કચેરીમાં યોજાયેલી કોઈ મિટિંગમાં કૉંગ્રેસી આગેવાન અને શિક્ષણવિદ ગુણવંતરાય પુરોહિતે ટકોર કરેલી 'અમારી પેઢી પરતંત્ર ભારતના ગાયકવાડીરાજમાં જીવતી તોય સો ટકા અક્ષરજ્ઞાન ધરાવતી. સ્વાતંત્ર્ય મેળવ્યા પછી એની ટકાવારી ઘટતી ગઈ છે. આપણે આવી તો કેવી આઝાદી લાવ્યા?' સ્માર્ટફોન આવતાં આપણે પુસ્તકો વાંચવાનું છોડી દીધું! હવે કેટલું છોડીશું? એમ નથી કહેવાનું કે બધાં 'સરસ્વતીચંદ્ર' વાંચે. ભલેને કોઈ નવઉત્ક્રાંતિવાદનું જાણે, તો કોઈ ટપાલટિકિટો ભેગી કરે કે પુરાતન સિક્કાઓનો સંગ્રહ કરે. પણ કમ સે કમ જેને એકાદ-બે કલાક નવરાશ મળે એમાં કોઈ શોખની

પ્રવૃત્તિ તો કરે. આજે બધાની દોટ એક જ દિશામાં કેમ છે ? અમેરિકા કે ઇંગ્લૅન્ડથી આવેલા NRI સગાંનાં કુટુંબો પોતે પારકા પ્રદેશમાં કેવાં તો સફળ થયાં એની વાતો ઉત્સાહથી કરે ત્યારે હું પૂછું. 'તમે ક્યારેય The New York Times કે The Guardian વાંચો ખરા?' એટલે બે'ક મિનિટ મૌન છવાઈ જાય. આપણને ટગર ટગર જોઈ રહે પછી વિશ્વગુરુના આત્મવિશ્વાસથી બોલે કે 'ના, એ નહીં હોં, પણ અમે ત્યાં બેઠાં નેટ પર 'અકિલા' વાંચી લઈએને.' વિદેશની વાત જવા દો, કોરોનાએ આપણને એ 'સત્ય' સમજાવ્યું કે આપણને ગુજરાતીમાં રોજેરોજ છાપું વાંચ્યા વગર ચાલે છે. તો ઘણા લોકો હવે વૉટ્સએપથી જ્ઞાનની તરસ બુઝાવે છે.

પેલા મિત્ર દંપતી આગળ મેં અરધો કલાક આવો બધો કકળાટ કર્યો તો મિત્ર બોલ્યા, 'છોડને આ બધું. આજકાલ ધંધા-રોજગારમાંથી ઊંચા આવીએ તો આવાં થોથાં હાથમાં લઈએને.' જવાબમાં ઘણી દલીલો કરી શકાય એમ હતી પણ એ મિત્રના સમર્થનમાં ટાંકી શકાય એવો એક શેર યાદ આવ્યો. (કવિતાનો વિરોધ કરવામાં પણ કવિતા? હા, કવિતા.)

દુનિયાને તેરી યાદ સે બેગાના કર દિયા
તુઝ સે ભી દિલ ફરેબ હૈ ગમ રોજગાર કે

એટલે ફૈઝસાહેબને મનોમન સલામ કરીને 'ગમ' ખાઈ ગયો.

■

અભિનંદન

જાણીતા કવિ કમલ વોરાને 'પરબ' તરફથી અભિનંદન !

દર વર્ષે એક ગુજરાતી કવિને અપાતો નરસિંહ મહેતા ઍવૉર્ડ ઈ. સ. ૨૦૨૪ના વરસ માટે કમલ વોરાને આપવાનું જાહેર થયું છે. નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ દ્વારા ઈ. સં. ૧૯૯૯થી આ ઍવૉર્ડ દર વરસે કવિતાક્ષેત્રે કવિએ કરેલા સર્જન બદલ આપવામાં આવે છે. કમલ વોરાનો જન્મ તા. ૧૯-૫-૧૯૫૦ના રોજ રાજકોટમાં થયો છે. અરવ (૧૯૯૧), અનેક એક (૨૦૧૨), વૃદ્ધશતક (૨૦૧૫) અને જુદ્ધાણાં (૨૦૨૩) એમનાં જાણીતાં સર્જનો છે અનેકએકને ૨૦૧૨ના વરસનું શ્રેષ્ઠ પુસ્તકનું ઇનામ મળેલું છે. તથા ગંગાધર નૅશનલ ઍવૉર્ડ ફૉર પૉએટ્રી જેવાં સન્માનો એમને આ અગાઉ મળી ચૂક્યાં છે. હાલ તેઓ 'એતદ્' ત્રૈમાસિકના સહસંપાદક તરીકે નોશિલ મહેતા સાથે સેવા આપે છે. આ ઍવૉર્ડ એમને શરદ પૂર્ણિમાના દિવસે તા. ૧૬-૧૦-૨૦૨૪ના રોજ મોરારિબાપુના હસ્તે અપાશે.

સાભાર સ્વીકાર

કવિતા :

ઓઢણી : નયના ચારણિયા, 'સ્નેહ સરવાણી', શોપીઝેન, અમદાવાદ, ૨૦૨૩. ડે. પૃ. ૧૦૦, રૂ. ૨૬૮, ૬૭ કવિતાનો સંગ્રહ • **એ તરફ ઢોળાવ** : રીનલ પટેલ, ગૌતમ પબ્લિકેશન, સુરત, ૨૦૨૩, ડે. પૃ. ૬૮, રૂ. ૨૫૦, ૬૬ ગઝલોનો સંગ્રહ • **હરિ આવ્યા તળેટીમાં** : વિનોદ રાવલ, વિજયા ગ્રાફિક્સ ઍન્ડ પબ્લિકેશન, સુરત. ડે. પૃ. ૧૧૩. રૂ. ૨૨૫. ૯૨ ગઝલો, ૧૬ ગીત અને ભજનો એમ કુલ ૧૦૮ કવિતાનો સંગ્રહ • **સનસાઇન** : રમેશ પટેલ, કુસુમ પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૬૪, રૂ. ૧૦૦, **૪૦ મોનોઇમેજ કાવ્યનો સંગ્રહ. • થોડાં ઘણાં કબૂતર** : શૈલેશ ગઢવી, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. રાજકોટ. ૨૦૨૪, ડે. પૃ. ૧૧૨, રૂ. ૧૬૫, ૯૬ ગઝલોનો સંગ્રહ.

વાર્તાસંગ્રહ :

• **શરત** : ધરમાભાઈ શ્રીમાળી, આર. આર. શેઠ, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૧૩૮, રૂ. ૧૭૫, ૧૮ માનવસંવેદનનાની વાર્તાઓનો સંગ્રહ.

લઘુકથાસંગ્રહ :

• **કૂંપળ લીલીછમ** : ધર્મેન્દ્રસિંહ રાઠોડ, કોમલ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૮, ડે. પૃ. ૧૪૪, રૂ. ૧૬૫, ૭૨ લઘુકથાઓનો સંગ્રહ.

લેખસંગ્રહો :

• **વચનરતિ** : વૈરાગ્યરતિવિજય, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશન, પુણે, ૨૦૨૪, ડે. પૃ. ૧૩૨, રૂ. ૧૫૦. આગમસૂત્ર + શાસ્ત્ર આધારિત ૧૦ લેખોનો સંગ્રહ. • **વિકાસરતિ**: વૈરાગ્યરતિવિજય, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશન, પુણે, ૨૦૨૪, ડે. પૃ. ૧૮૪, રૂ. ૧૫૦, પ્રેરણાત્મક ૧૮ લેખોને સંગ્રહ. • **વિચારરતિ** : વૈરાગ્યરતિવિજય, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશન, પુણે, ૨૦૨૪, ડે. પૃ. ૧૪૮, રૂ. ૧૫૦, સાંપ્રત ચિંતનાત્મક ૧૪ લેખોનો સંગ્રહ. • **વિબોધરતિ** : વૈરાગ્યરતિવિજય, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશન, પુણે, ૨૦૨૪, ડે. પૃ. ૧૭૬, રૂ. ૧૫૦, વિવિધ મહાત્માઓના ગુણ પરિચયવાળા ૨૩ લેખોનો સંગ્રહ. • **વિશોધરતિ**: વૈરાગ્યરતિવિજય, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશન, પુણે, ૨૦૨૪, ડે. પૃ. ૧૮૪, રૂ. ૧૫૦, લિપિ. હસ્તપ્રત, સંશોધનવિષયક ૨૦ લેખોનો સંગ્રહ. • **વૈરાગ્યરતિ** : વૈરાગ્યરતિવિજય, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશન, પુણે, ૨૦૨૪, ડે. પૃ. ૯૬, રૂ. ૧૦૦, ૮ લેખકના પ્રિય શ્રેણીના લેખો. • **ક્ષમારતિ** : વૈરાગ્યરતિવિજય, શ્રુતદીપ રિસર્ચ ફાઉન્ડેશન, પુણે, ૨૦૨૪, ડે. પૃ. ૯૬, રૂ. ૧૦૦, ૮ ક્ષમાપનાવિષયક લેખોનો સંગ્રહ.

બાળસાહિત્ય :

• **ગોતીગોતીને ગીતો ગાયાં** : માલિની સી. શાસ્ત્રી, અવનિકા પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૭૨, રૂ. ૧૧૦, ૪૩ બાલગીતોનો સંગ્રહ.

■

ઇતુભાઈ કુરકુટિયા

'સમર્થ સમકાલીન સર્જક : સતીશ વ્યાસ' એકદિવસીય પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે 'સમર્થ સમકાલીન સર્જક : સતીશ વ્યાસ' વિશેનો એકદિવસીય પરિસંવાદ તા. ૧૩-૯-૨૦૨૪ના રોજ કવિશ્રી ઉમાશંકર જોશી સભાખંડ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટીમાં યોજાયો હતો.

ઉદ્‌ઘાટનની પ્રથમ બેઠક સવારે ૧૦.૪૫ વાગ્યે યુનિવર્સિટી ગાનથી શરૂ થઈ હતી. કાન્તિ માસલતરે પરિસંવાદમાં સૌને આવકાર આપ્યો હતો. સમીર ભટ્ટે પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી દર્શનાબહેન ભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે 'ગુજરાતી ભાષા મારું હૃદય છે.' આ કાર્યક્રમનો આનંદ વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'આજે તો મનનો જમણવાર છે.' હર્ષદ ત્રિવેદીએ (પ્રમુખશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ) પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે 'નાટ્યાચાર્ય સતીશભાઈએ પહેલાં કવિતા લખી છે. ભાષાકાર્ય વિશે સંશોધન કર્યું છે. કવિ નાટકો લખે ત્યારે કેવા નાટકો લખે છે. વળી કળાઓનું શિખર છે, નાટક.' કુમારપાળ દેસાઈએ બીજરૂપ વક્તવ્યમાં કહ્યું હતું કે 'શીલ તેવી શૈલી સતીશ વ્યાસના નાટકમાં જોવા મળે છે.' મહેશ ચંપકલાલે 'સતીશ વ્યાસનાં નાટકો' વિશે વક્તવ્ય આપ્યું હતું. કમલ જોષીએ 'રંગભૂમિની એરણેઃ સતીશ વ્યાસમાં નાટકો' વિશે વક્તવ્ય આપ્યું હતું. ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન શ્રી નિયતી અંતાણીએ કર્યું હતું. આનંદ વસાવાએ આભારવિધિ કરી હતી.

બીજી બેઠક બપોરે ૨.૩૦ વાગ્યે શરૂ થઈ હતી. જેમાં પિનાકિની પંડ્યાએ 'સતીશ વ્યાસનું સંશોધન, વિવેચન/સંપાદન' વિશે, મહેન્દ્રસિંહ પરમારે 'સતીશ વ્યાસનાં એકાંકીઓ' વિશે વકતવ્યો આપ્યાં હતાં. સતીશ વ્યાસે સર્જક પ્રતિભાવ આપ્યો હતો. આ બેઠકનું સંચાલન અશ્વિન આણદાણીએ કર્યું હતું. ચીમનભાઈ પટેલે આભારવિધિ કરી હતી. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ શોધપત્રની પ્રસ્તુતિ ૪.૦૦ વાગ્યે કરી હતી.

ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી સભાગૃહ, ગુજરાત મુનિવર્સિટીમાં ૪.૪૫ વાગ્યે સતીશ વ્યાસલિખિત અને વિક્રમ પંચાલ, શૌનક વ્યાસદિગ્દર્શિત નાટક 'મન મગન હુઆ'નું મંચન થયું હતું. આ પરિસંવાદમાં ૧૩૫થી વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સતીશ વ્યાસના ચાહકો ઉપસ્થિત રહ્યા હતા.

ગઝલલેખન તાલીમ શિબિર

ગુજરાતી સાહિત્ય પરિષદ અને શ્રી ગોવિંદ ગુરુ યુનિ. ના સંયુક્ત ઉપક્રમે અંબાલાલ હિંમતલાલ શાહપ્રેરિત 'ગઝલલેખન તાલીમ શિબિર' તા. ૩૧-૮-૨૦૨૪ અને ૧-૯-૨૦૨૪, શનિવાર, રવિવારે બીપીએસ સ્વામિનારાયણ ગુરુકળ, ગોધરામાં યોજાયો હતો.

ઉદ્‌ઘાટન બેઠક સવારે ૧૦.૦૦ વાગ્યે ડૉ. પ્રતાપસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં શરૂ થઈ હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે સૌને આવકાર્યા હતા. અધ્યક્ષશ્રી ડૉ. પ્રતાપસિંહ ચૌહાણે (કુલપતિ શ્રી, શ્રી ગોવિદ ગુરુ યુનિવર્સિટી) અધ્યશ્રીય વક્તવ્ય આપ્યું હતું. અતિથિવિશેષ શ્રી, આચાર્ય શ્રી, શેઠ ટી. સી. કાપડિયા આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલીના ડૉ. હસમુખભાઈ કોરાટ ઉપસ્થિત રહીને અતિથિવિશેષનું વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સંયોજન શ્રી કુમાર જૈમિની શાસ્ત્રીએ કર્યું હતું.

શિબિરના પ્રથમ સત્રમાં નૈષધભાઈ મકવાણાએ 'ગઝલ સ્વરૂપની સમજ' વિશે, દિનેશ ડોંગરેએ 'ગઝલનું સૌંદર્ય અને ભાવવિશ્વ' વિશે, વિવેક કાણેએ 'ગઝલમાં છંદોવિધાન' વિશે, ભરત ભટ્ટ 'પવને' 'ગુજરાતી ગઝલનું વિહંગાવલોકન' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. બીજું સત્ર 'ગઝલનું પ્રત્યક્ષ શિક્ષણ' વિશેનું હતું જેમાં જૂથ શિક્ષણ-૧, ૨, ૩, ૪ વિભાગોમાં તાલીમાર્થીઓને વહેંચી ગઝલનું પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવ્યું હતું. રાત્રિબેઠક ૮.૩૦ વાગ્યે રાખવામાં આવી હતી.

બીજો દિવસ તા. ૧-૯-૨૦૨૪ના રવિવારે ત્રીજું સત્ર 'સ્વાધ્યાય અને સમીક્ષા' વિશેનું હતું. જેમાં શિબિરાર્થીઓએ પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ પ્રસ્તુતિ, સૂચનો અને પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. ૧૨ વાગ્યે સમાપન બેઠક યોજાઈ હતી.

આપણો કવિતા વારસો

ક. લા. સ્વાધ્યાયમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, સિઝન્સ સ્કવેર ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ અને ભાષા રચના વિચારમંચ (ભારવી) રાજકોટના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪-૯-૨૦૨૪ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે સિઝન્સ સ્ક્વેર મૉલ, અમીન માર્ગ રાજકોટમાં 'આપણો કવિતા વારસો' અંતર્ગત કાવ્યપાઠ અને વક્તવ્યનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કવિશ્રી ઉર્વીશ વસાવડાએ અને કવયિત્રી શ્રી પારુલ ખખ્ખરે કાવ્યપાઠ કર્યો હતો. આર. પી. જોશીએ ઉર્વીશ વસાવડાની કવિતા વિશે અને સંજય ઉપાધ્યાયે કવિ શ્રી પારુલ ખખ્ખરની કવિતા વિશે વક્તવ્યો આપ્યાં હતાં. શ્રી સંજુ વાળાએ પૂરક વક્તવ્ય આપ્યું હતું.

કાવ્યપાઠ અને વક્તવ્ય

ક. લા. સ્વાધ્યાયમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'કાવ્યપાઠ અને વક્તવ્ય'નો કાર્યક્રમ તા. ૧૭-૮-૨૦૨૪ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે શંકરાચાર્ય

સભાગૃહ, સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગરમાં યોજાયો હતો. જેમાં ડૉ. પિનાકીન પંડ્યાએ સૌનું સ્વાગત કર્યું હતું. પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે સૌને આવકાર આપ્યો હતો. કવયિત્રી શ્રી પ્રતિષ્ઠા પંડ્યાએ 'કાવ્યપાઠ' કર્યો હતો. અને સરૂપ ધ્રુવે પ્રતિષ્ઠા પંડ્યાના કવિ તરીકેના જુદા જુદા પડાવ વિશે વક્તવ્ય આપ્યું હતું.

ગઝલની ગુંજતી સરગમ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા આયોજિત 'ગઝલની ગુંજતી સરગમ'નો કાર્યક્રમ તા. ૨૧-૯-૨૦૨૪ના રોજ સાંજે ૫.૦૦ કલાકે રા. વિ. પાઠક સભાગૃહમાં યોજાયો હતો. જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે સૌને આવકાર આપીને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી શોભિત દેસાઈએ બરકત વિરાણી 'બેફામ' સૈફ પાલનપુરી, શૂન્ય પાલનપુરી, અમૃત 'ઘાયલ', જલન માતરી, કૈલાસ પંડિત, રમેશ પારેખ અને મરીઝની ગઝલોની રજૂઆત કરી હતી. શ્રી ભાવેશ ભટ્ટ અને શ્રી ભાવિની ગોપાણીએ વક્તવ્યો આપ્યાં હતાં. આ કાર્યક્રમમાં ગઝલચાહકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પાક્ષિકી

તા. ૧૪-૯-૨૦૨૪ના રોજ શનિવારે સાંજ ૫.૦૦ વાગ્યે પાક્ષિકી અંતર્ગત વાર્તાકાર શ્રી નરેન્દ્રસિંહ રાણાએ એમની વાર્તા 'નીલકંઠ મહેતા આખરે હતો કોણ?'નું પઠન કર્યું હતું.

તા. ૨૮-૯-૨૦૨૪ રોજ શનિવારે સાંજે ૫.૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત એકાંકીલેખન નટવર પટેલે એમનું એકાંકી 'ન દેખતાનો દેશ'નું પઠન કર્યું હતું.

ડૉ. દિલીપ મોદી સ્મૃતિ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે અને સાહિત્ય સંગમ, સુરતના સહયોગથી 'ડૉ. દિલીપ મોદી સ્મૃતિ વ્યાખ્યનમાળા' અંતર્ગત ત્રીજું વ્યાખ્યાન તા. ૮-૯-૨૦૨૪ના રોજ સાહિત્ય સંગમ, સુરતમાં શ્રી બકુલ ટેલરના અધ્યક્ષપદે ડૉ. હરીશ ઠક્કરે 'મુક્તક : મુક્ત મનની કલા' વિષય પર આપ્યું હતું. શ્રી બકુલ ટેલરે પ્રસંગાનુરૂપ ઉદ્‌બોધન કર્યું હતું.

પુસ્તકપ્રદર્શન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયમાં ગ્રંથાલયના સ્થાપનાદિન નિમિત્તે દર મહિને થતા પુસ્તક પ્રદર્શન અન્વયે સપ્ટેમ્બર મહિનામાં આ વખતે શિક્ષણવિષયક પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૭-૯-૨૦૨૪થી ૨૮-૯-૨૦૨૪ દરમ્યાન પરિષદપ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદી, ચેતન શુક્લ, જયંત ડાંગોદરા, હિમાલી મજુમદાર, રૂપાબહેન શેઠ, હરીશ ખત્રી, પરિષદમંત્રી (ગ્રંથાલય) પરીક્ષિત જોશી અને અન્ય પુસ્તકપ્રેમીઓએ આ પુસ્તકપ્રદર્શનની મુલાકાત લીધી હતી. રોજિંદા વાચકો વિદ્યાર્થીઓ અને સાહિત્યરસિકોએ સહકાર આપી પુસ્તકપ્રદર્શનને આવકાર્યું હતું.

'ગુજરાતી ગીતસ્વરૂપ અને સ્થિત્યંતરો' પર એકદિવસીય પરિસંવાદ

તા. ૨૬-૯-૨૦૨૪ને ગુરુવારના રોજ મુનપુર કૉલેજમાં આચાર્યશ્રી એમ. કે. મહેતાના માર્ગદર્શનમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, અને મુનપુર કૉલેજ દ્વારા 'ગુજરાતી ગીત-સ્વરૂપ અને સ્થિત્યંતરો' વિષય પર એકદિવસીય રાજ્ય કક્ષાનો પરિસંવાદ યોજાયો.

કાર્યક્રમના આરંભે ડૉ. સુશીલ વ્યાસે 'સબકા મંગલ હો' પ્રાર્થનાનું ગાન કર્યું હતું. પરિસંવાદના સંયોજક ડૉ. હર્ષદ શાહે કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. કૉલેજના આચાર્ય શ્રી મહેશ કે. મહેતાએ આનંદ વ્યક્ત કર્યો હતો. કુલપતિશ્રી પ્રતાપસિંહ ચૌહાણે (શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી, ગોધરા), પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું હતું. હીરેન પંડ્યાએ પરિસંવાદને આવકારીને ખુશી વ્યક્ત કરી હતી. વિષ્ણુભાઈ પંડ્યા, મણિભાઈ પટેલ અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ કુબેરભાઈ ડિંડોર અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા. પણ તેમના સંદેશાનું વાચન શ્રી હર્ષદાબહેન શાહે કર્યું હતું. પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે ગીત સ્વરૂપની વાત કરી હતી. પરિષદ પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ પરિષદ પ્રવૃત્તિની વાત કરીને કૉલેજ સંસ્થાને બિરદાવી હતી. ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન શ્રી હર્ષદાબહેન શાહે કર્યું હતું. જયસિંહ એલ. ખાંટે આભારવિધિ કરી હતી. પ્રથમ બેઠકના વક્તા શ્રી વિનોદ જોશીએ 'ગીતનું સ્વરૂપ : એક પુનર્વિચાર' વિશેનું બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. ડૉ. રાજેશ પંડ્યાએ 'દયારામ અને ન્હાનાલાલના ગીતો' વિશે. ડૉ. વિનોદ ગાંધીએ 'ઉમાશંકર અને સુન્દરમ્‌નાં ગીતો' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. અંતિમ બેઠક ડૉ. કિશોર વ્યાસની અધ્યક્ષતામાં શોધવાચનની હતી. જેમાં ડૉ. કિશોર વ્યાસે સેમિનાર ઉપાદેયતા અને ગીતસ્વરૂપ વિશે વાત કરી હતી. અંતમાં મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ સેમિનારમાં અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૨૦ જેટલા સાહિત્યપ્રેમી સહભાગી બન્યા હતા.

વ્યારા કૉલેજમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

ક. લા. સ્વાધ્યાયમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે. કે. શાહ તથા શ્રી કે. ડી. શાહ કૉમર્સ કૉલેજ વ્યારાના સંયુક્ત ઉપક્રમે દક્ષિણ ગુજરાતનાં બે સમર્થ સર્જક દક્ષા વ્યાસ અને હિમાંશી શેલતના સર્જન પર 'સમર્થ સમકાલીન સાહિત્યકાર શ્રેણી' અંતર્ગત એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ તા. ૨૮-૯-૨૦૨૪ના રોજ યોજાયો.

જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખશ્રી યોગેશ જોશી અને અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા. જેમાં 'દક્ષા વ્યાસની જીવન ઉપાસના' પર પ્રા. સંધ્યા ભટ્ટ 'દક્ષા વ્યાસની કવિતા' પર પન્ના ત્રિવેદી દક્ષા વ્યાસનું વિવેચન-સંપાદન' પર દર્શના ધોળકિયા, 'હિમાંશી શેલતની વાર્તાઓ' પર અજય રાવલ અને 'મુક્તિ-વૃત્તાંત અને અન્ય ગદ્યછટાઓ' પર મીનળ દવેએ તલસ્પર્શી વ્યાખ્યાનો આપ્યાં હતાં. યજમાન સંસ્થાવતી મેરુ વાઢેળ તથા પરિષદ વતી ડૉ. સમીર ભટ્ટે અને પ્રા. સંધ્યા ભટ્ટે સુચારુ સંયોજન કર્યું હતું. કૉલેજના સંચાલક મંડળ તથા આચાર્યએ પરિસંવાદને સફળ બનાવવા ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ઇતુભાઈ કુરકુટિઆ

‘સાત ગુજરાતી વાર્તાકારોને ધૂમકેતુ નવલિકા પુરસ્કાર’

ધૂમકેતુ પરિવાર અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય પરિવારના સંયુક્ત ઉપક્રમે દર વર્ષે શ્રેષ્ઠ નવલિકાસંગ્રહ માટે એના લેખકને ધૂમકેતુ નવલિકા પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે. એ સંદર્ભમાં તા. ૧૪.૯-૨૦૨૪ના રોજ અમદાવાદમાં આયોજિત વિશેષ સમારોહમાં ગુજરાતી ભાષાના સાત વાર્તાકારોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. રઘુવીર ચૌધરીના અધ્યક્ષપદે, બિપિનભાઈ પટેલના અતિથિવિશેષપદે તથા શ્રી કિરીટભાઈ દૂધાત અને રમેશ ર. દવેની ઉપસ્થિતિમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. વાર્તાકારો રામ મોરી (મહોતું, ૨૦૧૬), અજય સોની (રેતીનો માણસ, ૨૦૧૭), વિજય સોની (વૃદ્ધ રંગાટી બજાર, ૨૦૧૮), જયંત રાઠોડ (ધોળી ધૂળ, ૨૦૧૯) , રાકેશ દેસાઈ (ટ્રાયલરૂમ, ૨૦૨૦), તથા ધર્મેન્દ્ર ત્રિવેદી અને રાજેશ અંતાણીને (અનુક્રમે પુષ્પક અને ખાલી થતું ગામ વાર્તાસંગ્રહ માટે ૨૦૨૧) પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

શબ્દજ્યોતિ અંતર્ગત

તા. ૩૦-૮-૨૦૨૪ના રોજ શુક્રવારે સાંજ ૫-૩૦ કલાકે રા. વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદમાં ઓમ કૉમ્યુનિકેશન દ્વારા કુમારપાળ દેસાઈના જન્મદિનપ્રસંગે ‘શબ્દજ્યોતિ’ શીર્ષક હેઠળ ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’એ કર્યું હતું.

પ્રકાશ ન. શાહના ૮૫મા જન્મદિન પ્રસંગે

તા. ૧૨-૯-૨૦૨૪ના રોજ ગુરુવારે સાંજ ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઓડિટોરિયમ (આત્મા હૉલ) સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ સ્વ. સુશીલાબહેન અને સ્વ. શ્રી રમણલાલ શાહના સહયોગથી ઓમ કૉમ્યુનિકેશન દ્વારા પ્રકાશ ન. શાહના ૮૫મા જન્મદિન પ્રસંગે ‘શબ્દજ્યોતિ’ શીર્ષક હેઠળ સાહિત્ય સફર કાર્યક્રમમાં પ્રકાશ ન. શાહે પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’એ કર્યું હતું.

દિનકરરાય કેશવલાલ વૈદ્ય 'મીનપિયાસી'ના ૧૧૫મા જન્મદિન પ્રસંગે

તા. ૨૧-૯-૨૦૨૪ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ, અમદાવાદમાં સ્વ. સુશીલાબહેન અને સ્વ. શ્રી રમણલાલના સહયોગથી ઓમ કૉમ્યુનિકેશન દ્વારા દિનકરરાય કેશવલાલ વૈદ્ય 'મીનપિયાસી'ના ૧૧૫મા જન્મદિન પ્રસંગે 'ચૂડામણિ' શીર્ષક હેઠળ કુ. શાબ્દી દોશીએ કવિ મીનપિયાસીની કવિતાઓનું પઠન કર્યું. મીનપિયાસીના દોહિત્ર પાર્થસારથિએ પ્રાસંગિક વાત કરી. શ્રી હર્ષદ ત્રિવેદીએ મીનપિયાસીના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું.

પુસ્તકપરિચય

તા. ૨૨-૯-૨૦૨૪ના રોજ સાંજે ૫-૩૦ કલાકે મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ, અમદાવામાં ઓમ કૉમ્યુનિકેશન દ્વારા 'પુસ્તકપરિચય' અંતર્ગત પદ્મનાભકૃત પુસ્તક 'કાન્હડદે પ્રબંધ' વિશે પ્રો. પિનાકિની પંડ્યાએ અને પ્રેમાનંદકૃત 'રણયજ્ઞ' વિશે કીર્તિદા શાહે વક્તવ્યો આપ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું.

ચાલ વરસાદની મૌસમ છે

કવિતાકક્ષ પબ્લિક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા તા. ૧૮-૮-૨૦૨૪ના રોજ 'ચાલ વરસાદની મૌસમ છે' શીર્ષકથી ગીત-કવિ સંમેલન યોજાયું હતું. જેમાં સર્વશ્રી વિનોદ જોશી, તુષાર શુક્લ, મનોહર ત્રિવેદી, પારુલ ખખ્ખર, વિલમ અગ્રાવત, નેહા પુરોહિત, યોગેશ પંડ્યા અને ભરત વાઘેલાએ ગીતોનું પઠન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા.હિમલ પંડ્યાએ કર્યું હતું.

સમાસ-કવિતા થકી સંવાદ

તા. ૮-૯-૨૦૨૪ના રોજ કવિશ્રી બોટાદકર કૉલેજમાં કવિતાકક્ષ ભાવનગરના ઉપક્રમે અને બોટાદકર સાહિત્ય સભા, બોટાદ તથા રમેશ પારેખ સાહિત્ય વર્તુળ, અમરેલીના સહયોગથી 'સમાસ-કવિતા થકી સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સર્વશ્રી કવિઓ હરજીવન દાફડા. જયેશ ભટ્ટ, સ્નેહી પરમાર, હિમલ પંડ્યા, ફિરદોશ દેખૈયા, પરેશ સોલંકી, હાર્દિક વ્યાસ, જિતુ બાઢેર, ભરત વાઘેલા, જિતુ ચુડાસમા, નરેન્દ્ર મકવાણા, આશિષ મકવાણા, જગત ભટ્ટ વગેરેએ પોતાની કવિતાઓનો પાઠ કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન પાર્થ ખાચરે કર્યું હતું એ આયોજન શ્રી ઉદય મારુએ કર્યું હતું.

અમદાવાદ વાર્તાવર્તુળની ૧૮મી વાર્તાશિબિર

અમદાવાદ વાર્તાવર્તુળની ૧૮મી વાર્તાશિબિર તા. ૩૧-૮-૨૦૨૪ અને ૧-૯-૨૦૨૪ના રોજ સાહિત્ય સરવાણી ગ્રૂપનાં પ્રો. સંધ્યા ભટ્ટ, સપન પાઠક, વિરલ

વ્યાસ અને અન્ય સભ્યોના સહયોગથી વાત્સલ્ય વિદ્યાલય બોરડોલીમાં યોજાઈ હતી. જેમાં સર્વશ્રી, સંધ્યા ભટ્ટ, તનસુખ શાહ, સ્વાતિ મહેતા, તિતિક્ષા નાયક, અવિનાશ બારૈયા, ગિરિમા ઘારેખાન, મયૂર પટેલ, નેહા અનિશ ગાંધી, રાજુલ ભાનુશાળી, જિગીષા પાઠક, મિતલ પટેલ, ઉર્વશી શાહ, રેના સુથાર, ઊર્મિ પંડિત, કુસુમ પટેલ, દિના રાયચૂરા, સુષ્મા શેઠ, અર્ચિતા પંડ્યા, મનહર ઓઝા (સંયોજક) અને દીવાન ઠાકોરે (પરામર્શક) મૌલિક અને અપ્રગટ વાર્તાઓનું પઠન કર્યુ હતું. જેમાં કૃતિલક્ષી સઘન ચર્ચાઓ થઈ હતી.

અભિરુચિ

અભિરુચિ અંતર્ગત તા. ૨૦-૯-૨૦૨૪ના રોજ શુક્રવારે સાંજ ૫-૦૦ કલાકે શ્રી સમીર ભટ્ટે 'રા, વિ, પાઠક : સાક્ષરયુગ અને ગાંધીયુગનો સુભગ સમન્વય' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. અભિરુચિનાં મંત્રી રૂપાબહેન શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

મારી નવલકથાનું કથાબીજ વિશે વર્ષા અડાલાજાનું વક્તત્વ

તા. ૨૩-૮-૨૦૨૪ને શુક્રવારના રોજ ગુજરાત વિશ્વકોશ ભવનમાં શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત શ્રી વર્ષા અડાલજાએ 'મારી નવલકથાનું કથાબીજ' વિશે વક્તવ્ય આપ્યું હતું.

'ભારતની નારીસંતોનું કાવ્યાકાશ' ગ્રંથનું વિમોચન અને કાલિન્દી પરીખનું વક્તવ્ય

તા. ૨૧-૮-૨૦૨૪ને બુધવારના રોજ ગુજરાત વિશ્વકોશ ભવનમાં રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી કાલિન્દી પરીખકૃત 'ભારતીય નારીસંતોનું કાવ્યાકાશ' પુસ્તકનું વિમોચન શ્રી દલપત પઢિયારે કર્યું હતું. કાલિન્દી પરીખે વક્તવ્ય આપ્યું હતું.

ભાવનગર શિશુવિહાર દ્વારા સાહિત્ય સેવા ઍવૉર્ડ

શિશુવિહાર પ્રાંગણમાં અનિલભાઈ શ્રીધરાણીની સ્મૃતિમાં છેલ્લાં ૬ વર્ષથી અપાતો માતૃભાષા સંવર્ધન ઍવૉર્ડ શ્રી રાજેશભાઈ ધામેલિયાને, ભાગીરથીબહેન મહેતા જાહ્નવી સ્મૃતિ ઍવૉર્ડ કવયિત્રી લતાબહેન હિરાણીને, તેમજ કિસ્મત કુરેશી ગઝલ ઍવૉર્ડ પ્રણવભાઈ પંડ્યાને એનાયત થયા ત્રણેય સાહિત્યકારોને સાહિત્ય પરિષદ અભિનંદન પાઠવે છે.

નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત 'સ્કૉલરશિપ' પ્રકલ્પ ૨૦૨૪-૨૫

ગુજરાતી ભાષા અથવા સાહિત્યમાં સંશોધન માટે ટ્રસ્ટનું નિમંત્રણ. સંશોધકોને

તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધીમા સંશોધક કાર્યની રૂપરેખા તથા વિષયવસ્તુ વિગતે મોકલવા વિનંતી સંશોધન કાર્ય નોંધમાંથી પસંદગી સમિતિ કોઈક એક વ્યક્તિને એક લાખ રૂપિયાની સ્કૉલરશિપ આપવાનું નક્કી કરશે. નિરંજન ભગતના સાહિત્ય પરના સંશોધનને પ્રાધાન્ય આપવામાં આવશે. સંશોધનકાર્યની અવધિ એક વર્ષની રહેશે. નિરંજન ભગત મેમોરિલયલ ટ્રસ્ટ, ૧લો માળ, આશિમા હાઉસ, એમ.જે. લાઇબ્રેરી પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. Email. Secreatary@nbmt.in

શ્રદ્ધાંજલિ

કે. એસ. શાસ્ત્રી	(૩૧-૮-૨૦૨૪)
મંજુ મહેતા	(૨૦-૮-૨૦૨૪)
અબ્બાસ દાના	(૨૭-૮-૨૦૨૪)
હરીશ રઘુવંશી	(૨૮-૮-૨૦૨૪)
મકરંદ મહેતા	(૧-૯-૨૦૨૪)
હસમુખભાઈ વ્યાસ	(૮-૯-૨૦૨૪)
અલ્પેશ પાઠક ‘પાગલ’	(૧૯-૯-૨૦૨૪)
હિના સક્સેના	(૨૫-૯-૨૦૨૪)

ગુજરાતી સાહિત્ય પરિષદ આ સહુ દિવંગત સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ પાઠવે છે.

પુસ્તક-સમીક્ષાનું વાર્ષિક

વર્ષોવર્ષ ગુજરાતીમાં વિવિધ સાહિત્ય-સ્વરૂપોનાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થાય છે. એમાંથી મહત્ત્વનાં અને ચર્ચાક્ષમ પુસ્તકોની સજ્ઞ અભ્યાસીઓ દ્વારા સમીક્ષા થતી રહે તો સામ્પ્રત સાહિત્ય-સમયનો એક બહુપરિમાણી અને બહુમૂલ્ય આલેખ ઉપસી રહે.

ગુજરાતી સાહિત્ય પરિષદનું આ પણ એક અગત્યનું કામ બલકે કર્તવ્ય છે. એ ધ્યાનમાં લઈને પરિષદે માત્ર પુસ્તકસમીક્ષાનું જ એક વાર્ષિક - મુદ્રિત રૂપે ને પછી ઇ-પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનું નક્કી કર્યું છે.

એના સંપાદન માટે પરિષદે શ્રી રમણ સોનીને નિમંત્રણ આપ્યું છે.

વર્ષ ૨૦૨૪માં પ્રકાશિત થયેલાં પુસ્તકોમાંથી સામીક્ષ્ય પુસ્તકોની પસંદગી કરીને સંપાદકશ્રી યોગ્ય સમીક્ષકોને નિમંત્રણ આપશે. એ રીતે મળેલી ને સંપાદિત થયેલી સમીક્ષાઓનું વાર્ષિક ૨૦૨૫માં પ્રગટ થશે. આ ક્રમ પ્રતિવર્ષ ચાલતો રહેશે. પરિષદ સમીક્ષકોને યોગ્ય પુરસ્કાર પણ આપશે.

સૌ લેખકો-પ્રકાશકોનો તથા અભ્યાસી સમીક્ષક-વિવેચકોનો સહયોગ પ્રાર્થિત છે.

સમીર ભટ્ટ, મહામંત્રી
ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૪મું જ્ઞાનસત્ર

તારીખ : ૫, ૬, ૭, ૮ ડિસેમ્બર ૨૦૨૪.

સ્થળ : કૈલાસ ગુરુકુળ, મહુવા, જિ. ભાવનગર

‘સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે...’

તારીખ : ૫-૧૨-૨૪, ગુરુવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦

ઉદ્‌ઘાટન બેઠક

પ્રારંભ	:	જય જય ગરવી ગુજરાત (ગીત ગાન)
આવકાર	:	યજમાન સંસ્થા પ્રતિનિધિ
પરિષદ પ્રવૃત્તિ અહેવાલ	:	સમીર ભટ્ટ
અતિથિસર્જકનું ઉદ્‌બોધન	:	રાધાવલ્લભ ત્રિપાઠી
પ્રાસંગિક વક્તવ્ય	:	રઘુવીર ચૌધરી
પરિષદ પ્રમુખનું ઉદ્‌બોધન	:	હર્ષદ ત્રિવેદી
આશીર્વચન	:	પૂ. મોરારિ બાપુ
આભારવિધિ	:	યોગેશ જોષી

તારીખ : ૬-૧૨-૨૪, શુક્રવાર

પ્રથમ બેઠક : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦

‘આનંદક્રીડા : અંગતથી અખિલાઈ સુધીની’

સાહિત્ય : માનવમનથી સંસ્કૃતિ સુધી	:	અજય સરવૈયા
સાહિત્ય અને માનવ સમાજ	:	ગૌરાંગ જાની
સંચાલન	:	સેજલ શાહ

બીજી બેઠક : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦

‘આનંદક્રીડાની વૈચારિક પીઠિકા’

કાર્લ માર્ક્સ અને ગુજરાતી સાહિત્ય	:	સુલતાન અહેમદ પઠાણ
ગાંધી અને ગુજરાતી સાહિત્ય	:	અરુણ દવે
આંબેડકર અને ગુજરાતી સાહિત્ય	:	મોહન પરમાર
સંચાલન	:	પરીક્ષિત જોશી

ભોજન વિરામ

ત્રીજી બેઠક : બપોરે ૨.૦૦ થી ૩.૦૦

આનંદકીડાનો આદિલોક : ભગવાનદાસ પટેલ
સંચાલન : જનક રાવલ

ચોથી બેઠક : બપોરે ૩.૦૦ થી ૪.૩૦
‘આનંદકીડાના વૈશ્વિક ઉદ્‌ગાર’

ઈડિપસ રેક્સ (સોફોક્લિસ) : સંજય મુખર્જી
ઓલ્ડ મેન એન્ડ ધ સી (અર્નેસ્ટ હેમિંગ્વે) : સમીર ભટ્ટ
ધ વેસ્ટ લેન્ડ (ટી.એસ એલિયટ) : ભરત મહેતા
સંચાલન : ભિખેશ ભટ્ટ

પાંચમી બેઠક : બપોરે ૪.૩૦ થી ૬.૦૦
‘આનંદકીડા ભાષાની’

ભાષાશાસ્ત્રી અને ભાષા વિજ્ઞાન : અરવિંદ ભાંડારી
વ્યુત્પત્તિ વિચાર : હેમંત દવે
સંચાલન : બકુલ ટેલર
મધ્યસ્થ સમિતિની બેઠક : ૬ થી ૭

ભોજન વિરામ

રાત્રી બેઠક : રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦

આનંદકીડાનાં રમણીય રૂપ : ઉપસ્થિત કવિઓનો કાવ્યપાઠ
વક્તવ્ય : દર્શક આચાર્ય
સંચાલન : હેમાંગ રાવલ

તારીખ : ૭-૧૨-૨૪, શનિવાર
છઠ્ઠી બેઠક : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦
આનંદકીડાના ભારતીય ઉદ્‌ગાર

માઘ : હર્ષદેવ માધવ
સુરદાસ : મૃદુલા પારીક
મિરઝા ગાલિબ : શિનકાફ નિઝામ
સંચાલન : સંજય ચૌધરી

સાતમી બેઠક : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦
આનંદકીડાના ગુજરાતી ઉદ્ગાર...

મીરાં : દર્શના ધોળકિયા
ન્હાનાલાલ : સતીશ વ્યાસ
ચંદ્રકાંત શેઠ : યોગેશ જોષી
સંચાલન : જ્યોતીન્દ્ર પંચોલી

ભોજન વિરામ

આઠમી બેઠક : બપોરે ૨.૦૦ થી ૫.૦૦
આનંદકીડા સમકાલીન સાહિત્યની : સાહિત્યનું સરવૈયું-૧ (૨૦૨૩)

અધ્યક્ષ : રવીન્દ્ર પારેખ

કવિતા : મનીષા દવે
ટૂંકીવાર્તા : પન્ના ત્રિવેદી
નિબંધ : દિક્પાલસિંહ જાડેજા
નાટક : પી.એસ. ચારી
નવલકથા : નરેશ શુક્લ
બાળસાહિત્ય : નટવર પટેલ
સંચાલન : દાન વાઘેલા

નવમી બેઠક સાંજે ૫.૦૦ થી ૬.૩૦
આનંદકીડાના ઉત્તરો : મહેન્દ્રસિંહ પરમાર

વિદ્યાર્થીઓ અને સાહિત્યકારો સાથે ગોષ્ઠિ

ભોજન વિરામ

સાંસ્કૃતિક કાર્યક્રમ : રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦

યજમાન સંસ્થા

તારીખ : ૮-૧૨-૨૪, રવિવાર
દસમી બેઠક સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
આનંદકીડા સમકાલીન સાહિત્યની : સાહિત્યનું સરવૈયું-૨ (૨૦૨૩)

અધ્યક્ષ : ડંકેશ ઓઝા

અનુવાદ : માલિની ગૌતમ
સંશોધન : પ્રવીણ કુકડિયા
સંપાદન : કિશોર વ્યાસ
વિવેચન : રાજેશ્વરી પટેલ

સંચાલન : શિશિર રામાવત

અગિયારમી બેઠક સવારે ૧૧.૦૦ થી ૧.૦૦

સમાપન બેઠક

ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું સત્ર (સામાન્યસભા)

ઠરાવો, પ્રતિભાવો અને આભારવિધિ

પ્રાસંગિક વક્તવ્ય : હર્ષ બ્રહ્મભટ્ટ

પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન : હર્ષદ ત્રિવેદી

સંચાલન : સમીર ભટ્ટ

જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છનારાઓએ પ્રતિનિધિ શુલ્ક રૂ.૧૫૦૦/- અને વિદ્યાર્થીઓએ રૂ.૭૫૦/- ભરવાના રહેશે. નોંધણી કરાવી ઉપસ્થિત રહેનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. નોંધણી તા.૧૬-૧૧-૨૦૨૪ સુધીજ થશે ત્યારબાદ કોઈપણ સંજોગોમાં નોંધણી કરવામાં આવશે નહીં તેની નોંધ લેવા વિનંતી.

નોંધણી માટેની આવશ્યક સૂચના :

- જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહેનારા મિત્રો પરિષદ કાર્યાલયમાં રોકડ અથવા ઓનલાઈન પેમેન્ટથી નોંધણી કરાવી શકશે.
- ઓનલાઈન પેમેન્ટ કરનારા મિત્રો આપેલ બેંક એકાઉન્ટમાં નિર્ધારિત રોકડ, ચેક, નેટ બેન્કિંગ, યુ.પી.આઈ. માધ્યમથી ભરી શકાશે.
- બેન્કની વિગતો એકાઉન્ટ નંબર, બેન્ક, બ્રાન્ચ IFSC કોડ વગેરે ભરેલ ફીની વિગતોનો સ્ક્રીન શોટ ૯૭૭૩૨૨૨૪૨૫ મોબાઈલ નંબર પર મોકલવાનો રહેશે.
- નોંધણી કરાવનારે ફીની સાથે પોતાનો મોબાઈલ નંબર અને સરનામું અવશ્ય જણાવવું.

ગુજરાતી સાહિત્ય પરિષદની બેન્કની વિગતો નીચે મુજબ છે.

NAME OF THE ACCOUNT HOLDER	:	GUJARATI SAHITYA PARISHAD
BANK NAME	:	BANK OF INDIA
BANK ADDRESS	:	ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009
BANK A/C NO.	:	200220100004869
MICR CODE NO.	:	380013006
IFSC NO.	:	BKID0002002
BRANCH CODE	:	2002

સમીર ભટ્ટ, ભિખેશ ભટ્ટ, સંધ્યા ભટ્ટ, ભરત મહેતા, પરીક્ષિત જોશી, સેજલ શાહ
મંત્રીઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ

આ અંકના લેખકો

અરવિંદ ભટ્ટ : C/O રાજેશભાઈ મસરાણી શ્રીજીકૃપા, લક્ષ્મીનારાયણ મંદિર સામે, મોટાબજાર, ધરમપુર-૩૯૬૦૫૦

આબિદ ભટ્ટ : નિર્જર મદીના મસ્જિદ રોડ પોલો ગ્રાઉન્ડ હિંમતનગર-૩૮૩૦૦૧

ઈતુભાઈ કુરકુટીયા : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

કલ્યાણ દેસાઈ : ગુજરાતી વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

કિરીટ દૂધાત : A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.

ગિરીશ ભટ્ટ : પ્રશાંતિ નિલયમ્ માધવનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

ગૌરાંગ ઠાકર : એ/૪૦૧, સેકટમ હૉમ્સ, જે. કે. મૉટર્સની સામે, પાલ, સુરત ૩૯૫૦૦૯

જયેશ રાષ્ટ્રકૂટ : C/O ડી. કે. ઝાલા, પૂર્ણિમા સોસાયટી, શેરી નં. ૧, અમર-જ્યોતની પાસે, નાનામવા મેઇન રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

જે. કે. ઉમરેઠિયા : જી/૪, અધ્યાપક કુટિર, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨

નરોત્તમ પલાણ : દર્શન, ૩ વાડી પ્લૉટ, પોરબંદર-૩૬૦૫૭૫

નિકુંજ ભટ્ટ : “મહાદેવ”, કહાનવાડી, ઍસાર પેટ્રોલપંપ પાછળ, અંકુર વિદ્યાલયની પાસે, સોનગઢ-૩૬૪૨૫૦

પુષ્કરરાય જોષી : ૪૭૯, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ઉપવન પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

પ્રણવ ઠાકર : ફ્લેટ નં. ૩૦૩, C/૩૦૩, સી વિંગ શિવ ઓર્કિડ ગોકુલ હોટલ પાસે, વિમલનાથ સોસાયટી પાછળ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

પ્રણવ પંડ્યા : ઇ/૬૦, ગુજરાત હાઉસિંગ બોર્ડ સોસાયટી, સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫૬૦૧.

ભગવાન થાવરાણી : સ્પંદન ચંદન પાર્ક, આર. એમ. સી. ગાર્ડન, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

ભરત વાઘેલા : ૩૦, નીલ માધવ, બાલાજી નગર, નેસડા રેલવે ફાટક પાસે, સિહોર-૩૬૪૨૪૦

મનીષ પરમાર	: મુ. વાવડી(ગઢ), પો. ધરોઈ-કોલોની-૩૮૪૩૬૦
માવજી મહેશ્વર	: ૧૯૯/૬, સારંગ મહાદેવનગર, અંજાર-૩૭૦૧૧૦
યોગેશ જોષી	: બી/૩૦૩, અર્જુન ગ્રીન્સ વિશ્વેશ્વર ફ્લૅટ પાસે કે. કે. નગર, રન્નાપાર્ક અમદાવાદ-૩૮૦૦૬૧
રમણ વાઘેલા	: પ્લૉટ નં. ૬૫૨/૨, સિદ્ધાર્થ પાર્ક સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
રમણિક અગ્રાવત	: ૭ મુક્તાનંદ સોસાયટી, નર્મદાનગર, ભરૂચ-૩૯૨૦૧૫
રમેશ આચાર્ય	: 'કવિતા', ૧૦, અંકુર સોસાયટી, નવા જંક્શન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧
રમેશ ર. દવે	: 'વૈશાખ', ૨/૨, વીમાનગર, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
રવીન્દ્ર પારેખ	: ૧, યુનિયનધારા, મોદી બંગલા, અઠવાલાઇન્સ, સુરત-૩૯૫૦૦૭
રાધિકા પટેલ	: બી/૯૦૨, સંયદ વુડ્સ, સંગાથ નેનો, મોટેરા પાસે, કોટેશ્વર-ભાટ રોડ, કોટેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૫
રિદ્ધિ પાઠક	: ૨૫, સોમેશ્વરનગર, અકવાડા, ભાવનગર-૩૬૪૦૦૧
હરદ્વાર ગોસ્વામી	: જી/૨૦૧, ગણેશ હોમ્સ, સહજાનંદ હોમ્સ પાછળ, ચેનપુર રોડ, ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૬૦
હર્ષ બ્રહ્મભટ્ટ	: ૭૪/૯, જગાભાઈ પાર્ક, રામબાગ ચાર રસ્તા પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
હર્ષદ ત્રિવેદી	: સુરતા એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪ જિ. ગાંધીનગર

આજે કાશ્મીરની પરિસ્થિતિ કેવી છે? એવું જણાવવામાં આવે છે કે કાબેલ અમલદારોની દોરવણી નીચે આફ્રિદીઓ ને બીજા એવા જ લોકોનું બનેલું એક બળવાખોર લશ્કર રસ્તામાં આવતાં ગામડાંઓને લૂંટતું ને બાળતું, વીજળીનાં કારખાનાંનો નાશ કરી શ્રીનગરને અંધકારમાં ડુબાડી દઈ તે શહેરની દિશામાં આગળ વધે છે. પાકિસ્તાન સરકારના કોઈક પ્રકારના પ્રોત્સાહન વિના આ લશ્કરનો પ્રવેશ કાશ્મીરમાં થઈ શકે એ માનવું મુશ્કેલ છે. આ બનાવના ગુણદોષમાં ઊતરી આમ કે તેમ ફેંસલો આપવા જેટલી હકીકતો મારી પાસે નથી. પણ મારે જે તમને કહેવું છે તેને માટે એવો ફેંસલો આપવાની મારે જરૂરેય નથી. એટલું હું જાણું છું કે હિંદી રાજ્યસંઘની સરકારે મૂઠીભર સિપાઈઓનું લશ્કર શ્રીનગર તાબડતોબ દોડાવ્યું એ તદ્દન વાજબી કર્યું છે. એથી કાશ્મીરીઓને હિંમત આવશે.

(ગાંધીજી, હરિજનબંધુ, પૃ. ૩૬૧-૬૨)

સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫ માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૯ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઈચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગરૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

NAME OF THE ACCOUNT HOLDER	:	GUJARATI SAHITYA PARISHAD
BANK NAME	:	BANK OF INDIA
BANK ADDRESS	:	ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009
BANK A/C NO.	:	200220100004869
MICR CODE NO.	:	380013006
IFSC NO.	:	BKID0002002
BRNCH CODE	:	2002

હર્ષદ ત્રિવેદી	**સંજય ચૌધરી**	**સમીર ભટ્ટ**
પ્રમુખ	કોષાધ્યક્ષ	મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ - અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલ દાનની વિગત

આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી મળેલ દાન

ક્રમ	નામ	ગામ	રકમ
૧.	મુનીરભાઈ મહેતા	અમદાવાદ	૫,૦૦,૦૦૦/-
૨.	શ્રી નેમિ-નન્દન શતાબ્દી ટ્રસ્ટ	અમદાવાદ	૩,૦૦,૦૦૦/-
૩	ડૉ. જશવંત મોદી (યુ.એસ.એ.) વતી શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા ટ્રસ્ટ	અમદાવાદ	૧,૦૦,૦૦૦/-
૪.	જ્ઞાનની બારી હ. શ્રી શ્રેણિક શાહ	અમદાવાદ	૧,૦૦,૦૦૦/-
૫.	સંજય ઝવેરી (જાપાન) વતી નવીનભાઈ મહેતા	અમદાવાદ	૧,૦૦,૦૦૦/-
૬.	સુરેન્દ્રભાઈ સારાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ	અમદાવાદ	૧,૦૦,૦૦૦/-
૭.	સુરેશ અંબાલાલ શાહ	મુંબઈ	૧,૦૦,૦૦૦/-
૮.	શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ	અમદાવાદ	૧,૦૦,૦૦૦/-
૯.	શેઠ દલપતભાઈ મગનભાઈ શારદાભુવન જૈન પાઠશાળા ટ્રસ્ટ	અમદાવાદ	૧,૦૦,૦૦૦/-

પૂ. શ્રી મોરારિબાપુની પ્રેરણાથી મળેલ દાન

ક્રમ	નામ	ગામ	રકમ
૧.	જે. એલ. મોરીસન ઇન્ડિયા	–	૫,૦૦,૦૦૦/-
૨.	સાહિત્યના વિવિધ કાર્યક્રમ માટે	ચિત્રકૂટધામ, તલગાજરડા	૫૦,૦૦૦/-

પરબ અપીલ પેટે મળેલ દાન

ક્રમ	નામ	ગામ	રકમ
૧.	દિલીપસિંહ દેવીસિંહ ચૌહાણ (લાલુભા)	અમદાવાદ	૨૫,૧૨૫/-
૨.	સુરેશ શાંતિલાલ કોઠારી	યુ.એસ.એ.	૧૫,૦૦૦/-
૩.	ડૉ. ચત્રભુજ બી. રાજપરા	જૂનાગઢ	૫,૫૦૦/-
૪.	શ્રી પ્રવિણ ગઢવી	ગાંધીનગર	૫,૦૦૦/-
૫.	શ્રી સંતોષ બાલકૃષ્ણ કરોડે	અમદાવાદ	૫,૦૦૦/-
૬.	રમેશ બી. મહેતા	જૂનાગઢ	૫,૦૦૦/-
૭.	સંજય ઉપાધ્યાય	રાજકોટ	૫,૦૦૦/-
૮.	શ્રી કમલેશ છગનભાઈ પટેલ	ઉધના	૨,૦૦૧/-
૯.	અજિત પારેખ	વલસાડ	૧,૦૦૧/-
૧૦.	નવિનચંદ્ર ધામેચા	નવસારી	૧,૦૦૦/-
૧૧.	જશુબહેન બુદ્ધિધન ત્રિવેદી	અમદાવાદ	૫૦૦/-

- શ્રી મોહનલાલ દવે ‘જીવનપ્રકાશ’
  ગ્રંથાવલોકન / સમીક્ષા વર્ષ ૨૦૨૪, માટે પારિતોષકના
  હ. : શ્રી ભૂપેન્દ્રભાઈ દવે — સુરેન્દ્રનગર — ૧૫,૦૦૦/-

■

શ્રી હરિ

માર્યો કંસ, સમસ્ત રાજ્યકુલથી સંમાન લઈ રાત્રિના
જોઈ ચન્દ્ર સ્વભાવની ઊલટમાં ઓષ્ટે ધરી વેણુ ત્યાં
એકાન્તે સ્વરમુગ્ધ દૂર વનમાં પ્રાણાર્પણે ઝૂરતી
સંભારી વ્રજનાર વેણુ તજીને થંભી ગયા શ્રી હરિ. ૧૯૬૨

અન્તર્ધાન થતાં વને રજનિના બેબાકળી શોધતી
સૂંઘીને તુલસી-સુવાસ સહસા, 'છે શ્યામ નક્કી' ગણી
ગોપી જ્યાં ગ્રહવા પદાબ્જ રડતી પ્રેમાસ્પદાર્થે ઢળી,
દેખી દૈન્ય કરાવલંબન થયા પ્રત્યક્ષ ત્યાં શ્રી હરિ. ૨૯.૪.૫૮

એકાન્તે વગડે વિનોદ કરતી એકાકિલી શ્યામના
ખોળે શીશ ધરી અચાનક સુખે ઊંઘી ગઈ ગોપિકા.
વીતી રાત, છતાં સૂવા દઈ સુખે અંધારમાં ઊજળી
શ્રદ્ધા-ભક્તિતણી અમી-ઝલકને પીતા રહ્યા શ્રી હરિ. ૧.૪.૧૯૬૯

આવ્યા આંગણ સંમુખે, પણ હતું એવું લીધું રુસણું,
કે ખોલ્યાં નયનો નહીં, અવગણી મેં મોં મચોડી લીધું,
તોયે ઊંઘ વિષે મળી સ્વપનમાં એવી મને રીઝવી (કે)
એકાન્તે વિરહાર્તિમાં સખિરિ ! મેં ભેટી લીધા શ્રી હરિ. ૪.૨.૧૯૭૧

નવરાત્રની બેનડી
જોતી ખેતર-ઝીંઝવાં પર ચડી ઘોડે મને આવતો,
સંગે ઘૂઘરવેલ, આણું વળતી અંકે ધરી બેટડો (એ)
ગોરી ને ગરબે અધીર રમવા ખેંચી જતી ભોળુડી
મારી એ નવરાત્રિની હસમુખી ક્યાં રે ગઈ બેનડી ! ૧૯૬૦

કાવ્યસંગ્રહ "ભદ્રા" ૧૯૮૦
મુખ્ય વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

– મુકુન્દરાય વિ. પારાશર્ય
૧૩-૨-૧૯૧૪ - ૧૯-૫-૧૯૮૫

સંવાહક : પીયૂષ મુકુન્દરાય પારાશર્ય
મો. ૯૮૨૫૧૮૭૦૦૭

હરિને ભજે

હરિને ભજે તે રમતાં ભજે
એ કંઈ કરે ના આયાસ
નડે જો સંસારના બંધ તો
એની વધે ઊલટ પ્યાસ
હરિને ભજે તે રમતાં ભજે.

શૂરવીરતા સિંહ ના કેળવે,
એ તો જનમ-સ્વભાવ.
અનાયાસે તજે સહુ, છે જેમને
હરિને ભજવાનો ભાવ
હરિને ભજે તે રમતાં ભજે.

ગતિ છે જળની સાગર પેર, એ
છાંડે તરુ-છાયાં વંન -
રાતે અંધારે વગડે જઈ ચડે
જેનું માધવમાં મન.
હરિને ભજે તે રમતાં ભજે.

તજ્યાના હું પદવાળા ના તજે,
એ તો બને આપોઆપ.
અજવાળાંના એવા સંગીન
કયમ દે અંધારાં થાપ!
હરિને ભજે તે રમતાં ભજે.

એના એ તંબૂરના તારની
ખૂંટી અનન્તે ખેંચાય
બેઠેલો સંસારના ચોકમાં
પદ એ મુકુન્દનાં ગાય.
હરિને ભજે તે રમતાં ભજે.

"યાદગાર કવિતા ૧૯૭૦" સંપાદક : મહેન્દ્ર મેઘાણી

- મુકુન્દરાય વિ. પારાશર્ય

સંવાહક : પીયૂષ મુકુન્દરાય પારાશર્ય
મો. ૯૮૨૫૧૮૭૦૦૭

દીપોત્સવ અને નૂતનવર્ષની શુભેચ્છાઓ

સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં જીવનપ્રેરક પુસ્તકો

શબ્દના સાથિયા, અક્ષરના અક્ષત	સંપા. ડૉ. ચન્દ્રકાન્ત જોષી	650
વિચારોનાં પ્રતિબિંબ	જય ઓઝા	180
વિચારથી વિસ્મય સુધી	જય ઓઝા	150
હમ હોંગે કામયાબ	પ્રફુલ્લ કાનાબાર	140
પિતા આત્મવિશ્વાસનો એવરેસ્ટ	ડૉ. આશિષ ચોક્સી	100
ચાલો, આપણે ભારતીય બનીએ	મદનમોહન વૈષ્ણવ	40
ઈતિહાસના અજ્ઞાત ચહેરા મણકો 2	નરેશ અંતાણી	180
માતા મહાતીર્થ	રમણલાલ સોની	270
જીવનમંગલ	ફાધર વાલેસ	300
કુટુંબમંગલ	ફાધર વાલેસ	300
વાણી તેવું વર્તન	ફાધર વાલેસ	600
વયસ્કતાનો વૈભવ	મનસુખ સલ્લા	220
જીવતર નામે અજવાળું	મનસુખ સલ્લા	220
સાચા સુખની સંજીવની	ચૈતન્ય સંઘાણી	160
આપણું ખોવાયેલું સુખ	ચૈતન્ય સંઘાણી	180
અન્વેષણ	પરેશ કે. ભટ્ટ	250
ધબકાર	મિતેષ આહીર	130
જીવન પથદર્શન	ડૉ. આશિષ ચોક્સિ	520
સુખોપનિષદ	ડૉ. સુધીર વી. શાહ	200
વેદકથાઓ-1 : ઋગ્વેદ નીતિકથાઓ	આચાર્ય વિષ્ણુદેવ પંડિત	225
વેદકથાઓ-2 : અર્થવવેદની સમાજકથાઓ	આચાર્ય વિષ્ણુદેવ પંડિત	300
વેદકથાઓ-3 : યજુર્વેદ-સામવેદ	આચાર્ય વિષ્ણુદેવ પંડિત	200
રામાયણ ક્વિઝ	પ્રફુલ્લ કાનાબાર	120
નગરકાવ્યો	સંપા. દિનેશ દેસાઈ, જયશ્રી ભટ્ટ દેસાઈ	650
તાઓની કવિતા	માધવ રામાનુજ	190
પ્રેમપદારથ (ગઝલસંગ્રહ)	કિશોર જિકાદરા	180

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015

ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com, website : gspbooksmall.com

રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

પ્રેરણાત્મક નિબંધો

સુધીર દેસાઈ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મબલખ સુગંધ	૧૨૦.૦૦
મબલખ કિનારે	૯૫.૦૦
મબલખ વૈભવ	૯૦.૦૦
મબલખ ખજાનો	૯૦.૦૦
મબલખની સાથે સાથે	૧૦૦.૦૦
મબલખ આનંદ	૮૫.૦૦

મધૂસુદન બ્રહ્મભટ્ટ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સફળ કારકિર્દી માઇન્ડ સેટ દ્વારા (પ્રેરણાત્મક લેખો)	૧૦૦.૦૦
કર લો દુનિયા મુઠ્ઠી મેં (પ્રેરણાત્મક લેખો)	૧૩૫.૦૦

ડૉ.બી.એચ.સોમૈયા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મનોકંપનો	૯૦.૦૦
પ્રેરક વિશિષ્ટ વ્યક્તિચિત્રો	૧૦૫.૦૦
માનવ મન	૫૫.૦૦
મનની અનંત શક્તિઓ	૨૫.૦૦
મેમરી પાવર	૬૦.૦૦
સફળતાનું મનોવિજ્ઞાન	૧૪૦.૦૦
જીવનવિજ્ઞાન	૯૫.૦૦
માઇન્ડ પાવર	૧૧૦.૦૦
માઇટ માઇન્ડ	૮૦.૦૦
સાંપ્રત શિક્ષણ ચિંતન	૯૫.૦૦

દિનેશ દેસાઈ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
જિંદગી ઝિંદાબાદ	૧૮૦.૦૦
કારકિર્દીના પથદર્શકો	૧૮૦.૦૦

અન્ય લેખકોના પ્રેરણાત્મક નિબંધો

પુસ્તકનું નામ	લેખકનું નામ	કિંમત રૂ.
સંભવામિ (I can...)	અશોક શર્મા	૨૪૦.૦૦
કથાબોધ (બોધકથાઓ)	રાધેશ્યામ શર્મા	૨૪૫.૦૦
આચમન (સુવિચારો)	પ્રજ્ઞા ઘનશ્યામ દેસાઈ	૧૬૫.૦૦
લાગણીના ગુલમહોર	વિરેન્દ્ર રાવલ	૧૩૫.૦૦
પરબ (પ્રેરણાત્મક લેખો)	ચંદ્રકાન્ત જોષી 'પ્રસૂન'	૫૦.૦૦
હેતુલક્ષી જીવન (પ્રેરણાત્મક લેખો)	ફાધર વર્ગીસ પૉલ	૮૫.૦૦
પ્રકૃતિપર્વ (પ્રેરણાત્મક નિબંધો)	ભગીરથ બ્રહ્મભટ્ટ	૭૦.૦૦
નવા ફણગા (પ્રેરક લઘુવાર્તાઓ)	સાંકળચંદ પટેલ	૫૫.૦૦
કેસૂડો (પ્રેરક લઘુ લેખો)	અનિલ ભટ્ટ	૬૦.૦૦
હું વિવેકાનંદ બોલું છું (સુવિચારો)	સંપા.:ડૉ. જગદીશ ભાવસાર	૧૬૫.૦૦
Reiki : The Healing Method	Hiren Patel/Mohini Khatri	૧૫૦.૦૦
સંઘર્ષ અને સિદ્ધિ (પ્રેરક લેખો)	ભાવેશ ચાંદેગરા	૮૦.૦૦

નિબંધસંગ્રહો

પ્રવીણ દરજી

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મોતીગૂંથ્યું ઝાકળ (લલિત નિબંધ)	૧૭૫.૦૦
ચંદ્રનો ધરાસ્પર્શ	૧૬૦.૦૦
બિચ બિચ બારી (લલિત નિબંધ)	૧૪૫.૦૦
હજી યાદ છે (લલિતનિબંધ)	૧૪૦.૦૦
અથ કિમ્ (લલિતનિબંધ)	૧૬૦.૦૦
નીરવ ઉત્સવ (લલિતનિબંધ)	૯૫.૦૦
બટકબોલા બુધાલાલ (હાસ્યનિબંધ)	૧૦૦.૦૦
નિબંધબોધ (લલિતનિબંધ)	૧૧૫.૦૦
બહુસ્યામ્	૭૫.૦૦
કા કથા (લલિતનિબંધ)	૮૫.૦૦

ગ્રંથવિહાર

કેટલાંક નોંધપાત્ર પ્રકાશનો

- **વામનરાવ નાઈટ્સ**, રમેશ ર. દવે, 2024 ₹ 240
- **ભૂમિસુક્ત**, હિમાંશી શેલત, 2024 ₹ 225
- **કોતરમાં રાત**, હિમાંશી શેલત, 2024 ₹ 125
- **રાજેશ્વરી**, શિરીષ પંચાલ, 2024 ₹ 525
- **તમસલોકનો યાત્રી**, સં. શિરીષ પંચાલ, 2024 ₹ 325
- **પીડ પરાઈ**, યજ્ઞેશ દવે, 2024 ₹ 350
- **છબિ, અંતરમનના કવિની**,
  સંકલન, સંપાદન અને અનુસર્જન : શૈલેષ પારેખ, 2024 ₹ 200
- **યાત્રાપથે**, દક્ષા વ્યાસ, 2024 ₹ 175
- **જે. કૃષ્ણમૂર્તિના તેમની શાળાઓને પત્રો**,
  અનુ. બાલકૃષ્ણ વૈદ્ય, તૃપ્તિ નીસર, 2024 ₹ 350
- **વયસ્કતાનો વૈભવ**, મનસુખ સલ્લા, 2024 ₹ 220
- **બળવંત નાયકનું પ્રતિનિધિરૂપ સાહિત્ય**, સં. વલ્લભ નાંઢા, 2024 ₹ 500
- **કરસનદાસ મૂળજી : જીવન-નોંધ**, મકરંદ મહેતા-અચ્યુત યાજ્ઞિક, 2024 ₹ 60
- **સંગચ્છધ્વમ્**, સિતાંશુ યશશ્ચન્દ્ર, 2023 ₹ 450
- **સમકાલીન ભારતીય કવિતા**, સિતાંશુ યશશ્ચન્દ્ર, 2023 ₹ 350
- **કરુણપ્રશસ્તિ**, સં. પ્રફુલ્લ રાવલ, 2023 ₹ 150
- **ગાંધીવારસાનાં નારીરત્નો**, મોસમ ત્રિવેદી, સં. કેતન રૂપેરા, 2023 ₹ 425
- **મધ્યકાલીન કવિઓ**, રાજેશ પંડ્યા, 2020 ₹ 240

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, ‘ટાઇમ્સ’ની પાછળ,
નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

એકત્રનો ગ્રંથ ગુલાલ

એકત્ર ફાઉન્ડેશનની વેબસાઇટ પર આપ ગુજરાતી ભાષાના ઉત્તમ પુસ્તકો અને સામયિકો વિનામૂલ્યે વાંચી શકો છો.

સામયિકોની યાદી:

સુરેશ જોષી દ્વારા સંપાદિત સામયિકો: **ફાલ્ગુની, વાણી, મનીષા, ક્ષિતિજ, સંપુટ, ઊહાપોહ, સાયુજ્ય**

રુચિ (સંપા. ચુનીલાલ મડિયા), **સંજ્ઞા** (સંપા. જ્યોતીષ જાની), **દસમો દાયકો** (સંપા. મણિલાલ હ. પટેલ), **પ્રત્યક્ષ** (સંપા. રમણ સોની), **સમીપે** (સંપા. શિરીષ પંચાલ, જયદેવ શુક્લ, બકુલ ટેલર), **ખેવના અને સન્નિધાન** (સંપા. સુમન શાહ), **ઉદ્દેશ** (સંપા. રમણલાલ જોશી), **નવામાર્ગ** (સંપા. ઈન્દુકુમાર જાની)

સામયિક-સૂચિ

એકત્ર પર વિવિધ સામયિકોની સૂચિઓ પણ ઉપલબ્ધ છે જેની મદદથી આપ જે તે લેખ તરત જ શોધીને વાંચી શકો છો. એકત્ર પર હાલમાં **વાણી, ક્ષિતિજ, મનીષા, સંજ્ઞા, દસમો દાયકો, પ્રત્યક્ષ** વગેરે સામયિકોની સૂચિઓ ઉપલબ્ધ છે. તેમજ અન્ય સામયિકોની સૂચિ તૈયાર કરાવીને મૂકવામાં આવી રહી છે.

અહીં **ગુજરાતી સામયિક લેખ સૂચિ : ૧૯૯૫–૨૦૨૦** (સંપા. રમણ સોની, કિશોર વ્યાસ) પણ ઉપલબ્ધ છે જેમાં ૧૯૯૫થી ૨૦૨૦ દરમિયાન વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલા લેખો વિશેની માહિતી આપ ત્વરિત મેળવી શકો છો.

સંપર્ક: અનંત રાઠોડ (સંયોજક): 7990080391

www.ekatrafoundation.org ઉપરથી આ સમૃદ્ધ સાહિત્યવિશ્વમાં પ્રવેશ કરી શકાશે.

GPSC / UPSC / UGC - JRF - NET, SLETની
પરીક્ષા માટે, વિવિધ યુનિ.ના અભ્યાસક્રમ માટે

ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

વિવેચન

નાટ્યનાન્દી ◆ સંદર્ભસંકેત ◆ ભારતીય નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલિકા ◆ સંજ્ઞાસંયોગ ◆ કૃતિ સમીપે, સર્જક સમીપે

સંશોધન

કળાકારનો ઇતિહાસબોધ ◆ આર્નોલ્ડનો કાવ્યવિચાર

સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા ◆ વિવેચનના વિવિધ અભિગમો ◆ ટાગોરની વાર્તાકળા ◆ મંટોની વાર્તાકળા 'વળામણાં' ◆ મારી હકીકત ◆ સત્યના પ્રયોગો ◆ તમસ ◆ ગોરા ◆ બદલાતી ક્ષિતિજ ◆ શર્વિલક ◆ ઇલિયડ ◆ મિર્ચ મસાલા ◆ મેટામોર્ફોસીસ

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

૧૦૫, નંદન કોમ્પ્લેક્સ,
મીઠાખળી ગામ, રેલવે ફાટક સામે, અમદાવાદ-૩૮૦૦૦૬

ભગવાન આ માફ નહિ કરે (નો, સર) એ શીર્ષક હેઠળ થયેલા ગુજરાતી ભાવાનુવાદ રૂપે પ્રગટ થયેલા પુસ્તકમાં શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકરનાં પ્રવચનોમાં કેવળ વિરોધીવાષી નથી; રચનાત્મક મનોદશાથી, અભ્યાસથી અને વસ્તુને યથાર્થ પરિપ્રેક્ષ્યમાં મૂકીને તપાસવાની પદ્ધતિથી રાષ્ટ્રજીવનની કેટલીય મથામણોને તેમાં વાચા મળી છે.

– રજની વ્યાસ.

✦

મોહનદાસ કરમચંદ ગાંધીએ રસ્કિનનું પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ' વાંચ્યું અને જિંદગીમાં તત્કાળ વળાંક આવ્યો તે વાક્ય કહેવા માટે કે સૂત્ર તરીકે બરાબર છે. પણ એમ એક પુસ્તક જ માનવીને તત્કાળ વળાંક આપતું નથી. માણસે ઘણા સમયથી પોતાનાં કર્મો અને પુરુષાર્થ થકી તેના આવા વળાંક માટે પોતાની જાતને ખબર વગર તૈયાર કરી હોય છે. પુસ્તક કે સંયોગ તો માત્ર નિમિત્ત બને છે. પુસ્તકો તો ઘણા વાંચે છે. પણ પછી એવા ને એવા ડઠ્ઠર રહે છે. વળી માનવીના જીવનને વળાંક આપવામાં સંયોગો પણ કામ કરે છે. **– કાન્તિ ભટ્ટ**

✦

અમેરિકામા કાળા-ગોરાનો ભેદ ઘણાં લખાણોમાં અભિવ્યક્ત થયો. અમેરિકાની લેખિકા હેરિયર અલિઝાબે બિયર સ્ટોવે (૧૮૧૧-૧૮૯૬), ૧૮૫૨ માં 'અંકલ ટોમ્સ કેબિન' પ્રકાશિત કર્યું તે સાથે અમેરિકામાં ગુલામી અને રંગભેદની સામે ગૃહયુદ્ધની ભૂમિકા રચાઈ. **– રોહિત શુકલ**

✦

જેમણે જ્યોતિર્મય દત્તની વાર્તા 'બુદ્ધનું નિર્વાણ' વાંચી છે તે સૌ જાણે છે કે પ્રેમથી ચડિયાતું બીજું કોઈ તત્ત્વ આ દુનિયામાં છે જ નહિ. મોક્ષ પણ નહિ.

– શરીફા વીજળીવાળા

✦

સ્થાન સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

એસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

ઓમ કૉમ્યુનિકેશન

રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયોગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮૦G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઇન્કમટેક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ, **- મનીષ પાઠક**

અપેક્ષા સહ, (મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

બૅન્કની વિગત :

Name	: OM COMMUNICATION
Bank Name	: Punjab National Bank
Branch	: Sola Road.
A/c. No.	: ૩૯૩૭૦૦૦૧૦૦૦૮૩૯૪૭ RTGS/NEFT
IFS Code	: PUNBO૩૯૩૭૦૦
Address	: ૧૩, Narottam Park, b/h Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-૩૮૦૦૬૧ Mo. : ૯૮૨૫૦૪૬૬૮૪

સંવેદનશીલતાથી ધબકતાં રહીએ

વર્તમાન યુગને યંત્રવાદનો યુગ કહેવાય છે. યંત્રવાદના ફાયદા હોય જ. એ ફાયદાની યાદી કરીએ તો, એનાથી પણ મોટી એના ગેરફાયદાની છે. યંત્રથી આપણે ખૂબ ટેવાયેલા છીએ. ફોન, કમ્પ્યૂટર, ટી.વી. વગેરે સાધનો આપણા જીવનનું અંગ બની ગયાં છે. આ બધાં સાથે પનારો પડે એટલે તેની જડતાનો ચેપ આપણને લાગે જ લાગે!

યંત્રોની સોબતથી હૃદયની સંવેદનશીલતા હણાતી જાય છે. હૃદય સંવેદનશીલ હોય છે. બુદ્ધિ વિચારશીલ હોય છે. કોઈ કામ રોજ એકસરખી રીતે કરાતું રહે તો પણ સંવેદનશીલતામાં ઓટ આવે છે.

મોટર, સ્કૂટર, રિક્ષા, ટ્રેક્ટર જેવાં યાંત્રિક સાધનોને બદલે, માણસ જ્યાં સુધી બળદ-ગાડાં, ઘોડા, હળ વગેરે સાથે જીવતો હતો ત્યારે એ સજીવ સૃષ્ટિની અસર સાથે તેનાં સુખ-દુઃખનો વિચાર રહેતો. આવી સંવેદના માણસના જીવનના ભાગરૂપ હતી. એથી પોતાનું જીવન પણ જીવંત રહેતું. સહજ રીતે વિચારનો વિસ્તાર સધાતો હતો.

સંવેદનશીલતા તો, આપણી જીવનમૂડી છે. એ કોઈ પણ ભોગે જાળવાવી જોઈએ. અને તેનાથી જ વિવિધ લલિતકળાઓ – સાહિત્ય-સંગીત-સ્થાપત્ય-શિલ્પ-ચિત્રકળા વગેરેને માણવા અને અનુભવવાની દૃષ્ટિનો વિકાસ થાય છે. એના ફળ રૂપે સ્વયંની દૃષ્ટિમાં સૂક્ષ્મતા આવે છે.

બીજાનાં દુઃખ જોઈ દિલ દ્રવે તે સંવેદના કહેવાય. આ સંવેદનાને ગુમાવવાની અણી પર આપણે આવી ઊભા છીએ. હૃદયને આવી સંવેદનાઓથી છલોછલ ઊભરાવવા માટે આપણે પ્રકૃતિની નજીક રહીએ. પશુ-પક્ષી-વૃક્ષ-વેલી-સૂર્ય-ચંદ્ર-તારા-બાળકોની સૃષ્ટિમાં વધુ વિહરીએ, તેમાં મન પરોવીને રસ લઈએ તો, આપણું હૃદય સંવેદનશીલતાથી ધબકતું રહેશે.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર

અમદાવાદ

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે

આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતા જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની – સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.

આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે. ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે. આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તો પણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો. ધ્યેયપ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છે; ઓળંગી જવાનું બળ આપે છે.

માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી, અવિરામપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વશરત છે.

ગામ જવા નીકળ્યા; પણ થોડું ચાલીને જો બીજી દિશાના ગામે જવા વિચાર્યું, એટલે વિઘ્ન શરૂ! તેથી ધ્યેયની સ્પષ્ટતાની જેમ નિશ્ચલતા પણ, તેટલી જ જરૂરી છે; તેમાં ચંચળતા ન ચાલે. નિર્ણય લેતાં પહેલાં 'આ કે તે' વિકલ્પ ભલે શોધ્યા કરીએ – એ ચાલે; પણ પછી નહીં.

તે નિર્ણય પછી તબક્કો ગતિનો આવે છે. ગતિ જ પ્રગતિનું રૂપ લે છે અને ધાર્યાં ગામ અને ઠામ પહોંચાય છે.

માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું, પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે – જરૂર પહોંચાય છે.

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

અમૃતવર્ષા

M.B. Prints

Traditionally Printed Cotton Sarees

નિમેષભાઈ ડગલી

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન: ૩૨૯૦૬૬૫૫

ગુજરાતી સાહિત્યકોશ

ખંડ ૩

સાહિત્યિક પ્રકીર્ણ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૮૧૨. કિંમત રૂ. ૧૧૦૦-૦૦

કોશના આ ખંડ-૩માં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્ભવ અને વિકાસનો ઇતિહાસ, ગુજરાતી સાહિત્યપ્રકારો અને તેની ઉત્ક્રાંતિ, સાહિત્યશાસ્ત્રનાં વિભાવનાત્મક પાસાં, સાહિત્યિકવાદો, સાંસ્કૃતિક સંદર્ભો, આધારગ્રંથો, સાહિત્યિક પારિતોષિકો, સાહિત્યિક સામયિકો વગેરે ગુજરાતી ભાષાસાહિત્યના વિકાસવિસ્તારમાં ફાળો આપનારાં મહત્ત્વનાં પરિબળો વિશે અધિકરણ આપવામાં આવ્યાં છે.

આ ખંડની બીજી આવૃત્તિમાં કેટલાક નવા વિભાવો વિશે અધિકરણ ઉમેરીને કોશને સંવર્ધિત કરવામાં આવ્યો છે.

કોશ જોવામાં સહાયક એવો અધિકરણનો શબ્દાનુક્રમ પૃષ્ઠનિર્દેશ સાથે આરંભમાં જ જોડ્યો છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિષયના રસિક સંશોધકો તથા તજ્જ્ઞોને સંશોધન કરવા માટે આ સહાયક આધારગ્રંથ છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

PARAB 2024 October
Regd. under Postal Registration No.
RNI No. GUJGUJ/2006/17273
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd
Date of Publication 10th Posted on Every Month
ISSN : 0250-9747
₹ 20

Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**